દૈનિક સૌરાષ્ટ્ર આવૃત્તિ

# મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. GUJ GUJ/2013/58486 *

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 64 ■ વિક્રમ સંવત ૨૦૮૨

ફાલ્ગુન વદ - ૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 18 March 2026, Wednesday ■ REGD.No. MCS/058/2018-20

બુધવાર, ૧૮ માર્ચ ૨૦૨૬, (૧૩ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦



ઈન્ટરવલ પૂર્તિ ૯ ૧૦ ૧૧



LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ટ્રમ્પને ઝટકો: યુદ્ધના વિરોધમાં ટોચના અધિકારીનું રાજીનામું

**નેશનલ કાઉન્ટર ટેરરિઝમ સેન્ટરના ડિરેક્ટર જો કેન્ટે કહ્યું કે, ઈરાન તરફથી ખતરો ન હોવા છતાં ઈઝરાયલના દબાણ હેઠળ જંગ છેડાઈ**



વોશિંગ્ટન: અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના સહયોગી અને નેશનલ કાઉન્ટર ટેરરિઝમ સેન્ટરના ડિરેક્ટર જો કેન્ટે મંગળવારે અમેરિકા-ઈરાન યુદ્ધને મુદ્દે રાજીનામું આપ્યું હતું અને જણાવ્યું હતું કે તહેરાન તરફથી અમેરિકાને તત્કાળ કોઈ ખતરો ન હોવા છતાં ઇઝરાયલના દબાણ હેઠળ યુદ્ધ શરૂ કરાયું.

નેશનલ કાઉન્ટર ટેરરિઝમ સેન્ટરના ડિરેક્ટર તરીકે સેવા આપનાર કેન્ટે 'એક્સ' પર એક પોસ્ટમાં પોતાના નિર્ણયની જાહેરાત કરતા કહ્યું કે, ''ઘણા વિચાર-વિમર્શ પછી, મેં આજથી મારા પદ પરથી રાજીનામું આપવાનો નિર્ણય કર્યો છે.''

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, હું ઈરાનમાં ચાલી રહેલા યુદ્ધને શુદ્ધ અંતઃકરણથી સમર્થન આપી શકું તેમ નથી. ઈરાન આપણા રાષ્ટ્ર માટે કોઈ તાત્કાલિક ખતરો નહોતું, અને તે સ્પષ્ટ છે કે આપણે ઈઝરાયલ અને તેની શક્તિશાળી અમેરિકન લોબીના દબાણને કારણે આ યુદ્ધ શરૂ કર્યું છે.

ટ્રમ્પને સંબોધીને લખેલા એક કડક સંદેશમાં કેન્ટે કહ્યું કે તેઓ પ્રમુખના અગાઉના વિદેશ નીતિના અભિગમને સમર્થન આપવાનું ચાલુ રાખશે.

તેમણે કહ્યું કે, હું તે મૂલ્યો અને વિદેશ નીતિઓને સમર્થન આપું છું જેનો તમે ૨૦૧૬, ૨૦૨૦ અને ૨૦૨૪માં પ્રચાર કર્યો હતો અને જેનો તમે તમારા પ્રથમ કાર્યકાળમાં અમલ કર્યો હતો. જૂન ૨૦૨૫ સુધી તમે સમજતા હતા કે મધ્ય-પૂર્વમાં યુદ્ધો એક છટકું છે જેણે અમેરિકાના દેશભક્તોના કિંમતી જીવ છીનવી લીધા છે અને આપણા રાષ્ટ્રની સંપત્તિ અને સમૃદ્ધિનો નાશ કર્યો છે. તમારા પ્રથમ વહીવટમાં તમે કોઈપણ આધુનિક રાષ્ટ્રપતિ કરતા વધુ સારી રીતે સમજતા હતા કે ક્યારેય ન સમાપ્ત થનારા યુદ્ધોમાં ફસાયા વિના સૈન્ય શક્તિનો નિર્ણાયક ઉપયોગ કેવી રીતે કરવો. તમે કાસમ સુલેમાનીને મારીને અને આઈસિસને હરાવીને આ સાબિત કરી દીધું હતું. કેન્ટે આક્ષેપ કર્યો હતો કે વર્તમાન સંઘર્ષ આંશિક રીતે બહારના દબાણ અને સંકલિત ખોટી માહિતીના અભિયાન દ્વારા પ્રેરિત હતો. તેમણે દાવો કર્યો હતો કે વહીવટીતંત્રની શરૂઆતમાં, વરિષ્ઠ ઇઝરાયલી અધિકારીઓ અને અમેરિકન મીડિયાના પ્રભાવશાળી સભ્યોએ એક ગેરમાર્ગે દોરનારું અભિયાન ચલાવ્યું હતું જેણે તમારા 'અમેરિકા ફર્સ્ટ' પ્લેટફોર્મને સંપૂર્ણપણે નબળું પાડ્યું હતું અને ઈરાન સાથે યુદ્ધને પ્રોત્સાહિત કરવા માટે યુદ્ધ તરફી ભાવનાઓ પેદા


(જુઓ પાનું ૨) ▸▸


## ગુજરાત યુસીસી પેનલે ફાઈનલ રિપોર્ટ સીએમને સોંપ્યો: પચીસમીએ વિધાનસભામાં રજૂ કરાશે?

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકારે નિમેલી ઉચ્ચ-સ્તરીય સમિતિએ યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) લાગુ કરવા અંગેનો સવિસ્તાર અહેવાલ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને ગાંધીનગર ખાતે સુપરત કર્યો હતો. ત્યારબાદ યુસીસી વિધેયક ગૃહમાં લાવવા અંગે કામકાજ સલાહકાર સમિતિની બેઠક યોજવામાં આવી હતી, જેમાં ૨૫ માર્ચે ગૃહમાં રજૂ કરવામાં આવશે, તેવો નિર્ણય લેવાયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતા હેઠળની સમિતિ દ્વારા ઊંડો અભ્યાસ, રાજ્યભરના વિવિધ જિલ્લાઓની મુલાકાતો, લોકોના મંતવ્યો અને નાગરિકો સાથે ચર્ચા પછી આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો. આ અહેવાલ હવે ઔપચારિક રીતે રાજ્ય સરકારને સુપરત કરવામાં આવ્યો હતો.

જસ્ટિસ દેસાઈના નેતૃત્વ હેઠળની સમિતિમાં નિવૃત્ત વરિષ્ઠ આઈએએસ અધિકારી સી.એલ. મીણા, વરિષ્ઠ વકીલ આર.સી. કોડેકર, ભૂતપૂર્વ કુલપતિ ડો. દક્ષેશ ઠાકર અને સામાજિક કાર્યકર ગીતા શ્રોફનો સમાવેશ થાય છે.

આ અંગે મુખ્ય પ્રધાનના એક્સ હેન્ડલ પર પોસ્ટ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા (યુસીસી) ના અમલીકરણ માટે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં રચાયેલી ઉચ્ચસ્તરીય સમિતિએ પોતાનો વિસ્તૃત અને આખરી અહેવાલ રાજ્ય સરકારને સોંપ્યો. આ અહેવાલ ઝીણવટભર્યા


(જુઓ પાનું ૨) ▸▸


## લોકસભામાંથી વિરોધ પક્ષોના આઠ સાંસદોનું સસ્પેન્શન રદ

નવી દિલ્હી: બજેટ સત્ર દરમિયાન લોકસભામાંથી સસ્પેન્ડ કરાયેલા આઠ વિપક્ષી સાંસદોનું સસ્પેન્શન રદ કરવામાં આવ્યું છે. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ મંગળવારે તેમનું સસ્પેન્શન રદ કરી દીધું છે ત્યારબાદ તેઓ ગૃહની કામગીરીમાં ફરી ભાગ લઈ શકશે.

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજૂએ લોકસભામાં ઠરાવ રજૂ કર્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ઠરાવ પસાર થયા પછી કોંગ્રેસના ચીફ વ્હીપ કે. સુરેશે કેટલાક સભ્યો


(જુઓ પાનું ૨) ▸▸


## શાંતિનો પ્રસ્તાવ ખામનેઈએ ફગાવ્યો

**અમેરિકા-ઈઝરાયલ સામે વેર વાળવાનો સંકલ્પ: બે મોટા ઈરાની અધિકારી અલી લાજરાની અને સુલેમાનને હણ્યાનો ઈઝરાયલનો દાવો: જોકે તહેરાને દાવાને ખોટો ગણાવ્યો**

તહેરાન: ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતોલ્લાહ મોજતબા ખામનેઈએ અમેરિકા સાથે તણાવ ઘટાડવા અથવા યુદ્ધવિરામના પ્રસ્તાવોને ફગાવી દીધા હતા. આ પ્રસ્તાવોને અમેરિકાએ બે મધ્યસ્થીઓ મારફતે ઈરાન પહોંચાડ્યા હતા. આ જાણકારી ઈરાનના એક વરિષ્ઠ અધિકારીએ આપી હતી. જોકે, ઈરાનના દાવા પર કોઈ અમેરિકાએ કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી. જોકે, ઘણા મીડિયા અહેવાલોમાં દાવો કરાયો છે કે અમેરિકા મધ્ય-પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષને સમાપ્ત કરવા માટે વાટાઘાટો કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.

એક વરિષ્ઠ ઈરાની અધિકારીએ કહ્યું હતું કે મોજતબાએ પોતાની પ્રથમ વિદેશ નીતિ બેઠકમાં અમેરિકા અને ઇઝરાયલ સામે બદલો લેવા અંગેની વાત કરી હતી. જોકે, અધિકારીએ સ્પષ્ટતા કરી નથી કે નેતા પોતે બેઠકમાં ભાગ લીધો હતો કે નહીં. ૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયલી હુમલા પછી મોજતબા જાહેરમાં જોવા મળ્યા નથી. તેમણે તાજેતરમાં એક લેખિત નિવેદન બહાર પાડ્યું હતું. જો કે, ઇઝરાયલનો દાવો છે કે મોજતબા ખામનેઈને હુમલામાં ગંભીર ઈજા થઈ હતી.

બીજી તરફ, ઈઝરાયલના સોમવાર રાતના


(જુઓ પાનું ૨) ▸▸


## અમને પૂછ્યા વિના યુદ્ધ શરૂ કર્યું ને હવે મદદ માગો છો: જર્મનીનો ટ્રમ્પને જવાબ

બર્લિન: ઇરાન સાથે છેડાયેલા યુદ્ધ બાદ સમુદ્રમાર્ગે થતાં આંતરરાષ્ટ્રીય વેપારને મોટા પાયે અસર પહોંચી છે. ખાસ કરીને ઈરાન દ્વારા હોર્મુઝની સ્ટ્રેઇટમાંથી જહાજો પસાર નહિ થવા દેવાની કાર્યવાહીથી વિશ્વ વ્યાપારમાં મોટો ફટકો પડી રહ્યો છે. ત્યારે હવે આ મામલે ડોનાલ્ડ ટ્રમ્પ અન્ય દેશોનો સંઘ બનાવવા મથી રહ્યા છે, પરતું અમેરિકાને હજુ સુધી એકપણ દેશનો ટેકો મળ્યો નથી. જર્મનીએ તો આ મામલે ટ્રમ્પને રોકડું પરખાવતા કહી દીધું કે અમને પૂછીને તમે યુદ્ધ નહોતું શરૂ કર્યું.

જર્મની સરકારે હોર્મુઝની સ્ટ્રેઇટને સુરક્ષિત કરવામાં મદદ કરવાની અમેરિકી પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની માગને સ્પષ્ટપણે ફગાવી દીધી છે. જર્મનીએ જાહેર કર્યું છે કે આ યુદ્ધ સાથે નાટો ગઠબંધનને કોઈ લેવાદેવા નથી અને તે આ જંગનો હિસ્સો બનશે નહીં. જર્મન ચાન્સેલર ફ્રેડરિક મર્ઝના પ્રવક્તા સ્ટેફન કોર્નેલિયસે


(જુઓ પાનું ૨) ▸▸




## ભૂલકાંઓના જીવ બચ્યા

દેશની રાજધાની નવી દિલ્હીના રૂપનગરમાં લોખંડનો ૬૦ ફૂટનો પુલ તૂટી પડતાં એક મહિલાનું મરણ થયું હતું. સદભાગ્યે પુલ તૂટ્યો એ પહેલાં સેંકડો વિદ્યાર્થીઓએ આ પુલ ઓળંગ્યો હતો. પુલ સવારના સાડાનવ વાગ્યે તૂટ્યો હતો. ચાર સરકારી શાળાઓમાં જવા માટે આ પુલનો એકમાત્ર આશારો હતો. પોલીસે કહ્યું હતું કે પુલ બેરિકેડ્સ લગાડીને લોકોની અવરજવર માટે બંધ કર્યો હતો. સ્થાનિક લોકોએ માહિતી આપી હતી કે એક વૃદ્ધા પુલની એક બાજુ નિયમિત રીતે બેસતી હતી અને તેનું મરણ થયું હતું.

## એલપીજી સિલિન્ડર બુકિંગ માટે ઇ-કેવાયસી ફરજિયાત

નવી દિલ્હી: અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધના લીધે દેશમાં એલપીજીની સપ્લાય ચેનને અસર થઇ છે. આના પગલે કેન્દ્ર સરકારે એલપીજીની વધતી માગ અને સપ્લાય સિસ્ટમને સુધારવાના અનેક પગલાંઓ લીધા છે. આમાં સરકારે તત્કાલ અસરથી અનેક નિયમોમાં બદલાવ કર્યો છે. જેમાં હવે ઘરેલુ એલપીજી ગ્રાહકો માટે આધાર કાર્ડથી ઇ-કેવાયસી ફરજિયાત કરવામાં આવ્યું છે. તેમજ જ્યાં સુધી ઇ-કેવાયસી પૂર્ણ નહીં થાય ત્યાં સુધી સિલિન્ડર બુકિંગ અને સબસીડી બંનેને અસર થઇ શકે છે.

કેન્દ્ર સરકારે ઇ-કેવાયસી ફરજિયાત લાગુ કરવા અંગે અનેક કારણો આપ્યા છે. આમાં ગેરકાયદે ગેસ કનેક્શન શોધી શકાશે. તેમજ કાળા બજાર અને સ્ટોક પર રોક લગાવી શકાશે. તેમજ પાત્રતા ધરાવતા લાભાર્થીઓ સુધી સબસીડી પહોંચાડી શકાય. તેમજ એવી ફરિયાદ પણ મળી છે અમુક લોકો એકથી વધારે કનેકશન લઇને સબસીડી ખોટો ફાયદો ઉઠાવે છે. તેથી આધાર ઇ-કેવાયસીથી આ મામલા પર રોક લગાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

એલપીજી ઇ-કેવાયસી એક ડિજિટલ પ્રક્રિયા છે. જેમાં ગેસ કનેક્શન ધારક આધાર દ્વારા પોતાની ઓળખ ચકાસે છે. તેમાં આધાર નંબર સાથે બાયોમેટ્રિક અથવા ફેસ ઓથેન્ટિકેશનનો સમાવેશ થાય છે. ■

## ૨૨૬ બેઠક જીતશે ટીએમસી: મમતા

**બંગાળનાં સીએમે નંદીગ્રામની બેઠક છોડી, હવે ભવાનીપુરમાં સુવેન્દુ અધિકારી સાથે ટક્કર: ૨૯૧ ઉમેદવાર જાહેર કર્યા**

કોલકાતા: પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓનો ધમધમાટ શરૂ થઈ ચૂક્યો છે. કુલ ૨૯૧ બેઠકો પર તૃણમૂલ કોંગ્રેસે પોતાના ઉમેદવારોની યાદી જાહેર કરી દીધી છે. પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમત બેનરજી ભવાનીપુરમાંથી ચૂંટણી લડશે. તૃણમૂલ કોંગ્રેસના ઉમેદવારોની યોદી જાહેર કરતા દીદીએ કહ્યું હતું કે, ચૂંટણીપંચ ભારતીય જનતા પાર્ટી તરફથી સારી રમત રમી રહી છે.

મમતાએ કહ્યું હતું કે, ચૂંટણી પંચે પણ ભારતીય જનતા પાર્ટીનો પ્રચાર કરવાનું શરૂ કરી દેવું જોઈએ.


(જુઓ પાનું ૨) ▸▸


## બંગાળમાં વધુ ૧૯ વરિષ્ઠ પોલીસ અધિકારીઓની બદલી

કોલકત્તા: પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીની જાહેરાત બાદ મોટા વહીવટી ફેરબદલ કરવામાં આવ્યા છે. ચૂંટણી પંચે મંગળવારે ૧૯ વરિષ્ઠ પોલીસ અધિકારીઓની બદલીના આદેશો જાહેર કર્યા છે. બદલી કરાયેલા અધિકારીઓમાં ઉત્તર અને દક્ષિણ


(જુઓ પાનું ૨) ▸▸


## પેટરનિટી લીવ આપવા વિશે પણ વિચારો: સુપ્રીમ કોર્ટે સરકારને કહ્યું

**બાળક દત્તક લેનારી મહિલા પણ મેટરનિટી લીવની હકદાર છે એવો ચુકાદો આપ્યો**

નવી દિલ્હી: બાળક દત્તક લેનારી મહિલાઓને પણ મેટરનિટી લીવ આપવાથી ના પાડી શકાય નહીં એવો ચુકાદો આપતા સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને કહ્યું હતું કે, નવજાત શિશુના પિતાઓને પણ પેટર્નિટી લીવ આપવાની કાયદામાં જોગવાઈ કરવા વિશે વિચારણા કરવી જોઈએ.

બાળકને દત્તક લેનારી માતાને પણ સમાન માતૃત્વ લાભ મેળવવાનો અધિકાર છે, એમ અદાલતે જણાવ્યું હતું.

કોર્ટે કહ્યું કે ત્રણ મહિનાથી મોટા બાળકને દત્તક લેનારી મહિલાને મેટર્નિટી લીવ આપવાથી ઈનકાર કરી શકાય નહીં. દત્તક લીધેલું બાળક જૈવિક બાળકોથી અલગ નથી હોતું. રિપ્રોડક્ટિવ ઑટોનોમીનો અધિકાર માત્ર બાયોલોજિકલ રિપ્રોડક્શન પૂરતો જ મર્યાદિત નથી. અમે દત્તક લેનારી માતા અને જૈવિક માતા વચ્ચે પણ અંતર નથી માનતા, પરંતુ કેટલાક સવાલોનો જવાબ આપતી વખતે આ એક્ટનો હેતુ પણ જોવો જોઈએ.

કોર્ટે કહ્યું કે, ૨૦૨૦ના સોશિયલ સિક્યોરિટી કોડની કલમ ૬૦(૪)માં કહેવામાં આવ્યું હતું કે, માત્ર ત્રણ મહિનાથી નાના બાળકોને દત્તક લેવા પર જ મેટર્નિટી લીવ મળશે, જે બંધારણની કલમ ૧૪ અને ૨૧ની વિરુદ્ધમાં છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, પેટર્નિટી લીવને પણ સામાજિક સુરક્ષાનો હિસ્સો ગણવાનો કાયદો બનાવવામાં આવે તે માટે કેન્દ્ર સરકારને સૂચન કરશે. સુપ્રીમ કોર્ટે ચુકાદો સંભળાવતા કહ્યું કે, મેટર્નિટી લીવ માનવાધિકારો માટે એક મહત્ત્વની બાબત છે. જૈવિક


(જુઓ પાનું ૨) ▸▸


## કાબુલની હૉસ્પિટલ પર પાકિસ્તાનનો હવાઈ હુમલો: ૪૦૦થી વધુનાં જીવ ગયા



કાબુલ: પાકિસ્તાનને કાબુલમાંની હોસ્પિટલ પર હવાઈ હુમલો કરતા લગભગ ૪૦૦થી વધુ લોકો માર્યા ગયા હોવાના અહેવાલ છે. જો કે બીજી તરફ પાકિસ્તાને આ દાવાને ફગાવી દીધો હતો, અને કહ્યું હતું કે તેણે ફક્ત કાબુલ અને નાંગહાર પ્રાંતમાં લશ્કરી ઠેકાણાંને નિશાન બનાવ્યા હતા.

અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં આવેલી નશા મુક્તિ કેન્દ્ર તરીકે કાર્યરત 'ઓમર એડિક્શન ટ્રીટમેન્ટ હોસ્પિટલ' પર પાકિસ્તાની સૈન્ય દ્વારા કરવામાં આવેલા ભીષણ હવાઈ હુમલામાં ઓછામાં ઓછા ૪૦૦ લોકોના કરુણ મોત નિપજ્યા હોવાનો દાવો અફઘાનિસ્તાને કર્યો છે. તાલિબાન સરકારના ડેપ્યુટી પ્રવક્તા હમદુલ્લા ફિતરતે જણાવ્યું હતું કે, સોમવારે રાત્રે આશરે ૯ વાગ્યે થયેલા આ હુમલામાં ૨,૦૦૦ બેડની સુવિધા ધરાવતી હોસ્પિટલનો મોટો હિસ્સો જમીનદોસ્ત થઈ ગયો હતો.


(જુઓ પાનું ૨) ▸▸


## ચાબહાર બંદર પર હવે સંકટનાં વાદળો : સંસદીય સમિતિ

નવી દિલ્હી : વિદેશ બાબતો પરની એક સંસદીય સમિતિએ જણાવ્યું હતું કે તાજેતરના ઘટનાક્રમથી ચાબહાર બંદરનું ભવિષ્ય ધૂંધળું થઈ ગયું છે. ચાબહાર બંદર ભારત માટે એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને વ્યૂહાત્મક બંદર છે. સમિતિએ એ વાતનું સ્વાગત કર્યું કે કેન્દ્ર સરકાર આ ઘટનાક્રમના પરિણામોનો સામનો કરવા માટે તમામ સંબંધિત પક્ષો સાથે સતત સંપર્કમાં છે.

વિદેશ મંત્રાલયની વિદેશી બાબતોની સમિતિના ૧૨મા રિપોર્ટ (૨૦૨૫-૨૬) ગ્રાન્ટ્સ માટેની માગણીઓ પર (૨૦૨૬-૨૭) મંગળવારે સંસદમાં રજૂ કરવામાં આવ્યો હતો. વિદેશી બાબતોની સમિતિની અધ્યક્ષતા કોંગ્રેસના સાંસદ શશી થરૂર કરી રહ્યા છે.

સમિતિની આ ટિપ્પણી એટલા માટે મહત્વપૂર્ણ થઈ જાય છે કારણ કે તે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે અને ચાબહાર પ્રોજેક્ટમાં ભારતની ભાગીદારીને લઈને અમેરિકાના પ્રતિબંધો અથવા ટેરિફ નીતિઓમાં તાજેતરમાં થયેલા ફેરફારોની પૃષ્ઠભૂમિમાં કરવામાં આવી હતી.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સમિતિને જાણવા મળ્યું છે કે ચાબહાર બંદરના વિકાસ માટે ૨૦૨૫-૨૬ ના બજેટ અંદાજ મુજબ ૧૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા, જેને આરઈ (સુધારેલા અંદાજ)માં વધારીને ૪૦૦ કરોડ રૂપિયા કરવામાં આવ્યા હતા. ફાળવેલી રકમ જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં સંપૂર્ણપણે ઉપયોગમાં લેવામાં આવી હતી.

વિદેશ મંત્રાલયે સમિતિને જાણ કરી હતી કે ૨૦૨૬-૨૭ દરમિયાન કોઈ રકમ ફાળવવામાં આવી નથી કારણ કે ભારતે ૨૦૨૪માં હસ્તાક્ષર કરાયેલા મુખ્ય કરાર મુજબ, બંદર સાધનોની ખરીદી માટે ૧૨ કરોડ ડોલરનું યોગદાન આપવાની પ્રતિબદ્ધતા અગાઉ પૂર્ણ કરવામાં આવી છે. સમિતિનો મત છે કે ચાબહાર ભારત માટે મહત્વપૂર્ણ અને વ્યૂહાત્મક બંદ છે, કારણ કે તે અફઘાનિસ્તાન અને મધ્ય એશિયા સુધી પહોંચ પૂરી પાડે છે. તે ઇન્ટરનેશનલ નોર્થ સાઉથ ટ્રાન્સપોર્ટ કોરિડોર સાથે જોડાવા માટે પણ એક મુખ્ય બંદર છે. સમિતિએ જણાવ્યું હતું કે ભારત સરકાર આ ઘટનાક્રમના પરિણામોનો સામનો કરવા માટે તમામ સંબંધિત પક્ષો સાથે સંપર્કમાં છે. સમિતિ ઈચ્છે છે કે મંત્રાલય આ સંદર્ભમાં તમામ યોજનાઓ અને ઘટનાક્રમની જાણકારી સમિતિને આપે. ■

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ‘ઉદ્યોગ’ની વ્યાખ્યાના કેસમાં ૨૪ વર્ષનો અક્ષમ્ય વિલંબ

**ઈરાન** વર્સીસ ઈઝરાયલ-અમેરિકાના યુદ્ધની મોંકાણમાં એક બહુ મોટી ઘટના પર લોકોની નજર નથી ગઈ. આ ઘટના સુપ્રીમ કોર્ટની નવ જજોની બંધારણીય બેન્ચ દ્વારા ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ હેઠળ કામકાજ તથા આર્થિક પ્રવૃત્તિઓના સંદર્ભમાં ’ઉદ્યોગ’ને વ્યાખ્યાયિત કરવા માટે શરૂ કરાયેલી સુનાવણી છે. ભારતના ચીફ જસ્ટિસ સૂર્યકાંતના વડપણ હેઠળની બેંચ આ સુનાવણીમાં ઘણા બધા મુદ્દાને આવરી લેવાની છે પણ તેમાં બે મુદ્દા મુખ્ય છે. પહેલો મુદ્દો એ કે, તમામ પ્રકારની સંગઠિત પ્રવૃત્તિને ઉદ્યોગ ગણવી જોઈએ ? અને બીજો મુદ્દો એ છે કે, સરકારના વિભાગો પણ ઉદ્યોગ ગણાય કે નહીં ?

અત્યારે ‘ઉદ્યોગ’ની જે વ્યાખ્યા છે એ ૧૯૭૮માં સુપ્રીમ કોર્ટે ‘બેંગલૂરુ વોટર સપ્લાય એન્ડ સીવરેજ બોર્ડ’ કેસમાં આપેલા ચુકાદા પર આધારિત છે. જસ્ટિસ અય્યરે આ ચુકાદામાં ઉદ્યોગની વિસ્તૃત વ્યાખ્યા કરી હતી. આ ચુકાદામાં સ્પષ્ટતા કરાયેલી કે, નોકરીદાતા અને કર્મચારીનો સંબંધ છે અને જ્યાં કોઈ પણ પ્રકારની સેવા કે કામગીરી થાય છે તેને ઉદ્યોગ કહેવાય. આ ચુકાદા પહેલાં સુધી ઉત્પાદન કરાતું હોય એવાં તમામ સ્થળોને જ ઉદ્યોગ ગણવામાં આવતા હતા. મતલબ કે, ફેક્ટરીઓને જ ઉદ્યોગ ગણવામાં આવતા હતા પણ નવી આ વ્યાખ્યાને કારણે સરકારી વિભાગો, હૉસ્પિટલો, શાળાઓ, બિનસરકારી સંસ્થાઓ (એનજીઓ) પણ ઉદ્યોગ ગણાવા લાગી. ઉદ્યોગોને લાગુ પડતા મજૂર કાયદા તમામને લાગુ પડવા માંડ્યા.

હવે સુપ્રીમ કોર્ટ આ વ્યાખ્યા સાચી છે કે નહીં તેનો નિર્ણય લેશે. તેના કારણે કરોડો કર્મચારીઓના અધિકારો અંગે સ્પષ્ટતા થશે. કર્મચારીઓના છટણી, પગાર, યુનિયન સહિતના અધિકારોને પણ નવી વ્યાખ્યાથી અસર થશે તેથી આ સુનાવણી કરોડો લોકોને અસર કરનારી છે. અત્યારે આર્મી, પોલીસ વગેરેને ઉદ્યોગ ગણવામાં નથી આવતા તેથી તેમને પોતાના અધિકારો માટે લડવા યુનિયન બનાવવાની છૂટ નથી પણ નવી વ્યાખ્યામાં તેમને ઉદ્યોગ ગણી લેવાય તો પછી આર્મી અને પોલીસનાં યુનિયનો બનાવી શકે કે નહીં એ મુદ્દો ચર્ચામાં આવી જશે. અત્યારે પોલીસ કે આર્મી યુનિયન ન બનાવી શકે એ માટેની અલગ જોગવાઈઓ અસ્તિત્વમાં છે જ પણ નવી વ્યાખ્યાના કારણે વિરોધાભાસ થાય તો ઘર્ષણ વધી શકે.

સુપ્રીમ કોર્ટે ’ઉદ્યોગ’ની વ્યાખ્યા કરવા સુનાવણી શરૂ કરી એ સારી વાત છે પણ આ સુનાવણી ભારતમાં ન્યાયતંત્ર રગશિયા ગાડા કરતાં પણ ધીમી ગતિએ ચાલે છે તેનો પુરાવો છે. સાથે સાથે સુપ્રીમ કોર્ટનું કામ પણ બિલકુલ સરકારી ધોરણે ચાલે છે ને લોકહિતને ધ્યાનમાં જ નથી રખાતું તેનો પુરાવો પણ છે. એ સિવાય આટલાં વરસો લગી આ કેસ ટલ્લે ચડેલો રહે ખરો ? સુપ્રીમ કોર્ટના જસ્ટિસ વીઆર કૃષ્ણ અય્યરે ૧૯૭૮માં ‘ઉદ્યોગ’ની વ્યાખ્યા કરી તેનાં તેનાં ૨૪ વર્ષ પછી ૨૦૦૨માં આ ચુકાદાને પડકારવામાં આવ્યો હતો અને છેક હવે તેની સુનાવણી શરૂ થઈ રહી છે. મતલબ કે, એક ચુકાદાને પડકારાયો એ કેસની સુનાવણી શરૂ કરવામાં જ ૨૪ વર્ષ લાગી ગયાં.

ઉત્તર પ્રદેશની સરકારે આ વ્યાખ્યાને આધારે લીધેલા નિર્ણયને જયબીર સિંહે પડકારેલો તેથી સ્ટેટ ઓફ યુપી વર્સીસ જયબીર સિંહ તરીકે આ કેસ જાણીતો બન્યો. આ કેસમાં મૂળ ચુકાદા પર પુનર્વિચારણા કરવાની માંગ કરવામાં આવી હતી કારણ અરજદારને લાગતું હતું કે, ૧૯૭૮નો ચુકાદો અત્યંત કામદારલક્ષી છે અને તેમાં કામદારોનાં હિતોની જ વાત છે.

આ વિલંબ અક્ષમ્ય છે અને તે માટેનું કારણ અત્યંત હાસ્યાસ્પદ છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો ચલકચલાણું રમતા રહ્યા તેમાં કેસ અહીંથી ત્યાં ને ત્યાંથી બીજે ક્યાંક ફરતો રહ્યો તેમાં બોર્ડ પર જ ના આવ્યો. પહેલાં આ કેસ પાંચ જજની બંધારણીય બેંચને સોંપાયો હતો પણ સુનાવણી શરૂ થાય એ પહેલાં ચીફ જસ્ટિસ બદલાયા તેથી તેમને લાગ્યું કે, આ મુદ્દો બહુ મહત્ત્વનો છે ને પાંચ જજની બેંચના બદલે મોટી બેંચને સોંપાવી જોઈએ તેથી મે ૨૦૦૫માં પાંચ જજની બંધારણીય બેન્ચે અરજી મોટી બેન્ચને મોકલી આપ્યો. ચીફ જસ્ટિસ ટી.એસ. ઠાકુરના વડપણ હેઠળની સાત જજની બેંચે સુનાવણી તો શરૂ કરી જ નહીં પણ જાન્યુઆરી ૨૦૧૭માં નિર્ણય લીધો કે, આ ‘ઉદ્યોગ’ની વ્યાખ્યાની દૂરોગામી અસરો પડશે તેથી નવ જજની બેંચ દ્વારા કેસની સુનાવણી થવી જોઈએ.

ભારતના બંધારણમાં બંધારણીય અર્થઘટનને લગતી બાબતોમાં ઓછામાં ઓછા પાંચ જજની બેંચ હોવી જોઈએ એવો ઉલ્લેખ છે પણ મહત્તમ કેટલા જજની બેંચ રાખી શકાય એ માટેની કોઈ મર્યાદા નક્કી કરાઈ નથી તેનો લાભ લઈને આ કેસ ફંગોળાતો રહ્યો. વર્તમાન ચીફ જસ્ટિસ સૂર્યકાન્તે આ ચલકચલાણું બંધ કરાવ્યું બદલ તેમનો આભાર માનવો જોઈએ. ફેબ્રુઆરી ૨૦૨૬માં ચીફ જસ્ટિસ સૂર્યકાંતે પોતાના વડપણ હેઠળની બંધારણીય બેંચ સમક્ષ સુનાવણી કરવાની જાહેરાત કરી તેના કારણે આ કેસનો મોક્ષ થયો છે. જસ્ટિસ સૂર્યકાન્તની હકારાત્મક પહેલથી જસ્ટિસ સૂર્યકાંત ઉપરાંત બી.વી. નાગરત્ના, પી.એસ. નરસિંહા, દીપાંકર દત્તા, ઉજ્જલ ભૂયાન, એસ.સી. શર્મા, જોયમલ્યા બાગચી, આલોક આરાધે અને વિપુલ એમ. પંચોલી એમ નવ ન્યાયાધીશોની બેન્ચ સમક્ષ આ કેસની સુનાવણી શરૂ થઈ છે.

આ મુદ્દો અત્યંત મોટો છે એવું સુપ્રીમ કોર્ટે પોતે જ સ્વીકાર્યું છે. એ સિવાય તો નવ જજની બંધારણીય બેંચ શું કરવા સુનાવણી કરે? એ છતાં આટલાં બધાં વરસો સુધી આ વાત પર જ ધ્યાન ના અપાયું તેના કારણે કરોડો લોકોને અસર થઈ છે કેમ કે ‘ઉદ્યોગ’ની વ્યાખ્યા સરકારી નોકરિયાતથી માંડીને સામાન્ય કામદાર સુધીનાં બધાંને લાગુ પડે છે. વરસોથી ચાલી આવતી આ ‘ઉદ્યોગ’ની વ્યાખ્યાના કારણે કોને નુકસાન થયું ને કોને ફાયદો થયો તેની ખબર તો નવી વ્યાખ્યા આવે ત્યારે પડે પણ કરોડોને અસર થઈ તેમાં શંકા નથી. સુપ્રીમ કોર્ટ ‘ઉદ્યોગ’ની નવી વ્યાખ્યા ક્યારે કરશે એ ખબર નથી. ન્યાયતંત્રની કામ કરવાની ઝડપ જોતાં એક-બે વર્ષ બીજાં નિકળી જાય તો પણ નવાઈ નહીં. જેટલો કેસ લંબાશે એટલી અસરકર્તાઓની સંખ્યા પણ વધશે એ જોતાં આશા રાખીએ કે ઝડપથી ચુકાદો આવે.

ને છેલ્લે એક આડવાત પણ કરી લઈએ.

સુપ્રીમ કોર્ટને અચાનક ‘ઉદ્યોગ’ની વ્યાખ્યા કરવાનો ઉમળકો કેમ જાગી ગયો ?

કેન્દ્ર સરકારે ગયા વરસે ચાર નવા લેબર કોડ અમલી બનાવ્યા પણ તેનો અમલ શરૂ થયો નથી કેમ કે રાજ્યોએ અંતિમ નિયમો બનાવ્યા નથી. આ અંતિમ નિયમો બનશે તેની અસર ઘણી બધી આર્થિક પ્રવૃત્તિઓને થશે. ઉદ્યોગો, બિઝનેસ વગેરે પર સૌથી વધારે અસર થશે તેથી તેમને રાહત આપવા ‘ઉદ્યોગ’ની નવી વ્યાખ્યા કરાઈ રહી હોવાનું કહેવાય છે. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

ઉત્તરાયણ - સૌર વસંતઋતુ, બુધવાર, તા. ૧૮-૩-૨૦૨૬, દર્શ અમાવસ્યા, અન્વાધાન

- ભારતીય દિનાંક ૨૭, માહે ફાલ્ગુન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, ફાલ્ગુન વદ-૧૪
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ફાલ્ગુન, તિથિ વદ -૧૪
- પારસી શહેનશાહી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી ફસલી ગાથા-૩ સ્પેન્તોર્મદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૮મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૩૦મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- નક્ષત્ર પૂર્વાભાદ્રપદા મધ્યરાત્રિ પછી ક. ૨૯-૨૦ સુધી (તા. ૧૯) પછી ઉત્તરાભાદ્રપદા
- ચંદ્ર કુંભમાં રાત્રે ક. ૨૩-૩૫ સુધી, પછી મીનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ), મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૮, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સવારે ક. ૧૧-૪૨, રાત્રે ક. ૨૩-૫૭
- ઓટઃ સાંજે ક. ૧૭-૪૧, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૦૫ (તા. ૧૯)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, ફાલ્ગુન - કૃષ્ણ ચતુર્દશી. દર્શ અમાવસ્યા, અન્વાધાન, મન્વાદિ, પંચક, સૂર્ય ઉત્તરાભાદ્રપદામાં સવારે ક. ૦૯-૨૧.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, અન્વાધાનનો ઉપવાસ, તીર્થમાં શ્રાદ્ધ, તર્પણ, દાન, ધર્મલાભ, સ્નાન, ગુરુ-બુધ દેવતાનું પૂજન, આંબો વાવવો, નિત્ય થતાં પશુ લે-વેંચના કામકાજ, અજૈક્યપાદ દેવતાનું પૂજન.
- આચમનઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ સહાનુભૂતિવાળા, ગુરુ-શુક્ર ચતુષ્કોણ ખુશામતખોર.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ, ગુરુ-શુક્ર ચતુષ્કોણ
ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-કુંભ, વક્રી બુધ-કુંભ (બુધ દેખાશે), માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-મીન, (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન (શનિ અસ્ત) રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# ૧૦૦૦ રૂપિયાનું ઈપીએફ પેન્શન અપૂરતું, વધારોઃ સંસદીય સમિતિ

નવી દિલ્હી : એક સંસદીય પેનલે મંગળવારે કર્મચારી પેન્શન યોજના, ૧૯૯૫ હેઠળ લઘુત્તમ માસિક પેન્શન ૧૦૦૦ રૂપિયા સંબંધેની તાત્કાલિક અને વ્યાપક સમીક્ષા કરવાની ભલામણ કરી હતી, જેથી તેને વધુ વાસ્તવિક અને ગૌરવપૂર્ણ સ્તર સુધી વધારી શકાય. આ ભલામણ પેન્શનરોની એ માગને ધ્યાનમાં રાખીને મહત્વપૂર્ણ છે કે પેન્શન વધારીને ૭૫૦૦ રૂપિયા પ્રતિ મહિનો કરવામાં આવે કારણ કે ૧૦૦૦ રૂપિયાની રકમ ગુજરાન ચલાવવા માટે પૂરતા નથી.રિટાયરમેન્ટ ફંડ સંસ્થા ઈપીએફઓ દ્વારા સંચાલિત કર્મચારી પેન્શન યોજના ૧૯૯૫ (ઈપીએસ-૯૫) હેઠળ આવનારા પેન્શનરોએ ૯ માર્ચથી જંતર-મંતર પર ત્રણ દિવસ સુધી વિરોધ પ્રદર્શન કર્યું હતું જેમાં લઘુત્તમ માસિક પેન્શન વધારીને ૭૫૦૦ રૂપિયા કરવાની માગ કરવામાં આવી હતી. શ્રમ, કાપડ અને કૌશલ્ય વિકાસ અંગેની સંસદીય સ્થાયી સમિતિએ શ્રમ અને રોજગાર મંત્રાલયના ગ્રાન્ટ્સ માટેની માગણીઓ (૨૦૨૬-૨૭)’ પરના તેના ૧૫મા રિપોર્ટમાં એ ઉલ્લેખ કર્યો હતો કે કર્મચારી પેન્શન યોજના, ૧૯૯૫ હેઠળ દર મહિને લઘુત્તમ ૧૦૦૦ રૂપિયાનું લઘુતમ પેન્શન જીવનનિર્વાહના વધતા ખર્ચ છતાં ઘણા સમય સુધી યથાવત રહ્યું છે.

પુરાવા એકઠા કરવાની પ્રક્રિયા દરમિયાન સમિતિએ અવલોકન કર્યું કે પેન્શનરો તરફથી લઘુત્તમ પેન્શનમાં વધારો કરવાની માંગ કરતી અસંખ્ય રજૂઆતો પ્રાપ્ત થઈ છે, ખાસ કરીને વૃદ્ધો અને આર્થિક રીતે નબળા લાભાર્થીઓને અનેક નાણાકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. સમિતિએ શ્રમ અને રોજગાર મંત્રાલયની રજૂઆતની પણ નોંધ લીધી છે કે ભારત સરકાર પહેલાથી જ યોજના માટે નાણાકીય સહાય આપી રહી છે, જેમાં કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠનના હાલમાં સેવા આપતા સભ્યો માટે ૧.૧૬ ટકાનું યોગદાન અને દર મહિને લઘુત્તમ ૧૦૦૦ રૂપિયાનું પેન્શન સુનિશ્ચિત કરવા માટે આપવામાં આવતી બજેટની સહાયતાનો સમાવેશ થાય છે.જોકે, સમિતિએ જણાવ્યું હતું કે એવું માનવામાં આવે છે કે હાલની લઘુત્તમ પેન્શન રકમ પેન્શનરોની મૂળભૂત જરૂરિયાતોને ખાસ કરીને ફુગાવા અને વધતા આરોગ્ય સંભાળ અને જીવન ખર્ચને કારણે વર્તમાન આર્થિક પરિસ્થિતિમાં પણ પૂર્ણ કરવા માટે અપૂરતી છે. ■

# અહમદિયા પર દમન, અફઘાનમાં રમજાનમાં બોમ્બમારોઃ યુએનમાં પાકિસ્તાનને ઝાટક્યું ભારતે

ન્યૂ યોર્ક/નવી દિલ્હીઃ સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ભારતે પાકિસ્તાન વિરુદ્ધ આક્રમક વલણ અપનાવ્યું છે. યુએનમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ, રાજદૂત પર્વતનેની હરીશે પાકિસ્તાનની પડોશી દેશોમાં ’ઇસ્લામોફોબિયા’ની કાલ્પનિક વાર્તાઓ ઘડવાની આદત પર આકરા પ્રહારો કર્યા હતા. ભારત સરકારે સ્પષ્ટ શબ્દોમાં સવાલ ઉઠાવ્યો હતો કે પાકિસ્તાન પોતાના જ દેશમાં અહમદિયા સમુદાય પર જે ક્રૂર દમન કરી રહ્યું છે અને રમઝાનના પવિત્ર મહિનામાં અફઘાનિસ્તાન પર જે બોમ્બમારો કર્યો છે, તેને પાકિસ્તાન કયું નામ આપશે?

ભારતે એવા સમયે પાકિસ્તાનને ઝાટક્યું છે જ્યારે ૧૬ માર્ચની રાત્રે પાકિસ્તાની વાયુસેનાએ કાબૂલની હોસ્પિટલ પર ભયાનક હવાઈ હુમલો કર્યો હતો. આ હુમલામાં આશરે ૪૦૦ લોકોનાં મોત થયા છે અને ૨૫૦થી વધુ લોકો ઘાયલ થયા છે.અફઘાનિસ્તાનના પ્રવક્તા હમદુલ્લા ફિતરતના જણાવ્યા અનુસાર, ૨૦૦૦ બેડની આ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા નિર્દોષ દર્દીઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. ભારત સરકારે પણ આ મામલે અફઘાનિસ્તાન સાથે મક્કમતાથી ઊભું રહ્યું છે. રાજદૂત હરીશે પાકિસ્તાન દ્વારા ’ઇસ્લામિક સહયોગ સંગઠન’ (ઓઆઈસી)ના મંચનો ભારત વિરુદ્ધ હથિયાર તરીકે ઉપયોગ કરવાની રણનીતિની આકરી ટીકા કરી હતી. તેમણે કહ્યું કે પાકિસ્તાન આ મંચ પરથી વારંવાર ખોટા અને પાયાવિહોણા આક્ષેપો કરે છે. ભારતે ગર્વ સાથે જણાવ્યું કે ભારત ૨૦ કરોડથી વધુ મુસ્લિમોનું ઘર છે, જે વિશ્વની સૌથી મોટી મુસ્લિમ વસ્તીમાંની એક છે.

ભારતે પાકિસ્તાનના ’અસલી ફોબિયા’ વિશે વાત કરતા કહ્યું કે, પાકિસ્તાન ખરેખર ભારતના બહુસાંસ્કૃતિક અને શાંતિપૂર્ણ સહ-અસ્તિત્વથી ડરે છે. પાકિસ્તાનનો વર્તમાન નેરેટિવ તેની એ સાંપ્રદાયિક અને આતંકવાદી માનસિકતા દર્શાવે છે જે તેણે પોતાના જન્મથી જ પાળી-પોષી છે. અફઘાન શરણાર્થીઓને બળજબરીપૂર્વક દેશનિકાલ કરવા અને નાગરિકી વસાહતો પર હુમલા કરવા તે પાકિસ્તાનની નફટાઈ અને નૈતિક પતન સૂચવે છે. ■

# ડીએમકેએ ધમકી આપી હોવાની વિજયની સાવ ખોટીઃ રજનીકાંત

ચેન્નઈઃ તમિલ સુપરસ્ટાર રજનીકાંત અને અભિનેતા વિજયના રાજકીય પક્ષ તમિળગા વેત્રી કઝગમ (ટીવીકે) ના નેતા આધવ અર્જુન વચ્ચેના તાજેતરના વિવાદે એક નવો વળાંક લીધો છે. આ વિવાદ સામે આવ્યા બાદ રજનીકાંતના સમર્થકો ગુસ્સે થયા હતા. હવે આ મામલે રજનીકાંતે પોતાનું મૌન તોડ્યું છે. તેમણે એક સત્તાવાર નિવેદન બહાર પાડ્યું છે જેમાં તેમણે તેમના સમર્થકોનો આભાર માન્યો હતો. નોંધનીય છે કે અભિનેતા વિજયની પાર્ટીના નેતા આધવ અર્જુને સુપરસ્ટાર રજનીકાંતને લઈને ટિપ્પણી કરી હતી જેમાં દાવો કર્યો હતો કે ડીએમકે તરફથી ધમકી મળ્યા બાદ રજનીકાંતે રાજનીતિમાં આવવાનો વિચાર માંડી વાળ્યો હતો. આ નિવેદનથી ઘણો વિવાદ થયો હતો. જોકે, રજનીકાંતે હવે આ મામલે પ્રતિક્રિયા આપી છે. તેમણે આ ટિપ્પણીઓને ખોટી ગણાવી અને રાજકીય પક્ષોનો તેમના સમર્થન બદલ આભાર માન્યો હતો.

રજનીકાંતે કહ્યું હતું કે ‘‘સમય રાહ જોશે અને જવાબ આપશે’’. રજનીકાંતે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ‘એક્સ’ પર લખ્યું કે ‘‘સમય બોલતો નથી પણ રાહ જોવે છે અને જવાબ આપે છે’’ આધવ અર્જુનની ટિપ્પણીને કારણે તેમના ચાહકો, એઆઈએડીએમકેના વડા પલાનીસ્વામી, કેન્દ્રીય મંત્રી એલ. મુરુગન અને રાજ્ય મંત્રી એસ. રઘુપતિ, ભાજપના રાજ્ય પ્રમુખ નૈનાર નાગેન્દ્રન અને રજનીના ભૂતપૂર્વ સલાહકાર તરફથી પ્રતિક્રિયા આવી હતી.

નોંધનીય છે કે ૧૨ માર્ચના રોજ અહીં રાજ્ય સરકાર સામેના વિરોધ પ્રદર્શન દરમિયાન પાર્ટીના સભ્યોને સંબોધિત કરતી વખતે અર્જુને આરોપ લગાવ્યો હતો કે ‘‘રાજકારણમાં પ્રવેશવાનો પ્રયાસ કરતી વખતે ડીએમકેએ રજનીકાંતને ધમકી આપી હતી’’. તેમણે કહ્યું કે તેઓ અભિનેતાની ટીકા કરી રહ્યા નથી, પરંતુ તે બતાવવા માગે છે કે ટીવીકેના સ્થાપક વિજયમાં આવા દબાણનો સામનો કરવાની હિંમત છે. આ ટિપ્પણીની નિંદા કરતા એઆઈએડીએમકેના મહાસચિવ પલાનીસ્વામીએ કહ્યું કે રજનીકાંતને તમામ વર્ગના લોકો તરફથી માન મળ્યું છે અને અભિનેતાની છબીને કલંકિત કરે તેવી રીતે બોલવું અસ્વીકાર્ય છે. તેમણે ‘એક્સ’ પર એક પોસ્ટમાં કહ્યું કે રાજકારણમાં પ્રવેશ કરવો કે તેનાથી દૂર રહેવું એ વ્યક્તિના અધિકારોનો વિષય છે. રાજકીય હેતુઓને જવાબદાર ઠેરવવા અને રાજકીય શિષ્ટાચાર વિનાની બદનક્ષીભરી ટિપ્પણીઓ કરવાને બદલે આપણે નિર્ણયનો આદર કરવો જોઈએ. ■

# કૉંગ્રેસ રાજ્યસભાની ચૂંટણીમાં ક્રોસવોર્ટિંગ કરનારા હરિયાણાના વિધાનસભ્યોને નોટિસ પાઠવશે

ચંડીગઢઃ હરિયાણામાં રાજ્યસભાની ચૂંટણીમાં કૉંગ્રેસના ઉમેદવારને બદલે હરીફ ઉમેદવારને મત આપનારા કૉંગ્રેસના વિધાનસભ્યોને પક્ષે કારણદર્શક નોટિસ આપીને શિસ્તભંગના કડક પગલાં લેવાની ચેતવણી આપી હતી. કૉંગ્રેસના મહામંત્રી અને હરિયાણાના પ્રભારી બી. કે. હરિપ્રસાદે કહ્યું હતું કે અમે હરિયાણાના વિધાનસભ્યોને કારણદર્શક નોટિસ મોકલાવીશું.

સોમવારે રાજ્યસભાની હરિયાણાની બે બેઠકની ચૂંટણી હતી. ભાજપના સંજય ભાટિયા આસાનીથી જીતી ગયા હતા. જ્યારે કૉંગ્રેસના ઉમેદવાર કરમવીર સિંહ બૌદ્ધે ભારે લડત બાદ અપક્ષ ઉમેદવાર સતીશ નંદલને સાંકડી સરસાઈથી હરાવ્યા હતા.

૯૦ સભ્યના ગૃહમાં ઈન્ડિયન નેશનલ લોકદળના બે વિધાનસભ્યો મતદાનમાં ગેરહાજર રહ્યા હતા. ભાટિયાને પ્રથમ અગ્રતાક્રમના ૩૯ મત મળ્યા હતા. બીજી બેઠક માટે બૌદ્ધને ૨૮ અને નંદલને ૨૮ મત મળ્યા હતા. રાજ્યસભાની ચૂંટણીની ફોર્મ્યુલા પ્રમાણે સીટ જીતવા માટે ૨૭૬૭ની વોટવેલ્યૂ મેળવવાની જરૂર છે. આ વેલ્યૂ ભાટિયા અને બૌદ્ધે આંબી હતી. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### ટ્રમ્પને ઝટકો

કરી હતી. તેમણે કહ્યું હતું કે, આનો ઉપયોગ તમને એવું છેતરામણી માન્યતા તરફ લઈ માટે માટે કરવામાં આવ્યો હતો કે ઈરાન અમેરિકા માટે તાત્કાલિક ખતરો છે અને જો તમે અત્યારે હુમલો કરશો તો ઝડપી વિજયનો સ્પષ્ટ માર્ગ છે. આ એક જૂઠ હતું અને આ એ જ યુક્તિ છે જેનો ઉપયોગ ઇઝરાયલીઓએ આપણને વિનાશક ઇરાક યુદ્ધમાં ખેંચવા માટે કર્યો હતો, જેમાં આપણા દેશના હજારો શ્રેષ્ઠ સૈનિકોના જીવ ગયા હતા. આપણે ફરીથી આ ભૂલ ન કરી શકીએ.‘‘

કેન્ટે વધુમાં જણાવ્યું હતું કે, ‘‘૧૧ વખત યુદ્ધમાં ગયેલા અનુભવી સૈનિક તરીકે અને ઇઝરાયલ દ્વારા નિર્મિત યુદ્ધમાં મારી વહાલી પત્ની શેનનને ગુમાવનાર ગોલ્ડ સ્ટાર પતિ તરીકે, હું આગામી પેઢીને એવા યુદ્ધમાં લડવા અને મરવા માટે મોકલવાનું સમર્થન કરી શકું નહીં. ■

### ગુજરાત યુસીસી

અભ્યાસ અને રાજ્યના જિલ્લાઓની મુલાકાત લઇને, લોક અભિપ્રાયો મેળવીને તથા ઘનિષ્ઠ જનસંપર્ક બાદ ચર્ચા-વિચારણાને આધારે તૈયાર કરવામાં આવ્યો છે. લગ્ન, છૂટાછેડા, વારસાગત મિલકત અને દત્તક લેવા જેવા મુદ્દાઓ પર તમામ ધર્મો અને સમુદાયો માટે સમાન કાયદાકીય માળખું આ ડ્રાફ્ટ અહેવાલમાં સમિતિ દ્વારા સૂચવવામાં આવ્યું છે. વિશેષ કરીને મહિલાઓના સમાન અધિકારો અને સુરક્ષાને આ ડ્રાફ્ટમાં પ્રાથમિકતા આપવામાં આવી છે. ગુજરાતની ભૌગોલિક અને સાંસ્કૃતિક વિવિધતાને પણ આ અહેવાલમાં ધ્યાનમાં રાખવામાં આવી છે, તેમ સોશ્યલ મીડિયા પોસ્ટ દ્વારા જણાવવામાં આવ્યું હતું. આ પ્રસ્તાવિત વિધેયકમાં છોકરીની લગ્નની ઉંમર ૨૧ કરવાની, એકથી વધુ લગ્ન પર પ્રતિબંધ મૂકવાની, લિવ-ઈન રિલેશનશિપમાં રજિસ્ટ્રેશન ફરજિયાત બનાવવાની, છૂટાછેડાની પ્રક્રિયા તમામ ધર્મ માટે એકસમાન બનાવવાની ભલામણો કરવામાં આવી હોય તેવી સંભાવના સૂત્રોએ દર્શાવી હતી. ■

### શાંતિનો પ્રસ્તાવ

હવાઈ હુમલામાં ઈરાનના ટોચના સુરક્ષા અધિકારી અને રીવોલ્યુશનરી ગાર્ડના અર્ધલશ્કરી દળ બસજી મિલિશિયાના વડા માર્યા ગયા હતા અને આને લીધે ઈરાનના નેતૃત્વને મોટો ફટકો પડ્યો છે, એવી માહિતી ઈઝરાયલના સંરક્ષણ પ્રધાન ઈઝરાયલ કેટ્ઝે આપી હતી. બીજી બાજુ તહેરાને ગલ્ફ આરબના તેના પડોશી અને ઈઝરાયલ પર મિસાઈલ અને ડ્રોન હુમલો કરવાનું ચાલુ રાખ્યું હતું. સુરક્ષા અધિકારી અલી લાજરાની અને જનરલ ગુલામ રેજા સુલેમાનને સોમવારે રાત્રે નાબૂદ કરાયા હતા, એવો દાવો ઈઝરાયલના સંરક્ષણ પ્રધાને કર્યો હતો.

૨૮ ફેબ્રુઆરીના હવાઈ હુમલામાં ઈરાનના ૮૬ વર્ષના સર્વોપરી ધાર્મિક નેતા આયોતોલ્લાહ અલી ખામનેઈને મારી નાખવામાં આવ્યા હતા. આ યુદ્ધનો પહેલો દિવસ હતો. ત્યાર બાદ ઈઝરાયલ અને અમેરિકના હુમલામાં ઈસ્લામિક ઈરાનના ટોચના અનેક આગેવાનોને મારી નાખવામાં આવ્યા છે. ઈરાનના સરકારી માધ્યમોએ આ બે આગેવાનના મરણના અહેવાલને સમર્થન આપ્યું નથી. જોકે ઈરાને કહ્યું હતું કે લાજરાનીની કચેરી ટૂંક સમયમાં સંદેશો પ્રસારિત કરશે. ઈઝરાયલે દાવો કર્યો હતો કે તેણે ઈરાનની રાજધાનીમાં ભયંકર હવાઈ હુમલા કર્યા હતા. ઈરાને લેબેનોનમાં પણ ઈરાન સમર્થિત હિઝબુલ્લા પરના આક્રમણો તીવ્ર બનાવ્યા છે. લાજેરાની ઈરાનના જાણીતા રાજકીય કુટુંબમાંથી આવતા હતા, જ્યારે સુલેમાની ઈરાનના લશ્કરીની બસજી મિલિશિયા ફોર્સના વડા હતા. જેણે ઈરાનમાં થયેલા બળવા વખતે અત્યાચારો કર્યા હતા. ■

### અમને પૂછ્યા વિના

બર્લિનમાં પત્રકારોને જણાવ્યું હતું કે નાટો એક રક્ષણાત્મક ગઠબંધન છે જે તેના પ્રદેશના સંરક્ષણ માટે છે, અને આ વર્તમાન યુદ્ધ નાટોનું યુદ્ધ નથી. ઉલ્લેખનીય છે કે, રવિવારે ટ્રમ્પે નાટો સાથી દેશોને ચેતવણી આપી હતી કે જો તેઓ હોર્મુઝની ખાડીને ફરીથી ખોલવા માટે અમેરિકાને મદદ કરવાનો ઇનકાર કરશે, તો તેમને ખૂબ જ ખરાબ ભવિષ્યનો સામનો કરવો પડી શકે છે. ■

### લોકસભામાંથી વિરોધ

દ્વારા કરવામાં આવેલી અજાણતા ભૂલ બદલ દિલગીરી વ્યક્ત કરી હતી. સસ્પેન્શન હટાવ્યા પછી તમામ આઠ સાંસદો - ગુરજીત સિંહ ઔજલા, હિબી ઈડન, ડીન કુરિયાકોસ, અમરિંદર સિંહ રાજા વડિંગ, બી. મણિકમ ટાગોર, ડો. પ્રશાંત પડોલે, ચામલા કિરણ કુમાર રેડ્ડી અને એસ. વેંકટેશને સંસદ પરિસરમાં મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી.

આ સાંસદોને ૪ ફેબ્રુઆરીએ બજેટ સત્રના બાકીના સમય માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. તેમના પર નિયમોનું ઉલ્લંઘન કરવાનો અને ગૃહમાં હોબાળા દરમિયાન સ્પીકર ભણી કાગળો ફેંકવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આ વિવાદ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી દ્વારા પૂર્વી લદ્દાખમાં ૨૦૨૦માં ચીન સરહદ પર થયેલા તણાવનો મુદ્દો ઉઠાવવાની માગને લઈને ઉભો થયો હતો. ■

### પેટર્નિટી લીવ

માતા અને દત્તક લેનારી માતા એક જ ક્રમે ન હોય તેની સાથે અમે સહમત છીએ. કોર્ટે ૨૦૨૧માં દાખલ કરવામાં આવેલી અરજી પર ચુકાદો આપ્યો હતો, જેમાં મેટર્નિટી બેનિફિટ (અમેન્ડમેન્ટ) એક્ટ ૨૦૧૭ના સેક્શન ૫(૪)ને પડકારવામાં આવ્યા હતા, જે અનુસાર બાળક દત્તક લેતી નોકરિયાત મહિલાને પણ ૧૨ સપ્તાહની રજાની જોગવાઈ છે. જોકે બાળક ત્રણ મહિના કે તેનાથી ઓછી ઉંમરનું હોય તો જ મેટર્નિટી લીવ મળે છે. જેના પર ૧૨ નવેમ્બર ૨૦૨૪ના રોજ કોર્ટે કેન્દ્રને નોટિસ આપી હતી. ■

### કાબુલની હોસ્પિટલ

હાલમાં ઘટનાસ્થળે બચાવ કામગીરી ચાલુ છે અને મૃત્યુઆંક વધવાની આશંકા છે, જ્યારે ૨૫૦ થી વધુ લોકો ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા હોવાનું નોંધાયું હતું. હોસ્પિટલના કર્મચારીના જણાવ્યા અનુસાર, હુમલા પહેલા આકાશમાં જેટ વિમાનો પેટ્રોલિંગ કરી રહ્યા હતા. જ્યારે નજીકનાં લશ્કરી એકમોએ જેટ પર ગોળીબાર કર્યો, ત્યારે વિમાને બોમ્બ ફેંક્યા હતા, જેના કારણે હોસ્પિટલમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. સ્થાનિક ટીવી ચેનલો દ્વારા પ્રસારિત ફૂટેજમાં ફાયર ફાઈટરો કાટમાળ વચ્ચે લાગેલી આગને ઓલવવા માટે ભારે જહેમત ઉઠાવતા જોવા મળ્યા હતા. અફઘાનિસ્તાનનો દાવો છે કે આ હુમલામાં માર્યા ગયેલા તમામ લોકો નિર્દોષ નાગરિકો હતા. ■

### ૨૨૬ બેઠક

તૃણમૂલ કોંગ્રેસ વિધાનસભાની આ ચૂંટણીમાં ૨૨૬ થી વધારે બેઠક પર જીત મેળવશે. મમતા બેનરજી વર્ષ ૨૦૨૧માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં નંદીગ્રામ બેઠક પરથી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર સુવેન્દુ અધિકારી સામે ચૂંટણી હારી ચૂક્યા છે. એ પછી તેઓ ભવાનીપુરથી પેટાચૂંટણી લડ્યા અને વિજય પ્રાપ્ત કરીને વિધાનસભા સુધી પહોંચ્યા હતા. આ વખતે હવે તેમણે નંદીગ્રામ બેઠક પરથી ચૂંટણી નહીં લડવાનો નિર્ણય કર્યો છે. તૃણમૂલ કોંગ્રેસે પાર્ટીમાં સામેલ થયેલા પવિત્રા કાર્કેઈને ટિકિટ આપી છે.

કોલકાતાના કાલિઘાટ વિસ્તારમાં આવેલી તૃણમૂલ કોંગ્રેસના મુખ્ય કાર્યાલયે એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. હવે ભવાનીપુર બેઠક પરથી મમતા અને સુવેન્દુ અધિકારી વચ્ચે ટક્કર થવાની છે. આ વિધાનસભામાં ભારતીય જનતા પાર્ટીને હરાવવા માટે તેમણે બોયકોટ બીજેપી અને નો વોટ ફોર ભાજપનો નારો આપ્યો છે. આ ઉપરાંત એવો દાવો પણ કર્યો હતો કે, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ૫૦ બેઠક પણ નહીં જીતી શકે. વિધાનસભાની ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટી પોતાના ઉમેદાવારોની યાદી જાહેર કરી ચૂકી છે. આ યાદીમાં બંગાળ ભાજપના મોટાનેતા પ્રતિપક્ષ સુવેન્દુ અધિકારી ભવાનીપુરથી લડી રહ્યા છે. પશ્ચિમ બંગાળમાં બદલી કરવામાં આવેલા સચિવ અને પોલીસ અધિકારીને લઈ દીદીએ ભાજપ પણ ટોણો માર્યો હતો. ■

### બંગાળમાં વધુ

બંગાળના એજીડી સામેલ છે. અગાઉ રાજ્યના મુખ્ય સચિવની પણ બદલી કરવામાં આવી હતી. આઈપીએસ અધિકારી રાજેશ કુમાર સિંહને દક્ષિણ બંગાળના નવા એડીજી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. કે. જયરામનને ઉત્તર બંગાળના એડીજી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. બંને ૧૯૯૭ બેચના વરિષ્ઠ આઈપીએસ અધિકારીઓ છે. આસનસોલ-દુર્ગાપુર, હાવડા, બરાકપોર અને ચંદનનગર જિલ્લામાં નવા પોલીસ કમિશનરોની પણ નિમણૂક કરવામાં આવી છે. ૧૩ જિલ્લાના પોલીસ અધિક્ષકોની પણ બદલી કરવામાં આવી છે. પ્રણવ કુમારને પશ્ચિમ બર્ધમાનમાં આસનસોલ-દુર્ગાપુરના નવા સીપી, અખિલેશ કુમાર ચતુર્વેદીને હાવડાના સીપી, અમિત કુમાર સિંહને ઉત્તર ૨૪ પરગણાના બેરકપુરના નવા સીપી અને સુનિલ કુમાર યાદવને હુગલી જિલ્લાના ચંદનનગરના સીપી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તાજેતરના ફેરબદલમાં ૧૨ જિલ્લાના સુપરિન્ટેન્ડેન્ટ પણ બદલવામાં આવ્યા છે. ■

## ઉના દલિતકાંડઃ દોષિતોને કોર્ટે પાંચ વર્ષની સજા ફટકારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉના દલિતકાંડના તમામ પાંચેય દોષિતને વેરાવળ સેશન્સ કોર્ટ દ્વારા ૫ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. દરેક આરોપીને રૂપિયા ૫,૦૦૦નો દંડ પણ ફટકારાયો છે. કોર્ટના આદેશ મુજબ, તમામ સજાઓ એકસાથે ભોગવવાની રહેશે. મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે, આ કેસના તમામ આરોપીઓ ૬ વર્ષથી વધુ સમયથી જેલવાસ ભોગવી રહ્યા છે. આ પરિસ્થિતિમાં, કાનૂની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તમામ દોષિતોને જેલમાંથી મુક્ત થવાનો માર્ગ પણ ખુલ્લો થયો છે. વેરાવળ સેશન્સ કોર્ટે આ કેસના મુખ્ય ૫ આરોપી રમેશ જાદવ, રાકેશ જોશી, પ્રમોદ ગૌસ્વામી, નાગજી ડાયા અને બળવંત ગૌસ્વામીને પૂર્વનિયોજિત હુમલો અને અત્યાચાર ગુજારવા બદલ દોષિત ઠેરવ્યા હતા. ગુજરાતમાં વર્ષ ૨૦૧૬માં ખૂબ જ ચર્ચામાં રહેલા ગીર-સોમનાથ જિલ્લાના ઉના દલિતકાંડમાં વેરાવળ કોર્ટે સોમવારે ચુકાદો આપ્યો હતો, જેમાં પાંચ આરોપીને દોષિત ઠેરવવામાં આવ્યા હતા. આ કેસમાં કુલ ૪૨ આરોપીમાંથી પુરાવાના અભાવે ૩૭ આરોપી નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. નિર્દોષ જાહેર કરાયેલા આરોપીમાંથી બેનાં મોત નિપજ્યાં હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. મીડિયા અહેવાલો અનુસાર પીડિતો અને પરિવારોએ કોર્ટના ચુકાદા સામે અસંતોષ વ્યક્ત કર્યો હતો.

## ગુજરાતના ગીર-સોમનાથમાં શ્રીહરિકોટા જેવું સેટેલાઈટ લોન્ચ સેન્ટર બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના સૌરાષ્ટ્રનો ગીર-સોમનાથ જિલ્લો સાસણ ગીરના જંગલો, એશિયાટિક સિંહ અને કેસર કેરી માટે તો જાણીતા જ છે, પરંતુ હવે આ વિસ્તારને એક નવી ઓળખ મળશે. રાજ્ય સરકારે વિધાનસભામાં કરેલી જાહેરાત અનુસાર દીવ અને કોડીનાર વચ્ચે શ્રીહરિકોટા જેવું સેટેલાઈટ લોન્ચ સેન્ટર બનાવવામાં આવશે.

વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રધાન અર્જુન મોઢવાડિયાએ સોમવારે વિધાનસભામાં જાણકારી આપી હતી કે, અવકાશ ક્ષેત્રને મજબૂત કરવા માટે રાજ્ય સરકાર ગીર સોમનાથ જિલ્લામાં કોડિનાર પાસે સેટેલાઇટ લોન્ચપેડ સ્થાપવાની યોજના બનાવી રહી છે.

તેમણે જણાવ્યું હતું કે, દીવ અને કોડિનાર વચ્ચે આવેલી આ સૂચિત જગ્યા સેટેલાઇટને ભ્રમણકક્ષામાં લોન્ચ કરવા માટે દેશના મુખ્ય લોન્ચ સેન્ટર 'સતીશ ધવન સ્પેસ સેન્ટર' (શ્રીહરિકોટા) જેવી જ અનુકૂળ હોવાનું માલૂમ પડ્યું છે.

અર્જુન મોઢવાડિયાએ વધુમાં જણાવ્યું હતું કે ઇન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઇઝેશન સેન્ટર સાથે પરામર્શ કર્યા બાદ આ સ્થળની પસંદગી કરવામાં આવી છે. એપ્રિલ ૨૦૨૫માં 'ગુજરાત સ્પેસ ટેક પૉલિસી' લોન્ચ કર્યા પછી, ગુજરાત સ્પેસ ટેકનોલોજી ઇકોસિસ્ટમ માટે સમર્પિત નીતિ રજૂ કરનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે.

આ ઉપરાંત સાણંદ પાસે ૧૦૦ એકર જમીનમાં સ્પેસ પાર્ક સ્થાપવામાં આવી રહ્યો છે. એઝિસ્ટા એરોસ્પેસ દ્વારા આ પાર્કમાં રૂ. ૫૦૦ કરોડના રોકાણ સાથે સેટેલાઇટ ઉત્પાદન યુનિટનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે.

આ પ્લાન્ટ સેટેલાઇટ ડિઝાઇન, એન્જિનિયરિંગ, એસેમ્બલી અને ટેસ્ટિંગ જેવી તમામ કામગીરી સંભાળશે, તેવી માહિતી તેમણે આપી હતી.

## આજથી ખેડૂતો સહિત સૌની નજર આકાશભણીઃ વરસાદ-ભારે પવનની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં આજથી ત્રણ દિવસ માટે વાતાવરણમાં પલટાની શક્યતા છે. હવામાન વિભાગે ૧૮, ૧૯ અને ૨૦ માર્ચ દરમિયાન સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના અમુક ભાગોમાં વરસાદ પડવાની આગાહી કરી છે. હવમાન વિભાગની આ આગાહીએ કેરીની બાગાયતી કરતા ખેડૂતો સહિત તમામની ચિંતામાં વધારો કર્યો છે. હવામાન ખાતાએ આપેલી માહિતી અનુસાર આજે બુધવારે દ્વારકા, મોરબી, જામનગર, કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા અને પાટણ જિલ્લામાં હળવા વરસાદની સંભાવના છે. ગુરુવારે વરસાદનું જોર વધી શકે અને ઘણા જિલ્લાઓમાં વાતાવરણ પલટાવાની શક્યતા છે. બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, પંચમહાલ, દાહોદ, વડોદરા, સુરત, નવસારી, વલસાડ, કચ્છ, મોરબી, રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, પોરબંદર, દ્વારકા, જામનગરમાં પણ વરસાદ અને ગાજવીજની શક્યતા છે.

તો શુક્રવારે પણ ઉત્તર ગુજરાત અને કચ્છના અમુક જિલ્લામાં વાતાવરણ વરસાદી બની રહશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. દરમિયાન અમદાવાદ સહિત રાજ્યભરમાં ગરમીમાં થોડો ઘટાડો નોંધાયો હતો. ૪૦ અને ૪૧ ડિગ્રીએ પહોંચી ગયેલું મહત્તમ તાપમાન ૩૭થી ૩૮ ડિગ્રી સુધી નોંધાયું હતું.

## સૈરાટઃ બહેનનાં લવમેરેજના ૧૪ વર્ષ બાદ ભાઈએ જીવલેણ હુમલો કર્યો, બનેવી અને ભાણેજ ગંભીર

અમદાવાદઃ આંતરજ્ઞાતીય પ્રેમલગ્નો સતત ચર્ચાનો વિષય બની રહ્યા છે. કચ્છમાં દીકરી અને તેનાં પ્રેમીને પિતાએ કૂવામાં ફેંકી દીધા હોવાની ઘટના બાદ અમદાવાદ જિલ્લાના ધોળકામાં પણ ઑનર કિલિંગની ઘટના બની છે. આ ઘટના સુપરહીટ મરાઠી ફિલ્મ સૈરાટની યાદ અપાવી દે તેવી છે, જેમાં ભાઈએ બહેનનાં પ્રેમલગ્નના ૧૪ વર્ષ બાદ બહેન, બનેવી અને ૧૩ વર્ષીય ભાણેજ પર જીવલેણ હુમલો કર્યો હતો. બહેનની હાલત સ્થિર છે, પરંતુ તેનાં પતિ અને પુત્ર સારવાર હેઠળ હોવાનું અને સ્થિતિ ગંભીર હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. આ અંગે થયેલી પોલીસ ફરિયાદ અનુસાર આ કપલે લગભગ ૧૪ વર્ષ પહેલા પ્રેમલગ્ન કર્યા હતા. પરિવારની સહમતી ન હોવા છતાં બન્નેએ લગ્ન કર્યા હોવાથી કપલ દસેક વર્ષથી ધોળકા છોડી કચ્છમાં રહેતું હતું. ત્રણ દિવસ પહેલા ધોળકા એક ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લેવા માટે કપલ અહીં આવ્યું હતું. મહિલાના ભાઈ રાહુલ વાઘેલાએ બહેન અને તેનાં પરિવારને તેમના ઘર આસપાસના વિસ્તારમાં ન આવવા ધમકી આપી હતી. રવિવારે બહેનના પરિવારે અહીંના ચકલેશ્વર મહાદેવ મંદિરના દર્શન કર્યા હતા અને કાર્યક્રમમાં હાજરી આપી હતી. ત્યારબાદ તેઓ પરત ફર્યા હતા. રહેવા માટે તેમણે હંગામી ધોરણે જે જગ્યા લીધી હતી ત્યારે તેનો ભાઈ ધારિયું લઈ આવ્યો હતો અને તેમના પર કથિત હુમલો કરી દીધો હતો. બહેનની ફરિયાદ અનુસાર આરોપીએ પતિ-પત્ની અને તેમનાં ૧૩ વર્ષીય પુત્ર પર કથિત હુમલો કરી તેમને લોહીલુહાણ કરી દીધા હતા.

## પેકિંગ પર છાપેલી કિંમત કરતા વધુ વસૂલતા ૫૮ વેપારી સામે કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં વેપારીઓ પેકિંગવાળી વસ્તુ પર છાપેલી મૂળ કિંમતથી વધુ કિંમત લઈ શક્તા નથી, છતાં નિયમોનો ભંગ કરી ગ્રાહકો પાસેથી વધારે કિંમત વસૂલતા ૫૮ વેપારી સાથે કાર્યવાહી થઈ હોવાનું સરકારે જણાવ્યું હતું. ગ્રાહક સુરક્ષા બાબતોના પ્રધાન રમણભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, કાનૂની માપ વિજ્ઞાન તંત્ર દ્વારા તા. ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લાના ૩૨ એકમો સામે કાર્યવાહી કરેલી છે. જે પૈકી વડોદરા શહેરના ૧૯ વાઘોડિયામાં એક, પાદરામાં એક, ડભોઈમાં ૦૬ અને સાવલીમાં પાંચ એકમોનો સમાવેશ થાય છે. આ ૩૨ એકમો પાસે રૂ. ૭૪ હજાર જેટલી માંડવાળ ફી વસૂલ કરવામાં આવી છે. આ ઉપરાંત પંચમહાલ જિલ્લામાં ૧૭ અને કચ્છમાં ૦૯ એમ કુલ -૫૮ વેપારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે તેમ, તેમણે ગૃહમાં ઉમેર્યું હતું. વસ્તુઓ પર છાપેલી કિંમત અને એ સાથે અન્ય વિગતો પણ હોય છે. આમ છતાં જો એને છાપેલી કિંમત ઉપર જો કોઈ છેકછાક કરી હોય તો એના નિયમ ૨૦૧૧ મુજબ આ એકમો સામે કાર્યવાહી કરીને ગુનો નોંધવામાં આવે છે. જ્યારે પ્રથમદર્શી ગુનો હોય ત્યારે તેની પાસેથી માંડવાળ ફી તરીકે રૂ. ૫,૦૦૦ થી લઈને રૂ. ૫૦,૦૦૦ સુધી વસૂલ કરવામાં આવે છે. પરંતુ છેલ્લાં ત્રણ વર્ષમાં જો બીજી વાર એ ભૂલ કરે અથવા બીજી વાર જો એ ગુનામાં પકડાય તો એની સામે ન્યાયાલયમાં કેસ દાખલ કરીને આગળની કાર્યવાહી કરવામાં આવે છે તેમ,વિધાનસભા ગૃહમાં પૂછાયેલા પ્રશ્નના ઉત્તરમાં પ્રધાને જણાવ્યું હતું.

## ગુજરાતની સરકારી પ્રાથમિક-માધ્યમિક શાળાઓમાં ૯,૪૪૨ વર્ગખંડની ઘટ

અમદાવાદઃ ગુજરાત વિધાનસભામાં ફરી એક વખત રાજ્યની સરકારી શાળાઓમાં વર્ગખંડોની અછતનો મુદ્દો ચર્ચામાં આવ્યો હતો. વિધાનસભામાં સોમનાથથી કૉંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમાના સવાલના જવાબમાં શિક્ષણ વિભાગે લેખિત માહિતી આપી હતી. જેમાં રાજ્યના અનેક જિલ્લાઓમાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ઓરડાની ઘટ હોવાનો ખુલાસો થયો હતો.

શિક્ષણ વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી રાજ્યના વિવિધ જિલ્લાઓની સરકારી પ્રાથમિક શાળાઓમાં ૮,૫૮૬ અને જ્યારે સરકારી માધ્યમિક શાળાઓમાં ૮૫૬ ઓરડાની અછત નોંધાઈ છે. સૌથી વધુ બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ૧,૧૪૦ ઓરડાની ઘટ છે, જ્યારે માધ્યમિક શાળાઓમાં ૬૨ ઓરડાની અછત નોંધાઈ છે. રાજ્યના અનેક જિલ્લાઓમાં પણ વર્ગખંડોની અછત જોવા મળી રહી છે.

અહેવાલ મુજબ, છોટા ઉદેપુર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ૫૭૭ ઓરડાની ઘટ, પંચમહાલ જિલ્લામાં ૫૬૯ ઓરડાની ઘટ, ખેડા જિલ્લામાં ૫૨૪ ઓરડાની ઘટ, દાહોદ જિલ્લામાં ૪૯૩ ઓરડાની ઘટ જ્યારે મહીસાગર, મહેસાણા, વડોદરા, ભાવનગર અને અમરેલી સહિતના જિલ્લાઓમાં પણ સેંકડો વર્ગખંડોની અછત નોંધાઈ છે. સરકારે આપેલી માહિતી મુજબ સૌરાષ્ટ્ર પ્રદેશના ગીર સોમનાથ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ૧૫૨ ઓરડાની ઘટ છે, જ્યારે માધ્યમિક શાળાઓમાં ૫ ઓરડાની અછત છે. ઉના, વેરાવળ, ગીર ગઢડા, કોડીનાર અને સુત્રાપાડા સહિતના તાલુકાઓમાં પણ ઓરડાની ઘટ નોંધાઈ છે. તે જ રીતે જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ૧૦૭ ઓરડાની ઘટ છે અને માધ્યમિક શાળાઓમાં ૯ ઓરડાની અછત દર્શાવવામાં આવી છે. કેશોદ, માણાવદર, મેંદરડા અને વંથલી સહિતના તાલુકાઓમાં પણ વર્ગખંડોની અછત જોવા મળી છે.

રાજ્યમાં અનેક જિલ્લાઓમાં વર્ગખંડોની અછત બહાર આવતા શિક્ષણ વ્યવસ્થા અંગેના સરકારી દાવાની પોલ ખૂલી ગઈ છે. વર્ગખંડોની અછતના કારણે વિદ્યાર્થીઓને પૂરતી સુવિધા મળી રહી છે કે નહીં તે મુદ્દે ચર્ચા શરૂ થઈ છે. જો કે આ મુદ્દે મામલે શિક્ષણ વિભાગે જણાવ્યું છે કે શાળાઓમાં જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ કરાવવા માટે તબક્કાવાર પગલાં લેવામાં આવી રહ્યા છે.

## દક્ષિણ ગુજરાતમાં પર્યટન ધમધમશેઃ અંતરિયાળ સ્થળોના રોડ રસ્તા અપગ્રેડ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દક્ષિણ ગુજરાતના પ્રાકૃતિક અને ધાર્મિક પર્યટન સ્થળોએ જવાનું પ્રવાસીઓ માટે સહેલું અને સુખરૂપ બને તે માટે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સુરત ઇકોનોમિક રિજિયન (એસઈઆર) યોજના (ફેઝ ૧) અતંર્ગત સુરત, નવસારી, તાપી, વલસાડ અને ડાંગ જેવા જિલ્લાઓમાં વિવિધ રસ્તાઓ બનાવવા અને અપગ્રેડ કરવા સહિતના વિવિધ પ્રોજેક્ટ્સ માટે રૂ. ૧૧૮૫ કરોડ જેટલી માતબર રકમ મંજૂર કરી છે.

આ યોજનામાં પ્રવાસન સ્થળોને જોડતા રસ્તાઓ માટે પણ રકમ ફાળવવામાં આવી છે. આ યોજના અતંર્ગત જિલ્લાઓમાં માર્ગોને પહોળા કરાશે, તેને મજબૂત કરાશે. જરૂરી જગ્યાએ આ રસ્તાઓ ચાર અને છ લેન કરાશે અને કેટલાંક શહેરોમાં બાયપાસ માર્ગોનું નિર્માણ કરાશે, તેમ રાજ્ય સરકારે જણાવ્યું હતું.

પર્યટન સ્થળોની વાત કરીએ તો સુરતના સુવાલી બીચ પર પહોંચવા માટે સુરતનાં દરિયાકાંઠે આવેલા મોરાસુવાલી બીચ માર્ગનો વિકાસ કરાશે. આવી જ રીતે સુવાલી બીચ રોડ કોસ્ટર હાઈવે ફેઝ-૧ અંતર્ગત ૧૦.૦૦ મી પહોળો કરવામાં આવ્યો હતો અને ત્યાર પછી સુવાલી બીચનો સુરત જિલ્લાના પ્રવાસન સ્થળમાં સમાવેશ કરાયો હતો. હવે હજ્જારોની સંખ્યામાં સહેલાણીઓ આ બીચની મુલાકાત લે છે. આથી, મોરાથી સુવાલી બીચ રોડ ફોર લેન કરવામાં આવશે.

આવી જ રીતે મહાત્મા ગાંધીની ઐતિહાસિક દાંડીયાત્રાનાં રૂટ પર હવે સહેલાઇથી પ્રવાસ કરી શકાશે. અમદાવાદ-દાંડી હેરિટેજ રૂટ- પર આવતા કદરામા, એરથાણ, ટકરામા, ભટગામ, મોહમ્મંદપુરા, ગોલા, સાંધિયેર ગામને આ રસ્તો જોડે છે. આ રસ્તાને ત્રણ મીટરમાંથી સાત મીટર પહોળો કરાશે.

આવી જ રીતે વલસાડ જિલ્લામાં ઉમરસાડીથી કોલક નદી કોસ્ટલ હાઇ-વે પર કોઝ-વે બનશે. આ કોસ્ટલ હાઇ-વે વલસાડ અને દમણને જોડતો અગત્યનો રસ્તો છે. આ નયનરમ્ય રસ્તો દમણ, ઉદવાડા અગિયારી, ઉમરસાડી વોક-વે બ્રિજ વગેરે પ્રવાસન સ્થળોને જોડતો રસ્તો છે. હયાત ૧૦ મીટર રસ્તાને હવે પહોળો કરીને ફોન-લેન કરવામાં આવશે.

ડાંગમાં વઘઇથી આહવા જવાનો રાજ્ય ધોરીમાર્ગ ડાંગ જિલ્લાનાં અન્ય ગામોને જિલ્લા મથક સાથે જોડે છે અને પ્રવાસન તથા યાત્રાધામની દ્રષ્ટિએ ઘણી અગત્યતા ધરાવે છે. આ રસ્તો શબરીધામ, પંપા સરોવર, અગ્નિકુંડ, પાંડવ ગુફા, વગેરે જેવા પવિત્ર યાત્રાધામમાં તથા ડોન હિલ સ્ટેશન, મહાલ કેમ્પ સાઇટ, , દેવનીમાળ કેમ્પ સાઇટ, સાપુતારા હિલ સ્ટેશન તેમજ સ્ટેચ્યૂ ઓફ યુનિટીથી સાપુતારા જેવા પ્રવાસન સ્થળો માટે અત્યંત મહત્ત્વનો રસ્તો છે. આ રસ્તો હવે ચાર-માર્ગીય થશે અને લોકો ઝડપથી અતંરિયાળ વિસ્તારમાં આવેલા પ્રવાસન સ્થળોએ શકશે.

દક્ષિણ ગુજરાતનાં પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર એવા પ્રવાસન અને યાત્રાધામો જેવા કે, કેવડી ઇકો-ટુરિઝમ સાઇટ (માંડવી), પદમડુંગરી ઇકો-ટુરિઝમ સાઇટ (ડોલવણ), ઉનાઇ મંદિર (વાંસદા), વઘઇ બોટનિકલ ગાર્ડન, વાંસદા નેશનલ પાર્ક (વાંસદા), પુર્ણા વન્યજીવ અભયારણ્ય અને ગીરા ધોધ જેવા અનેક સ્થળોએ માનવ મહેરામણ ઉમટી પડે છે.

## આઈઆઈએમ અમદાવાદ તેના દુબઈ કેમ્પસના વિદ્યાર્થીઓને ભારત શિફ્ટ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઈરાન યુદ્ધના કારણે ખાડી દેશો જેવા કે યુએઈ, સાઉદી અરેબિયા, કતાર, બહેરીન સહિતમાં તંગદીલી સર્જાઈ છે. તેમાં પણ યુએઈના બિઝનેસ હબ મનતા દુબઈમાં સતત ઈરાની ડ્રોન હુમલાના કારણે જનજીવન પર અસર થઈ રહી છે. આ પરિસ્થિતિમાં અમદાવાદ સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (આઈઆઈએમ)એ તેના દુબઈ કેમ્પસના વિદ્યાર્થીઓને અમદાવાદ કેમ્પસમાં સ્થળાંતરિત કરવાનો નિર્ણય લીધો છે. આ વિદ્યાર્થીઓના અભ્યાસ પર વિપરીત અસર થતા આઈઆઈએમ અમદાવાદાના મેનેજમેન્ટએ આ નિર્ણય લીધો હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. યુદ્ધથી પ્રભાવિત આ વિદ્યાર્થી સમૂહમાં આઈઆઈએમ અમદાવાદના દુબઈ કેમ્પસમાં ચાલી રહેલા એક વર્ષના એક્ઝિક્યુટિવ એમબીએ પ્રોગ્રામની પહેલી બેચના ૩૫ વિદ્યાર્થીઓ છે. ઈરાન-ઈઝરાયલ-અમેરિકા વચ્ચે ચાલી રહેલા યુદ્ધના કારણે હવાઈ ક્ષેત્ર પર પ્રતિબંધ અને સુરક્ષા સંબંધી ચિંતાઓ બહાર આવી ત્યારે આ વિદ્યાર્થીઓ એક ઈન્ટરનેશનલ ઈમર્શન મોડ્યૂલ માટે સ્પેનમાં હતા.

આ વિદ્યાર્થીઓના ક્લાસ ઓનલાઈન કરવાના બદલે આઈઆઈએમએ સંપુર્ણ બેચને જ અમદાવાદ શિફ્ટ કરવાનો નિર્ણય કર્યો હતો. જેથી કરીને ક્લાસરૂમમાં થતી ચર્ચા પર કોઈ અસર ન પડે અને કોઈ વિઘ્ન વગર જ તેમનો અભ્યાસ યથાવત રીતે પૂરો કરી શકે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, જ્યાં સુધી ખાડી દેશોમાં પરિસ્થિતી સામાન્ય નથી થતી ત્યાં સુધી આ વિદ્યાર્થીઓ આઈઆઈએમ અમદાવાદમાં રહીને તેમનો કોર્સ પૂરો કરશે.

વિદ્યાર્થીઓને ભારતમાં શિફ્ટ કરવાનો આ નિર્ણય દુબઈની સ્થાનિક પરિસ્થિતિ અને તેના થકી વિદ્યાર્થીઓના અભ્યાસ પર થઈ રહેલી વિપરીત અસર પણ ગંભીરતાપૂર્વક વિચાર કર્યા બાદ આઈઆઈએમ અમદાવાદના ટોચના મેનેજમેન્ટ અને દુબઈ કેમ્પસના વહીવટીતંત્ર દ્વારા સંયુક્તપણે લેવામાં આવ્યો હતો.

## દુબઈમાં અમીરાતની ફ્લાઇટને ઉતરણની મંજૂરી ન મળતા અમદાવાદ એરપોર્ટ પરત ફરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઈરાન-ઈઝરાયેલ-અમેરિકા યુદ્ધના કારણે ખાડી દેશોમાં સ્થિતિ દિનપ્રતિદિન ખરાબ થઈ રહી છે. પશ્ચિમ એશિયામાં વધતા તણાવની અસર હવે આંતરરાષ્ટ્રીય ઉડાનો પર પણ દેખાવા લાગી છે. ક્ષેત્રીય પરિસ્થિતિને જોતા દુબઈના મુખ્ય એરપોર્ટે કેટલીક એરલાઈન્સની ઉડાનો માટે લેન્ડિંગ પરમિશન અસ્થાયી રૂપથી રોકી દીધી છે. આ નિર્ણય સુરક્ષા કારણોસર લેવામાં આવ્યો હતો અને તેની અસર ભારતથી દુબઈ જતી ફ્લાઈટ પર પણ પડી શકે છે.

દુબઈ એરપોર્ટ પર ડ્રોન હુમલા બાદ ફ્લાઈટ શિડ્યુઅલ ખોરવાયું હતું. પરિણામે, કેટલીક ફ્લાઇટ્સ માટે લેન્ડિંગ પરવાનગીઓ અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવી હતી. અમદાવાદ-દુબઈની એક ફ્લાઈટને અધવચ્ચે જ ઉતરણની મંજુરી ન મળતા તે ફ્લાઈટને અમદાવાદના સરદાર પટેલ એરપોર્ટ પર પરત ફરવાની ફરજ પડી હતી. ૨૫૦ થી વધુ મુસાફરોને લઈને અમીરાતની એક ફ્લાઇટ સવારે ૫:૧૧ વાગ્યે રવાના થઈ હતી, પરંતુ દુબઈએ ફ્લાઇટ કામગીરી અસ્થાયી રૂપે સ્થગિત કર્યા પછી તેને પરત ફરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. વિમાન સવારે ૭:૫૫ વાગ્યે અમદાવાદમાં સુરક્ષિત રીતે ઉતર્યું હતું. મંગળવાર માટે આ ફ્લાઇટ રદ કરવામાં આવી હતી, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

## વ્યાજખોરોનો આતંકઃ એકલા અમદાવાદમાં બે વર્ષમાં ૧૮૭ ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વ્યાજના ચક્રમાં ફસાઈને અનેક પરિવારો તબાહ થઈ ગયા છે. આ મામલે પોલીસ અને સરકાર આકરી કાર્યવાહી કરતી હોવા છતાં ઘટનાઓ બન્યા કરે છે. છેલ્લાં બે વર્ષમાં જ અમદાવાદ જિલ્લામાં ૧૮૭ વ્યાજખોરીની ફરિયાદો નોંધાઈ હોવાનું વિધાનસભામાં સરકારે જણાવ્યું હતું. સરકાર દ્વારા વિધાનસભામાં આપવામાં આવેલી માહિતી મુજબ, ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં માત્ર અમદાવાદ શહેરમાં જ વ્યાજખોરીને લગતી ૧૩૮ જેટલી ફરિયાદો પોલીસ ચોપડે નોંધાઈ છે. આ ફરિયાદોના આધારે પોલીસ દ્વારા વ્યાપક તપાસ હાથ ધરીને ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલાં તત્ત્વો સામે લાલ આંખ કરવામાં આવી હોવાનું સરકારે જણાવ્યું હતું. આ ફરિયાદોના અનુસંધાને અમદાવાદ શહેરમાં કુલ ૩૭૫ જેટલા ઇસમ વિરુદ્ધ કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી છે. આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો જેવી કે ગુનાહિત કાવતરું, ધાકધમકી, છેતરપિંડી અને ખંડણી સહિતની ગંભીર કલમો હેઠળ ગુના દાખલ કરાયા છે. આ ઉપરાંત, વ્યાજખોરો પર લગામ કસવા માટે ગુજરાત નાણાં ધીરધાર અધિનિયમ-૨૦૧૧, આર્મ્સ એક્ટ અને એટ્રોસિટી એક્ટની જોગવાઈઓનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે, જે દર્શાવે છે કે તંત્ર વ્યાજખોરીના આ ચક્રને તોડવા માટે મક્કમ છે. અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં પણ વ્યાજખોરો સામેની ઝુંબેશ તેજ બનાવવામાં આવી છે, જ્યાં વિવિધ તાલુકાઓમાંથી અનેક ફરિયાદો મળી છે. આંકડાકીય વિગત મુજબ, ધોળકા તાલુકામાં સૌથી વધુ ૪૭ ઇસમો, બાવળામાં ૨૬, સાણંદમાં ૨૪ અને ઘાટલોડિયામાં ૧૭ ઇસમો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત ધંધુકા, વિરમગામ, માંડલ અને દસક્રોઇ જેવા તાલુકાઓમાં પણ ગુજરાત નાણાં ધીરધાર અધિનિયમ હેઠળ ગુના નોંધીને વ્યાજખોરો વિરુદ્ધ તપાસનો ધમધમાટ તેજ કરવામાં આવ્યો છે, તેમ સરકારે જણાવ્યું હતું.

## ગુજરાતના પાંચ જજને તાત્કાલિક અસરથી ફરજિયાત નિવૃત્ત કરવાનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે રાજ્યની ન્યાયપાલિકાના સંબંધમાં એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો હતો. રાજ્ય સરકારના કાયદા વિભાગે સોમવારે જાહેર હિતમાં પાંચ જજને તાત્કાલિક અસરથી સમય પહેલા જ સેવા નિવૃત્ત કરવાનો આદેશ કર્યો હતો.

આ નિર્ણય રાજ્યપાલના આદેશ બાદ અને હાઈ કોર્ટની ભલામણના આધારે લેવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું. સરકારના આ પગલાને ન્યાયતંત્રમાં પારદર્શિતા અને કાર્યક્ષમતા વધારવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યું છે.

નિવૃત્ત કરાયેલા પાંચ જજમાં મોરબીના પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજ પ્રથમેશ વી. શ્રીવાસ્તવ તથા ફેમિલી કોર્ટના પ્રિન્સિપલ જજ પ્રશાંત વી. જોષી, પોરબંદરના ફેમિલી કોર્ટના પ્રિન્સિપલ જજ મોહમ્મદ ઈલિયાસ એફ. માંડલી, રાજકોટ (ધોરાજી)ના થર્ડ એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ અલીહુસેન એમ. શેખ અને મોડાસાના એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ કીર્તિકુમાર જે. દરજીનો સમાવેશ થાય છે.

સરકારી નોટિફિકેશન મુજબ, આ જજને નોટિસ અવધીના બદલે ત્રણ મહિનાનો પગાર અને ભથ્થું આપવામાં આવશે.

## ઔડાએ અમદાવાદના કોટેશ્વરના ૩૩ આવાસ ખાલી કરવા નોટિસ ફટકારાઈ

અમદાવાદઃ શહેરમાં રહેતા આર્થિક રીતે નબળા વર્ગ માટે અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા) ખાસ આવાસો બનાવે છે. ઔડા દ્વારા ઈડબ્લ્યુએસ યોજના હેઠળ ગાંધીનગર જિલ્લાના મોજે-કોટેશ્વર ખાતે 'મધુરમિલન આવાસ યોજના'નું નિર્માણ કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ડ્રો પદ્ધતિ દ્વારા આ યોજનાના કુલ ૨૬૬ યુનિટની ફાળવણી કરવામાં આવી હતી. ગાંધીનગરના વિકસિત વિસ્તારમાં આવેલી આ આવાસ યોજના લિફ્ટ, સીસીટીવી કૅમેરા, ગાર્ડન અને સોલાર જેવી અત્યંત આધુનિક સુવિધાઓથી સજ્જ છે. મોટેરાની નજીક હોવાને કારણે આ વિસ્તાર ખૂબ જ ઝડપી વિકાસ પામી રહ્યો છે.

આ આવાસ યોજનામાં મકાનોની ફાળવણી બાદ કેટલાક આવાસધારકોએ શરતોનો ભંગ કરી મકાનો ભાડે આપી દીધા હોવાનું વહીવટી તંત્રના ધ્યાને આવ્યું હતું. આ સંદર્ભે, ઔડાએ વિવિધ તપાસ ટીમોનું ગઠન કર્યું હતું. ૧૭ માર્ચ ૨૦૨૬ના રોજ સવારે ૦૭:૦૦ વાગ્યાથી મધુરમિલન આવાસના કુલ આઠ બ્લોકના ૨૬૬ મકાનની આકસ્મિક તપાસણી હાથ ધરવામાં આવી હતી.

## પિતા અને દાદા-દાદીના કથિત ત્રાસથી કંટાળી ૧૭ વર્ષીય સગીરની આત્મહત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ માતા સાથે રહેતા એક ૧૧ સાયન્સના વિદ્યાર્થીએ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી હોવાની ઘટના અમદાવાદના રાણીપ વિસ્તારમાં ઘટી હતી. દુઃખની વાત તો એ છે કે સગીરે આ પગલાં માટે પિતા, દાદા-દાદીના ત્રાસને જવાબદાર ઠેરવ્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર આ સગીર તેની નાની બહેન અને માતા સાથે ભાડાના મકાનમાં રહેતાં હતાં. માતાના જણાવ્યા અનુસાર પતિ દારૂ પીને આવતો હતો અને માતા-પુત્રને સતત પરેશાન કરતો હોવાથી અમુક મહિનાથી તેઓ અહીં રહેવા આવ્યાં હતાં. પિતા જ્યાં મા સાથે મારપીટ કરતો ત્યારે પુત્ર તેને બચાવવા આવતો હોવાથી પિતા તેને વધારે પરેશાન કરતા હોવાનું માતાએ ફરિયાદમાં જણાવ્યું હતું. માતાએ એમ પણ જણાવ્યું હતું કે એકવાર પિતા ચાકુ લઈ દીકરાની સ્કૂલે ગયા હતા અને તેની સાથે માથાકૂટ કરી હતી. આ ઘટનાઓએ દીકરાને ભયભીત અને હતાશ કરી નાખ્યો હતો. આ સાથે દાદા-દાદી અને પિતાના પરિવારના અન્ય સભ્યો પણ મા-દીકરાને સતત રંજાડતા તમે બન્ને મરી જાઓ તો સારું, તેવા ટોણાં પણ મારતા હતા.

દસમી માર્ચે માતા દીકરાને ફોન કરી રહી હતી, પરંતુ તે ઉપાડતો ન હોવાથી તેણે પડોશીને ફોન કર્યો હતો. પડોશીએ ઘરે જઈને જોયું ત્યારે દીકરાએ ગળેફાંસો ખાઈ લીધો હોવાનું જાણમાં આવ્યું હતું. પોલીસને ત્રણ પાનાની સ્યૂસાઈડ નોટ મળી આવી હતી, જે કથિત રીતે સગીર દ્વારા લખાયેલી હતી, જેમાં પારિવારિક ઝઘડાઓને લીધે સખત માનસિક ત્રાસ અનુભવતો હોવાનું તેણે લખ્યું હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળે છે.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# થાણેમાં ગૂડીપડવાની રેલી માટે ટ્રાફિકમાં ફેરફાર

થાણેઃ થાણેમાં ગૂડી પડવાના દિવસે નવવર્ષ સ્વાગત યાત્રા કાઢવામાં આવે છે, જેમાં હજારો નાગરિકો સહભાગી થાય છે. આ રેલી દરમિયાન ટ્રાફિક જામની સમસ્યા ટાળવા માટે થાણે પોલીસે શહેરમાં ટ્રાફિકના નિયમોમાં ફેરફાર કર્યો છે અને ગુરુવારે વહેલી સવારે પાંચ વાગ્યાથી બપોરે ૩ વાગ્યા સુધી આ ફેરફારો લાગુ રહેશે.

આ સ્વાગત યાત્રા થાણે માર્કેટમાં શ્રી કૌપીનેશ્વર મંદિરથી શરૂ થાય છે. થાણેકરોની સાથે જનપ્રતિનિધિઓ અને રાજકીય પક્ષોના નેતાઓ પણ આ સ્વાગત યાત્રામાં ભાગ લે છે. સ્વાગત યાત્રામાં લગભગ ચારથી પાંચ હજાર નાગરિકો ભાગ લે તેવી અપેક્ષા હોવાથી થાણે ટ્રાફિક પોલીસે ટ્રાફિક ફેરફારો લાગુ કર્યા છે.

ડો. મૂઝ ચોકથી સાંઈ કૃપા રેસ્ટોરન્ટ તરફ જતા વાહનોને ડો. મૂઝ ચોકમાં પ્રવેશવા પર પ્રતિબંધ રહેશે. અહીંના વાહનોને જાંભળીનાકા, ચિંતામણિ ચોક થઈને ડાયવર્ટ કરવામાં આવશે. રામ મારુતિ રોડ થઈને ગોખલે રોડ તરફ જતા વાહનોને વંદના સિનેમા પાસે પ્રવેશવા પર પ્રતિબંધ રહેશે. અહીંના વાહનો ગજાનન મહારાજ ચોક પર ડાબે વળાંક લેશે અને દગડી શાલા, ચિંતામણ જ્વેલર્સ ચોક થઈને આગળ વધશે. ગોખલે રોડથી પી.એન. ગાડગીલ ચોક થઈને રામ મારુતિ રોડ તરફ જતા વાહનોને માધવી હાઉસમાં પ્રવેશવા પર પ્રતિબંધ રહેશે. અહીંના વાહનો ગોખલે રોડ પર કેમ્બ્રિજ પરિસર, સત્મમ કલેક્શન શોપ, ઘંટલી દેવી મંદિર રોડ, પી.એન. ગાડગીલ ચોક તરફ ડાબે વળાંક લેશે અને ગજાનન મહારાજ ચોક થઈને આગળ વધશે. મસુંદા તળાવ, ગડકરી ચોકથી ડો. મૂઝ ચોક તરફ જતા વાહનોને ગડકરી ચોકમાં પ્રવેશવા પર પ્રતિબંધ રહેશે. અહીંના વાહનો ગડકરી ચોક, દગડી શાલા, અલમેડા ચોક થઈને જશે. ખોપટ સિગ્નલ થઈને અલમેડા રોડ સિગ્નલ તરફ જતા વાહનોને વંદના સિનેમા પાસે પ્રવેશવા પર પ્રતિબંધ રહેશે. અહીંના વાહનો સિગ્નલ નજીકથી મહાપાલિકા ચોક, નીતિન કંપની થઈને જશે.

ચિંતામણિ ચોકથી ગડકરી ચોક સુધી બંને દિશામાં પાર્કિંગ પ્રતિબંધિત રહેશે. રામ મારુતિ રોડની ગજાનન મહારાજ ચોક અને ગોખલે રોડ વચ્ચેની બંને બાજુ અને સાંઈ કૃપા રેસ્ટોરન્ટથી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સુધીના રસ્તાની બંને બાજુ પાર્કિંગ પ્રતિબંધિત રહેશે.

# બોઈસરની ફાર્માસ્યુટિકલ કંપનીમાં આગ

પાલઘરઃ પાલઘર જિલ્લામાં બોઈસર ખાતે આવેલી એક ફાર્માસ્યુટિકલ કંપનીમાં મંગળવારની સવારે આગ લાગી હતી. ડિસ્ટ્રિક્ટ ડિઝાસ્ટર મૅનેજમેન્ટ સેલના ચીફ વિવેકાનંદ કદમે જણાવ્યું હતું કે આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી. સવારે ૮.૩૦ વાગ્યાની આસપાસ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં આવેલી કંપનીમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આગની જાણ થતાં ચાર ફાયર એન્જિન સાથે ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

# સ્પીકરના નિર્દેશ છતાં મહારાષ્ટ્ર સરકાર એલપીજી પરિસ્થિતિ જણાવવા તૈયાર નથીઃ જયંત પાટીલ

મુંબઈઃ વિધાનસભા અધ્યક્ષ (સ્પીકર)ના નિર્દેશો છતાં મહારાષ્ટ્ર સરકાર એલપીજી સિલિન્ડરોની વ્યાપક અછત અંગે ચર્ચા કરવા અને માહિતી શેર કરવા તૈયાર નથી એવો આરોપ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ વિધાનસભા પક્ષના નેતા જયંત પાટીલે મંગળવારે કર્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજ્ય અને કેન્દ્ર સરકાર ગેસ કટોકટીને પહોંચી વળવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ છે અને મહાયુતિ સરકાર પર વિપક્ષ પર દોષનો ટોપલો ઢોળવાનો પ્રયાસ કરી રહી છે. વિધાન ભવન પરિસરમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં પાટીલએ વધુમાં જણાવ્યું હતું કે સરકારે લોકોને અને તમામ રાજકીય પક્ષોને વિશ્વાસમાં લેવા જોઈએ. એલપીજીની વ્યાપક અછત છે, દરેક જગ્યાએ લાંબી કતારો જોવા મળી રહી છે. આ પરિસ્થિતિ આવકાર્ય નથી અને મુખ્ય પ્રધાનએ અત્યાર સુધીમાં દરમિયાનગીરી કરવી જોઈતી હતી. સરકાર એલપીજી પરિસ્થિતિ અંગે જાણકારી આપવા તૈયાર નથી અને વિધાનસભામાં આ મુદ્દા પર ચર્ચા કરવા પણ તૈયાર નથી. આંતરરાષ્ટ્રીય સ્તરે થઈ રહેલા ફેરફારના સંદર્ભમાં તેમણે જણાવ્યું હતું કે દેશમાં આવતા જહાજો વિશે ગાઈવગાડીને વાત કરવામાં આવે છે પણ હકીકતમાં આવા ઘણા પુરવઠાની દરરોજ જરૂર પડે છે. ઈરાન જેવા દેશો સાથેના તણાવપૂર્ણ સંબંધો પુરવઠાને અસર કરી રહ્યા છે.

ભારતીય એલપીજી કેરિયર્સ ‘શિવાલિક’ અને ‘નંદા દેવી’ હોર્મુઝ સામુદ્રધુની પસાર કર્યા પછી ગુજરાતના મુન્દ્રા અને વાડીનાર બંદરો પર સુરક્ષિત રીતે પહોંચી ગયા છે. (પીટીઆઈ)

# મુંબઈમાં મ્હાડાનાં ૨૫૦૦ ઘરોની ટૂંક સમયમાં લોટરી, પણ અલ્પ આવક જૂથને મળશે નિરાશા

મુંબઈઃ મ્હાડા દ્વારા મુંબઈમાં પોતાના ઘરનું સ્વપ્ન સાકાર કરવાની નાગરિકોની રાહ હવે ટૂંક સમયમાં સમાપ્ત થવા જઈ રહી છે. મ્હાડાના મુંબઈ બોર્ડે મે મહિનામાં ડ્રો કાઢવાની તૈયારીઓ તેજ કરી દીધી છે. બોર્ડ અંદાજે ૨૫૦૦ ઘરો માટે ડ્રોનું આયોજન કરશે અને આ માટે એપ્રિલના પ્રથમ સપ્તાહમાં જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવશે. જોકે, આ ડ્રોમાં મધ્યમ અને ઉચ્ચ આવક ધરાવતા જૂથો માટેના ઘરોની સંખ્યા વધુ હશે. અલ્પ આવક ધરાવતા જૂથો માટે સરખામણીએ ઓછા ઘરો હોવાની શક્યતા હોવાથી સામાન્ય લોકોમાં નિરાશા જોવા મળી શકે છે.

દર વર્ષે સામાન્ય લોકો મુંબઈમાં મ્હાડાના ઘરોની લોટરીની આતુરતાથી રાહ જોતા હોય છે. વર્ષ ૨૦૨૦ થી ૨૦૨૨ દરમિયાન મુંબઈમાં ઘરો માટે કોઈ ડ્રો કાઢવામાં આવ્યો ન હતો. તેમજ ૨૦૨૫ માં પણ લોટરી પ્રક્રિયામાં વિરામ આવ્યો હતો. હવે ૨૦૨૬માં મુંબઈ બોર્ડે ડ્રો યોજવાનો નિર્ણય લીધો છે અને તે માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે.

તે મુજબ એપ્રિલના પહેલા અઠવાડિયામાં આશરે ૨૫૦૦ ઘરોની લોટરી માટે જાહેરાત પ્રકાશિત કરવામાં આવશે, મુંબઈ બોર્ડના મુખ્ય અધિકારી મિલિંદ બોરીકરે માહિતી આપી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, જે પ્રોજેક્ટ્સનું કામ એક વર્ષમાં પૂર્ણ થઈ શકે તેમ હોય તેવા નિર્માણાધીન ઘરોનો આ લોટરીમાં સમાવેશ કરવામાં આવશે. તે મુજબ કન્નમવાર નગરના મધ્યમ જૂથના ૧૨૨૧ અને સાયન પ્રતીક્ષા નગરના મધ્યમ જૂથના ૩૫૨ ઘરોનો આ લોટરીમાં સમાવેશ થશે. સાથે જ મ્હાડાના મુંબઈ ઇમારત દુરસ્તી અને પુનર્રચના બોર્ડને પુનઃવિકાસ અંતર્ગત ઉપલબ્ધ થયેલા ઘરોમાંથી અલ્પ, મધ્યમ અને ઉચ્ચ જૂથના ૧૫૦ થી ૨૦૦ ઘરો પણ લોટરી માટે મુંબઈ બોર્ડને આપવામાં આવશે. બાકીના ઘરો બોરીવલી સહિત અન્ય વિસ્તારોના છે.

કન્નમવરનગરમાં ૩૨ માળની ઇમારતમાં આ ઘરો આશરે ૮૦૦ ચોરસ ફૂટના છે અને સૂત્રો દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર આ ઘરોની કિંમતો ૮૦ થી ૯૦ લાખની વચ્ચે હોવાની શક્યતા છે. તે જ સમયે, પ્રતિક્ષાનગરમાં ૨૨ માળની ઇમારતમાં આ ઘરો આશરે ૭૭૭ ચોરસ ફૂટના છે. આ ઘરો એકથી દોઢ કરોડની વચ્ચે વેચાય તેવી શક્યતા છે.

# અપૂરતા દસ્તાવેજો અંગે રહેવાસીઓને નોટિસ જારી કરતું ડીઆરપી

## દસ્તાવેજો સબમિટ કરવા માટે છેલ્લાં ૧૫ દિવસની મુદત છે

મુંબઈઃ ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટ (ડીઆરપી) સત્તાવાળાઓએ એવા રહેવાસીઓને અંતિમ નોટિસ જારી કરી છે જેમણે પાત્રતા સર્વેક્ષણ માટે જરૂરી દસ્તાવેજો સબમિટ કર્યા નથી. તેમને પુનર્વિકાસ પ્રક્રિયામાં ભાગ લેવાની અંતિમ તક પૂરી પાડે છે.

ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટ ડીઆરપી/એસઆરએ મહારાષ્ટ્ર સરકાર દ્વારા ન્યાયી, પારદર્શક અને સમાવિષ્ટ પુનર્વિકાસ સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્ય સાથે અમલમાં મૂકવામાં આવી રહ્યો છે. આ પ્રયાસના ભાગ રૂપે, રહેવાસીઓ પાસેથી દસ્તાવેજો એકત્રિત કરવા અને તેમની પાત્રતાનું મૂલ્યાંકન કરવા માટે અગાઉ એક વિગતવાર ડોર-ટુ-ડોર સર્વે પૂર્ણ કરવામાં આવ્યો હતો.

છેલ્લાં કેટલાક મહિનાઓથી બધા રહેવાસીઓને તેમના દસ્તાવેજો સબમિટ કરવામાં મદદ કરવા માટે અનેક સૂચનાઓ, રીમાઇન્ડર્સ અને સુવિધા શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું. જાગૃતિ લાવવા અને લોકોને આ પ્રક્રિયામાં મદદ કરવા માટે ખાસ આઉટરીચ પ્રયાસો પણ હાથ ધરવામાં આવ્યા હતા. જ્યારે બાકીના ઘણા રહેવાસીઓએ પ્રતિભાવ આપ્યો છે અને તેમની વિગતો સબમિટ કરી છે, ત્યારે કેટલાકને વારંવાર તકો આપવા છતાં દસ્તાવેજીકરણ પૂર્ણ કર્યું નથી, તેમ ડીઆરપી/એસઆરએના સીઇઓ ડો. મહેન્દ્ર કલ્યાણકરે જણાવ્યું હતું.

ડીઆરપી નોટિસ મુજબ, જે રહેવાસીઓએ હજુ સુધી તેમના ફોર્મ સબમિટ કર્યા નથી તેમને આગામી ૧૫ દિવસમાં આમ કરવા વિનંતી છે. નિયુક્ત કાર્યાલયમાં રૂબરૂ, કુરિયર દ્વારા અથવા પોસ્ટ દ્વારા સબમિટ કરી શકાય છે. જો આપેલા સમયમર્યાદામાં દસ્તાવેજો પ્રાપ્ત નહીં થાય, તો લાગુ નિયમો અને સરકારી ઠરાવો જીઆર અનુસાર, ડીઆરપી/એસઆરએ ઉપલબ્ધ રેકોર્ડ અને સત્તાવાર ડેટાના આધારે પાત્રતા નિર્ણયો લેશે.

# ક્રિપ્ટોકરન્સીમાં રોકાણને નામે ઈન્સ્યોરન્સ કન્સલ્ટન્ટ સાથે ૭૧ લાખની છેતરપિંડી

થાણેઃ ક્રિપ્ટોકરન્સી ટ્રેડિંગમાં રોકાણની લાલચે સાયબર ઠગ ટોળકીએ થાણેના મુંબ્રા ખાતે રહેતા ઈન્સ્યોરન્સ કન્સલ્ટન્ટ સાથે ૭૧ લાખ રૂપિયાની કથિત છેતરપિંડી કરી હતી. ૪૨ વર્ષના ઈન્સ્યોરન્સ કન્સલ્ટન્ટની ફરિયાદને આધારે મુંબ્રા પોલીસે છ જણ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. મુંબ્રાના કૌસા પરિસરમાં રહેતા ફરિયાદીનો સંપર્ક સાધી આરોપીએ એક કંપનીમાં નાણાં રોકવા પ્રેર્યો હતો. આ કંપની ક્રિપ્ટોકરન્સી પ્લૅટફોર્મ સાથે જોડાયેલી હતી. રોકાણ પર આકર્ષક વળતરની લાલચ ફરિયાદીને આપવામાં આવી હતી. ફરિયાદીએ ઑગસ્ટ, ૨૦૨૫થી માર્ચ, ૨૦૨૬ દરમિયાન ૭૧.૬૦ લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું. અલગ અલગ સમયે આરોપીએ જણાવેલાં બૅન્ક ખાતાંમાં નાણાં ટ્રાન્સફર કર્યાં હતાં. અમુક રકમ રોકડમાં આપી હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું હતું.

જોકે બાદમાં ફરિયાદીને કોઈ વળતર મળ્યું નહોતું. ફરિયાદીની મૂળ રકમ પણ આરોપીએ પરત કરી નહોતી. આરોપીએ નાણાંની ઉચાપત કરી હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરાયો હતો.

# એમએસઆરટીસીની બધી બસ ઈલેક્ટ્રિક બનાવવાનું આયોજન

મુંબઈઃ મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ પરિવહન નિગમના કાફલાની તમામ બસ ૨૦૩૭ સુધીમાં ઇલેક્ટ્રિક વાહનો હશે એમ રાજ્યના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઇકે જણાવ્યું હતું. સોમવારે વિધાન પરિષદમાં તેમણે કહ્યું હતું કે ૨૦૪૭ સુધીમાં મહારાષ્ટ્રમાં તમામ વાહનો ઇલેક્ટ્રિક વાહનો હશે. એ દિશામાં એક પગલાં તરીકે એમએસઆરટીસી ૨૦૩૭ સુધીમાં તેના કાફલામાં તમામ ઇલેક્ટ્રિક બસો રાખવાની યોજના ધરાવે છે. એમએસઆરટીસીના કાફલામાં હાલમાં ૨૨ હજાર બસ છે. ૮૦૦ ઇલેક્ટ્રિક બસોપણ છે. ૨૦૩૭ સુધીમાં, એમએસઆરટીસીના કાફલાની તમામ બસ ઇલેક્ટ્રિક હશે. આ ફેરફાર તબક્કાવાર કરવામાં આવશે. એમએસઆરટીસી રાજ્યનું પ્રથમ પરિવહન નિગમ હશે જે તેના સમગ્ર કાફલાને ઇલેક્ટ્રિકમાં રૂપાંતરિત કરશે. સરનાઈકે ઉમેર્યું હતું કે મહારાષ્ટ્ર ઇલેક્ટ્રિક વ્હીકલ પોલિસી ૨૦૨૫ મુજબ અટલ સેતુ મુંબઈ-પુણે એક્સપ્રેસવે અને સમૃદ્ધિ મહામાર્ગનો ઉપયોગ કરતા ઇલેક્ટ્રિક વાહનોને ૧૦૦ ટકા ટોલ માફી આપવામાં આવે છે. ઇવી વાહનને પસંદગી આપનારાઓને નાણાકીય છૂટછાટ પણ આપવામાં આવે છે અને રાજ્યમાં દરેક હાઇવે સ્ટ્રેચ પર આવા વાહનો માટે દર ૨૫ કિમીએ ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવામાં આવી રહ્યું છે.

# ગૂડીપડવાથી પશ્ચિમ રેલવેના પ્રવાસીઓને મળશે ‘ભેટ’: ૧૫ કોચની સર્વિસમાં થશે વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ સબર્બન રેલવેમાં વધતા પેસેન્જર ટ્રાફિકને લઈ રેલવેએ સૌથી મોટો નિર્ણય લીધો છે. પશ્ચિમ રેલવેમાં ૧૨ કોચની ટ્રેનને પંદર કોચમાં કન્વર્ટ કરવાનો નિર્ણય લીધો છે, જેમાં ગૂડી પડવાના ૧૯મી માર્ચથી વધુ ૧૬ સર્વિસ વધારવાનો નિર્ણય લીધો છે, જેનાથી લોંગ કોરિડોરમાં ટ્રેનની ફ્રિકવન્સી મળતા પ્રવાસીઓને ભીડભાડવાળી ટ્રેનમાં ટ્રાવેલ કરવામાંથી મુક્તિ મળી શકે છે. પશ્ચિમ રેલવેમાં વધતા પેસેન્જર ટ્રાફિકને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે પંદર કોચની સર્વિસમાં વધારો કરવામાં આવ્યા પછી પંદર ડબ્બાની કુલ સર્વિસની સંખ્યા વધીને ૨૨૭ થશે, પરંતુ સબર્બન રેલવેની ટ્રેન સર્વિસીસમાં કોઈ વધારો થશે નહીં.

આ નવી સર્વિસ વિરાર-બોરીવલી-ચર્ચગેટમાં દોડાવવામાં આવશે. સવારના છ વાગ્યાથી લઈને રાતના ૯.૩૯ વાગ્યા સુધી દોડાવવામાં આવશે. ચર્ચગેટથી વિરાર સવારના છ વાગ્યાની સર્વિસ હશે, ત્યાર પછી સવારના નવ વાગ્યાની ચર્ચગેટ-બોરીવલી, ચર્ચગેટ-વિરાર ૧૦.૪૫, બપોરના ૧.૪૯ વાગ્યાની ચર્ચગેટ-બોરીવલી, ૩.૫૦ વાગ્યાની ચર્ચગેટ-ભાયંદર, ૬.૩૫ વાગ્યાની દાદર-બોરીવલીનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, રાતના ૮.૦૩ વાગ્યાની ચર્ચગેટ-વિરાર, ચર્ચગેટ-વિરારની ૧૧.૦૫ વાગ્યાની લોકલ રહેશે. નાલાસોપારાથી ચર્ચગેટ સવારના ૪.૩૫, વિરારથી ચર્ચગેટની સવારના ૭.૩૨ વાગ્યાની, બોરીવલી-ચર્ચગેટ સવારના ૯.૪૨, ૧૨.૧૩ વાગ્યાના સુમારે વિરાર-ચર્ચગેટ, બોરીવલીથી ચર્ચગેટની બપોરના ૨.૪૭, ભાયદંરથી ચર્ચગેટની સાંજના ૫.૦૨ વાગ્યાની ભાયંદરથી રાતના ૭.૧૦ વાગ્યાની ચર્ચગેટ તેમ જ વિરારથી રાતના ૯.૩૯ વાગ્યે ચર્ચગેટની લોકલ ઉપલ્બધ રહેશે.

# આસિસ્ટન્ટ પોલીસ ઇન્સ્પેક્ટર દોઢ લાખની લાંચ લેતાં રંગેહાથ પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાઇની તરફેણમાં તપાસનો રિપોર્ટ રજૂ કરવા માટે ફરિયાદી પાસે દોઢ લાખ રૂપિયાની લાંચ માગવા અને સ્વીકારવા બદલ એન્ટિ-કરપ્શન બ્યૂરો (એસીબી)ના અધિકારીઓએ ખાર પોલીસ સ્ટેશનના આસિસ્ટન્ટ પોલીસ ઇન્સ્પેક્ટર (એપીઆઇ)ની ધરપકડ કરી હતી. આ કેસના ફરિયાદીના ભાઇએ મિલકત સંદર્ભે બાંદ્રાની કોર્ટમાં ક્રિમિનલ કેસ દાખલ કર્યો હતો અને કોર્ટે ખાર પોલીસને તપાસનો આદેશ આપ્યો હતો. આ પ્રકરણની તપાસ એપીઆઇ તુષાર કાળેને સોંપવામાં આવી હતી. કાળેએ આ મામલે ફરિયાદીના ભાઇનું નિવેદન નોંધ્યું હતું. ફરિયાદી બાદમાં કાળેને મળવા ગયો હતો, જ્યાં તેણે ભાઇની તરફેણમાં તપાસનો રિપોર્ટ રજૂ કરવા માટે ત્રણ લાખ રૂપિયાની માગણી કરી હતી અને તડજોડને અંતે દોઢ લાખ રૂપિયા સ્વીકારવાની તૈયારી દર્શાવી હતી. દરમિયાન ફરિયાદીએ આ પ્રકરણે એસીબીનો સંપર્ક સાધ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી. આ અંગે તપાસ કર્યા બાદ એસીબીના અધિકારીઓએ સોમવારે છટકું ગોઠવ્યું હતું અને કાળેને દોઢ લાખ રૂપિયાની લાંચ લેતાં રંગેહાથ પકડી પાડ્યો હતો.

# એલપીજીની અછતને પહોંચી વળવા પ્રયાસો ચાલી રહ્યા છેઃ કેન્દ્ર

નાગપુરઃ કેન્દ્ર સરકારે મંગળવારે બોમ્બે હાઈ કોર્ટને ખાતરી આપી હતી કે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે એલપીજીની અછતને કારણે થતી મુશ્કેલીઓને દૂર કરવા માટે તે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય મોરચે તમામ પ્રયાસો કરી રહી છે. કોર્ટની નાગપુર બેન્ચે કેન્દ્રની રજૂઆત સ્વીકારી અને એલપીજી વિતરકો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીનો નિકાલ કર્યો, અને નોંધ્યું કે સરકાર લોકોના હિતોનું રક્ષણ કરવા માટે આ બાબતમાં તમામ જરૂરી પગલાં લઈ રહી છે. ઈરાન યુદ્ધને કારણે ઉર્જા સંકટ વચ્ચે ઘરેલુ રસોઈ ગેસ સિલિન્ડરનો પુરવઠો વધારવા માટે છ એલપીજી વિતરકો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીના સંદર્ભમાં કોર્ટે ૧૨ માર્ચે કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય અને એક ખાનગી પેઢીને નોટિસ ફટકારી હતી.

# અક્ષય કુમારનો આઈડિયાઃ મુંબઈ ક્લીન લીગ સ્પર્ધાની જાહેરાત

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકા (બીએમસી) એ મંગળવારે સ્વચ્છતા સ્પર્ધાની જાહેરાત કરી છે જેમાં સામાન્ય લોકો અને વિવિધ સંસ્થાઓ સામેલ થશે. ‘મુંબઈ ક્લીન લીગ’ એક્ટર અક્ષય કુમારનો આઈડિયા છે. આ વિચાર ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)થી પ્રેરિત હોવાનો ખુલાસો તેણે કર્યો છે.

મહાનગરપાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ અક્ષય કુમાર, ડેપ્યુટી મેયર સંજય ઘાડી, સ્ટેન્ડિંગ કમિટીના અધ્યક્ષ પ્રભાકર શિંદે અને ભાજપના નેતા અમિત સાટમની હાજરીમાં ‘મુંબઈ ક્લીન લીગ’ સ્પર્ધાની જાહેરાત કરી હતી. આ સ્પર્ધા ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે અને ડિસેમ્બર સુધી ચાલુ રહેશે.

હાઉસિંગ સોસાયટીઓ, શાળાઓ, ઝૂંપડપટ્ટી, હોટેલ, બગીચાઓ, જાહેર શૌચાલય અને અન્ય સંસ્થાઓ વિવિધ કેટેગરીમાં ભાગ લઈ શકે છે. ગગરાણીએ જાણકારી આપી હતી અક્ષય કુમાર પહેલ કરી સમાજના વિવિધ વર્ગના લોકોને અપીલ કરવા અને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે સેવા આપવા સંમત થયો છે.

# હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ ખરસાડના રહેવાસી હાલ મુલુંડ ચેકનાકા સ્વ. પાર્વતીબેન મોહનભાઈ પટેલ (ઉં. વ. ૮૦) તથા મોહનભાઈ મકનજી પટેલના ધર્મપત્ની તા. ૯-૩-૨૦૨૬, સોમવારના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ભરતભાઈ, જયંતિભાઈ, અશ્વિનભાઈ, દીપકભાઈ અને ઉદયભાઈના મમ્મી. તે સ્વ. મીનાક્ષીબેન, સ્વ. દિપીકાબેન, મીતાબેન, આરતીબેન અને પ્રતિમાબેનના સાસુ. અંકિતા, પ્રિયંકા, દિશા, ભાવિન, ઈશા, હનીના દાદી. તા. ૨૦-૩-૨૬ના રોજ શુક્રવારે બપોરે ૩ થી ૫ વાગ્યે પુષ્પાણી રાખેલ છે. (ગામ ખરસાડ લક્ષ્મીનારાયણ મંદિરની બાજુમાં, તા. જલાલપોર, જિલ્લો નવસારી).

**કચ્છી વાગડ**

ગામ લાકડિયાના પ્રેમજી પુંજાભાઈ નીસર (ઉં.વ. ૯૦) તા. ૧૪મીએ અવસાન પામેલ છે. તે સ્વ. ગૌરીબેન અને સ્વ. પુંજાભાઈ ગોપાલ નિસરના પુત્ર. ભમિબેનના પતિ. રસિકભાઈ, રતનશીભાઇ, મનસુખભાઈ, સ્વ ચંદ્રાબેન જયંતિલાલ ગાલા અને કંચન જીતેન્દ્ર બોરીચાના પિતા. તેમની પ્રાર્થનાસભા બુધવાર, તા. ૧૮મી બપોરે ૩થી ૪.૩૦. ઠે. યોગી સભાગૃહ, બીએપીએસ સ્વામીનારાયણ, દાદર (સેન્ટ્રલ), મુંબઈમાં રાખેલ છે.

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. ભાવનાબેન અરુણકુમાર રાવલ (ઉં. વ. ૬૮) તે સ્વ. અરુણકુમાર જગન્નાથ રાવલ રાજકોટ નિવાસી હાલ કાંદિવલી તે ઠા. સ્વ. ગોવિંદભાઇ મુલજી કારીઆ અને ગં. સ્વ. અનસુયાબેનની દીકરી તા. ૧૬-૩-૨૬ સોમવારના રામશરણ થયા છે. સચિનની માતા. રાજુભાઇ, સુધીરભાઇ, સ્વ. ગૌરાંગ (પપ્પુ) ના બહેન. સૌ. ગીતા સુધીરભાઇના નણંદ. સૌ. કિષ્ણા મેહુલ શાહ, વિધિના ફૂઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી દશા શ્રીમાળી વણિક જ્ઞાતિ મુંબઇ**

ગામ લાખાપરના હાલ અંધેરી સ્વ. ધનલક્ષ્મીબેન તથા પ્રેમચંદ શાહની સુપુત્રી લીલાબહેન પ્રેમચંદ શાહ (ઉં. વ. ૮૦) સોમવાર તા. ૧૬-૩-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. તારાબેન, સ્વ. વનીતાબેન, સ્વ. હરિલાલભાઇ તથા જગદીશભાઇ અને દિનેશભાઇના બેન. સ્વ. હંસાબેન, સૌ. સુલોચનાબેન, સ્વ.જયોત્સનાબેનના નણંદ. સ્વ. રમણીકલાલ શાહ તથા સ્વ. નરેશભાઇ શાહના સાળી. સ્વ. પૂર્ણિમા-દિનેશભાઇ, ઉદય-વૈશાલી, કોમલ-શેતલ, રસેશ-શ્વેતાના ફૈબા. સ્વ. શીલાબેન ઉપેનભાઇ, સ્વ. દીનાબેન-સ્વ. મહેશભાઇ, ભરતભાઇ-પારુલબેન, જયેશભાઇ-મનીષાબેન, સ્વ હિતેશભાઇ, મનીષભાઇ, વૈશાલીબેનના માસી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

અકોલાવાળા સ્વ. અ. સૌ. પ્રજ્ઞાબહેન, સુરેશભાઇ વનમાળીદાસ મહેતાના ધર્મપત્ની (ઉં. વ. ૮૨) તા. ૧૫-૩-૨૬ના નાશિક મુકામે શ્રીજીચરણ પામેલ છે. સ્વ. વિઠ્ઠલદાસ જેઠાલાલ મહેતાના પુત્રી. અ. સૌ. દિવ્યા, દેવેન, સ્વપ્નીલના માતુશ્રી. નયનેશ સંઘવી, ભામિની, રુચીકાનાં સાસુ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

રાજુલાવાળા (હાલ કાંદિવલી) સ્વ. જયાલક્ષ્મી રતિલાલ શામજી મેહતાના પુત્રવધૂ સ્વ. નયનાબેન (ઉં. વ. ૬૨) તે પ્રવિણભાઈ મેહતાના ધર્મપત્ની. દર્શિત-નિશાના માતુશ્રી. રાહુલ, દિપાલીના સાસુ. સ્વ. વસુમતી અનંતરાય મેહતા તથા જયશ્રી અશોકકુમાર ગાંધીના ભાભી. બારપટોડીવાળા, સ્વ. પ્રાણકુંવરબેન અમૃતલાલ અમીદાસ મોદીના દીકરી. સંગીતા ભરતભાઈ લહેરીના બેન. તેમની પ્રાર્થનાસભા તા. ૨૦-૦૩-૨૬ના શુક્રવારે સાંજે ૫ થી ૭. હાલાઈ લોહાણા બાળાશ્રમ, મથુરાદાસ રોડ, અતુલ ટાવર પાસે, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ચીખલી મોઢ વણિક**

ઉષાબેન સુરેશભાઈ શેઠ (ઉં. વ. ૮૨) તા. ૧૫-૩-૨૬ના દાદર નિવાસે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. સુરેશભાઈ બાબુલાલ શેઠના પત્ની, સ્વ. શાંતાબેન શ્રૉફ અને સ્વ. યશવંતભાઈ શ્રૉફ (વલસાડ)ના સુપુત્રી. મુગ્ધા મહેશ કારખાનીસ, રચના ઉદિત માસ્ટર અને સ્વ. પૂર્વી ધ્રુવ પટેલના માતાજી. સુધીરભાઈ, સ્વ. ઝરણાબેન અને મહેશભાઈના ભાભી. ભાવનાબેન અને ઉમાબેનના જેઠાણી. શરદભાઈ શ્રૉફના બેન. લૌકીક વ્યવહાર બંધ છે.

**દશાનીમા વૈષ્ણવ વણિક**

બારીયા નિવાસી હાલ બોરીવલી, વ્યોમેશ મનુભાઈ કડકિયા (ઉં. વ. ૭૪) તે જયશ્રીબેનના પતિ. સુજય તથા સૈજુ અર્પન મહેતાના પિતા. તુષારભાઈના મોટાભાઈ તા. ૧૫.૦૩.૨૬ના રોજ અવસાન થયું છે. બેસણું ૧૯.૦૩.૨૬ ગુરુવારના રોજ ૫ થી ૭. સ્થળઃ બીએપીએસ શ્રીસ્વામિનારાયણ મંદિર, યોગીનગર બોરીવલી વેસ્ટ.

**કચ્છી લોહાણા**

સૌ. અમૃતાબેન ચંદે (મોજાર) (ઉં. વ. ૬૮) તે રમણિકલાલ રામદાસ મોજાર કચ્છ કોઠારા હાલે ઘણસોલી નવી મુંબઈના ધર્મપત્ની. તે સ્વ. મણિબાઈ રામદાસ રતનશી મોજારના પુત્રવધૂ. સ્વ. જમનાબેન શંકરલાલ મહીંધર કચ્છ બીટ્ટા હાલે નવી મુંબઈના પુત્રી. અ.સૌ. રશ્મિ નરેશભાઇ પવાણી, સૌ. નિપા સંદીપભાઈ કારીયા, અમિતના માતુશ્રી. સૌ. અંકિતાના સાસુજી. રમેશના ભાઈની પત્ની. સોમવાર તા.૧૬.૦૩.૨૬ના રામશરણ પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા બુધવાર તા. ૧૮.૦૩.૨૬ સાંજના ૫.૩૦ થી ૭.૦૦. ઠે. શ્રી લોહાણા સમાજ હોલ, કોપરખેરણે, પહેલા માળે, પ્લોટ નં ૧૪ સેક્ટર ૧૦, ડી. માર્ટની ગલ્લી, રાજપાલ હોસ્પીટલ સામે, કોપણખેરણે નવી મુંબઈ ૪૦૦૭૦૯. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

ગામ મહુવા નીવાસી હાલ ભીવંડી, સ્વ. છબીલદાસ મગનલાલ ગોરસિયા (ઉં. વ. ૮૫) ૧૪/૩/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે ભાનુબેનના પતિ. ગં.સ્વ. સવીતાબેન અમૃતલાલ મીઠાણીના જમાઈ. અતુલ, બકુલ, બીના તથા મનીષાના પિતા. રાજેશકુમાર ગગલાની, ભરતકુમાર સાંગાણી, રૂપા તથા પારૂલના સસરા. સ્વ. લીલાબેન અમૃતલાલ તલાટીના ભાઈ. તેમની પ્રાર્થનાસભા ૧૯/૩/૨૬ના ૪ થી ૬. બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, સેકટર ૧૦ પહેલે માળે મીરારોડ.

**ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**

સિદ્ધપુર નિવાસી, દિલીપભાઈ સોમનાથ આચાર્ય (ઉં. વ. ૭૭) તા. ૧૬/૩/૨૬ના રોજ નિધન થયેલ છે. તે ભાનુબેનના પતિ. ભરતભાઈ, છાયા અને દીપીના પિતા. પ્રણવના સસરા. ભૌમિન, હેમાની અને રાજવીરના દાદા. કિશોરભાઈ અને અશોકભાઈ તથા પુષ્પાબેનના ભાઈ. બેસણું સિદ્ધપુર નિવાસ સ્થાને રાખવામાં આવેલ છે. સરનામુંઃ જે.ડી. સોસાયટી, બંગલો નં. ૨૪, સિદ્ધપુર.

**મેઘવાળ**

ગામ ધરવાળા, મોણપર જી. ભાવનગર હાલ મુંબઈ વિદ્યાવિહાર, સ્વ. ઉગમશી ભાણજી પારઘીના ધર્મપત્ની, સ્વ. મુળાભાઈ કાવાભાઈ બોરીચાના દીકરી. સ્વ. પાલુબેન કેશવ રાઠોડ, શિવરામભાઈ જેસીંગ પારઘી, મીનાબેન સતીશ રાઠોડ, જેઠીબેન અનિલ પડાયા, દીપકભાઈ જેસીંગ પારઘીના માતુશ્રી. સ્વ. સતીશ રાઠોડ, અનિલ પડાયા, મંજુલાબેન પારઘી, ભાવનાબેન પારઘીના સાસુ. સ્વ. કુંવરબેન ઉગમશી પારઘી (ઉં. વ. ૮૫) તા. ૧૩/૦૩/૨૬ને શુક્રવાર અવસાન થયેલ છે. તેમનું બારમાંનું કારજ ૧૮/૦૩/૨૬ને બુધવાર સાંજે ૪.૦૦ વાગે. સ્થળ : રામદેવપીર મંદિર, વિદ્યાવિહાર પશ્ચિમ.

**કચ્છી લોહાણા**

અક્ષરનિવાસી કાંતાબેન ખેરાજભાઈ ચંદન (ઉં. વ. ૯૫) તા. ૧૫/૦૩/૨૬ના અક્ષરધામ પામેલ છે. તે અ.નિ. ખેરાજ ખીમજી ચંદનનાં ધર્મપત્ની, ખીમજી વાલજી ચંદનના પુત્રવધૂ. શંકરભાઈ, સ્વ.જીતુભાઈ, હરેશભાઈ, સ્વ. વસંતભાઈ, જતીનભાઇ, સ્વ. તારાબેન, ગં.સ્વ. મધુબેન, મૈયાબેન, મંજુબેન, જ્યોતિબેનના માતુશ્રી. પ્રિતેશ, બ્રિજેશ, કૃપા, દિપા, ભાવિક, દર્શન, માનસી, વૈશાલી, મોનિશા, મનાલી, રાજના દાદી. વેલજી સુંદરજી સચદે (રસલિયા)ના પુત્રી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા.૧૮/૦૩/૨૬ને બુધવારે સાંજના ૫ થી ૭. આઈરીશ બેન્કિવટ હોલ પુરુષોત્તમ ખેરાજ એસ્ટેટ, ડૉ.રાજેન્દ્ર પ્રસાદ રોડ, જ્ઞાન સરિતા સ્કુલની બાજુમાં મુલુન્ડ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે. બૈરાઓએ એજ દિવસે આવી જવું.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ શાહપુર હાલ અંધેરી પશ્ચિમ, અલકા એપાર્ટમેન્ટ, પ્રવિણચંદ્ર મુળજીભાઈ કારિયા (ઉં.વ.૮૨) તે અરુણાબેનના પતિ. સ્નેહલ અને મેહુલના પિતાશ્રી. મૃણાલિની અને કિંજલના સસરા. જય અને આર્યના દાદા. સ્વ. શાંતિભાઈ, સ્વ. હિમતભાઇ, હશુભાઈ, અશ્વિનભાઈ, કિશોરભાઈ, સ્વ. નીમુબેન રાચ અને કુસુમબેન ભિન્ડોરાના ભાઈ. સોમવાર તા. ૧૬.૦૩.૨૬ ના રોજ શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# પારસી મરણ

મીનુ માનેકશા બિલીમોર્યા તે મરહુમ પરવીન એમ. બિલીમોર્યાના ધણી. તે મરહુમો હીલ્લા તથા માનેકશા બિલીમોર્યાના દીકરા. તે પ્રોચી એમ શેથ, શેરનાઝ કે. પાલખીવાળા, ફરઝાના ઝેડ. બિલીમોર્યા ને આરમાયતી એમ. બિલીમોર્યાના પપ્પા. તે મનીશ, કેરબાદ ને ઝુબીનના સસરા. તે મરહુમ ખોરશેદ એચ. કોલંબોવાલાના ભાઇ. તે એસલી, રાયાન ને ફરાહના ગ્રેન્ડ ફાધર. (ઉં. વ. ૯૩). રે. ઠે. ૨૮, હ્યુજીસ રોડ, બિલ્ડિંગ નં-૨, ૨જે માળે, રૂમ નં-૫, આર.ટી.આઇ. એનેક્ષની બાજુમાં, મુંબઇ-૪૦૦૦૦૭.

દીનુ જહાંગીર આગા તે જહાંગીર જાલેજર આગાના ધણીયાની. તે મરહુમો બખ્તાવર તથા જહાંગીરના દીકરી. તે બુરઝીન ને ફ્રેડીના મમ્મી. તે નેનશી ને રૂખશીનના સાસુ. તે હોમી તથા મરહુમ યઝદી, અદી, શાપુર, નોશીર, બેહરામ, રૂસ્તમ, રોશન, ઝરીન ને ડોલીના બહેન. તે શાઝનીન, આઝનીન, યોહાન ને અરશાનના બપયજી. (ઉં. વ. ૮૧) રે. ઠે. સીમલા હાઉસ, ડી-બ્લોક, ફ્લેટ ૬૦૧-બી, ઓફ નેપીયન્સી રોડ, મુંબઇ-૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૮-૩-૨૬ને બપોરે ૩.૪૫ કલાકે વાડીયા બંગલી ડુંગરવાડી.

# જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

શેરડીના અ.સૌ. હિના કિશોર દેઢિયા (ઉં. વ. ૫૮) તા. ૧૪-૩-૨૬ ના અરિહંતશરણ પામેલ છે. રતનબેન પ્રેમજીના પુત્રવધૂ. કિશોરના પત્ની. સંકેત, કેવલના માતુશ્રી. લક્ષ્મીબેન ઠાકરશી મોતાના પુત્રી. ભારતી, રમેશ, પ્રફુલ્લા, બિપીન, કિરણના બેન. પ્રાર્થના : શ્રી ક.વિ.ઓ. જીરાવલ્લા પાર્શ્વનાથ જૈન દેરાસર, દેરાસર લેન, ઘાટકોપર (વે.) ૨ થી ૩.૩૦. નિ. કિશોર દેઢીયા, ૨૯૧ જૈન ગલી, ધરણગામ-૪૦૫૦૦૧.

બાડાના દિનેશ જેઠાલાલ રણશી ગડા (ઉં. વ.૭૪) તા. ૧૫-૩-૨૬ના અવસાન પામેલ છે. તેજબાઈ જેઠાલાલ ગડાના સુપુત્ર. મંજુલા (મણી)ના પતિ. જયશ્રી, શિલ્પા, સૌરભના પિતાશ્રી. સ્વ. શશિકાંત, હર્ષા, ગુલાબ, હસમુખના ભાઇ. ગઢશીશાના લક્ષ્મીબેન હિરજી માણેક દેઢિયાના જમાઇ. પ્રા.: શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રા.સં. શ્રી કરસન લધુ નિસર હોલ, દાદર (વે) ટા. : ૪ થી ૫.૩૦.

લાકડીયા હાલે માટુંગા-દાદરના પ્રેમજી પુંજાભાઇ નિસર (ઉં. વ. ૯૦) તા. ૧૪-૩-૨૬નાં અવસાન પામેલ છે. પુંજા ગોપાલના સુપુત્ર. દેવરાજ વાલજી ગડાના જમાઇ. ભમીબેનના પતિ. રસિક, રતનશી, મનસુખ, ચંદ્રા, કંચનના પિતાશ્રી. દિવાળી, નાનુ, ગોમતી, ચોથીના ભાઇ. પ્રાર્થના : યોગી સભાગૃહ, ૩ થી ૪.૩૦. દાદર (ઇસ્ટ).

રાયધણજરના રાજબાઇ ગડા (ઉં. વ. ૮૫) તા. ૧૫-૩-૨૬ના અવસાન પામેલ છે. ભચીબાઈ નેણશી ના પુત્રવધૂ. લાલજીભાઈ ના પત્ની. રંજના, તરલા, મંજુલા, જ્યોતિના માતા. ચીઆસર વાલબાઇ નાગજી મારૂના સુપુત્રી. દેવરાજ, હિરજી, કલ્યાણજીના બેન. પ્રા. શ્રી વ.સ્થા.જે.શ્રા.સં.સં., કરસન લધુ નિસર હોલ, ૧લે માળે, દાદર (વે). ટા. ૨ થી ૩.૩૦.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# સંસ્થા સમાચાર

## અમરસન્સ પરિવારના પૂ. સુવિધિબાઇ મહાસતીજીની સંથારા આરાધના



જૈન સમાજના અગ્રણી દાતા અમર સન્સ પરિવારના ઝવેરબેન ડુંગરશી વોરાએ પાંચ વર્ષ પૂર્વે જૈફ વયે દીક્ષા અંગીકાર કરેલ.

બિદડા (કચ્છ)માં ૧૨ માર્ચથી આજીવન અનશન-સંથારો અંગીકાર કરેલ છે. ઝવેરબેનના પિતાશ્રી પૂ. માલશી સ્વામી અને પતિ ડુંગરશીભાઇ ટોકરશી વોરાએ સંથારો અંગીકાર કરેલ. પૂ. ધીરગુરુદેવે અંતિમ નિર્યામણા ડુંગરશીભાઇને કરાવી હતી.

કચ્છ મોટી પક્ષના પૂ. સુવિધિબાઇ મ. સ. પ્રસન્નતાપૂર્વક સંથારાની આરાધનામાં છે.

## ધીરગુરુદેવનો વિહાર શુભેચ્છા સમારોહ

ઘાટકોપર ખાતે પૂ. ધીરગુરુદેવ પધારતાં પૂ. ભાસ્કરમુનિ મ. સા. આદિ, પૂ. જિતેન્દ્ર મુનિ મ. સા. આદિ તથા પૂ. જયોતિબાઇ મ. સ., પૂ. વીરમતીબાઇ મ.સ. આદિનું મિલન થયેલ.

તા. ૧૭ના શ્રી વિનોદભાઇ નાનચંદ લાખાણી પ્રેરિત વિહાર શુભેચ્છા સમારોહમાં ગૌમાતા લિફ્ટિંગ મશીનમાં દાતાઓ સહભાગી બન્યા હતા. લાખાણી પરિવારનું અનિલભાઇ ભાયાણીએ સન્માન કરેલ.

### ઘરમાં કેટલા ગેસ સિલિન્ડર રાખી શકાય

# નિયમ તોડવા બદલ ૭ વર્ષ સુધીની જેલની સજા

મુંબઈ: એલપીજી ગેસ સિલિન્ડરની અછતને ધ્યાનમાં રાખીને સંગ્રહખોરો સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. તાજેતરની માહિતી મુજબ હવે એલપીજી ગેસ સિલિન્ડરની સંગ્રહખોરી અને પીએનજીની સાથે ડ્યુઅલ ગેસ કનેક્શન રાખવા બદલ કડક કાર્યવાહી થઈ શકે છે

ઉર્જા સંસાધનો પર વધતું દબાણ અને આયાત પરની નિર્ભરતાને ધ્યાનમાં લેતા સરકારે કાયદાકીય જોગવાઈઓના કડક અમલીકરણના સંકેત આપ્યા છે. આ ઉપરાંત છેલ્લાં કેટલાક દિવસોમાં સરકારે એલપીજી ગેસ સિલિન્ડર સંબંધિત ઘણા નિયમોમાં પણ ફેરફાર કર્યા છે.

સરકારી નિયમો અનુસાર ઘરેલુ ગ્રાહકોને મહત્તમ બે એલપીજી સિલિન્ડર (૧૪.૨ કિલો) રાખવાની પરવાનગી છે. જો કોઈ વ્યક્તિ માન્ય પરમિટ વિના ૪૦ કિલોથી વધુ એલપીજી નો સંગ્રહ કરે છે, તો તેને સંગ્રહખોરી ગણવામાં આવશે. આવા કિસ્સાઓમાં આવશ્યક, ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ હેઠળ કાર્યવાહી થઈ શકે છે. આ કાયદાની કલમ-૭ માં દોષિત સાબિત થાય તો ત્રણ મહિનાથી સાત વર્ષની જેલની સજાની જોગવાઈ છે. સાથે, કલમ-૬એ હેઠળ વધારાના ગેસ સિલિન્ડર જપ્ત કરવામાં આવી શકે છે.

એટલું જ નહીં, નિયમોના ઉલ્લંઘન બદલ ગ્રાહકનું ગેસ કનેક્શન પણ રદ થઈ શકે છે. માર્ચ ૨૦૨૬ થી પેટ્રોલિયમ મંત્રાલયના નવા નિયમ મુજબ એક જ ઘરમાં પીએનજી અને એલપીજી બંને કનેક્શન સાથે રાખવા ગેરકાયદેસર ગણાશે. જો બંને કનેક્શન વાપરતા પકડાશો તો કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે. ઉપરાંત જો કોઈ વિસ્તારમાં ગેસ સિલિન્ડરનો મોટો જથ્થો કે ગેરકાયદેસર સંગ્રહ હોવાની માહિતી મળે તો તાત્કાલિક ૧૯૦૬ એલપીજી ઇમરજન્સી હેલ્પલાઇન પર ફરિયાદ નોંધાવી શકાય છે. ■

# ભિવંડીમાંથી ૪૦૫ સિલિન્ડર જપ્ત

થાણે: ભિવંડીમાં ગેરકાયદે વેચાણ માટે સંગ્રહ કરાયેલાં ૪૦૫ એલપીજી સિલિન્ડર પોલીસે જપ્ત કર્યાં હતાં, જેમાંથી ૯૬ સિલિન્ડર ગૅસથી ભરેલાં હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

આ પ્રકરણે નારપોલી પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો. જોકે કોઈની ધરપકડ કરાઈ નહોતી.

મળેલી માહિતીને આધારે રેશનિંગ ડિપાર્ટમેન્ટના અધિકારીઓએ એક ગોદામ પર રેઈડ કરી હતી. આ ગોદામમાં મોટી સંખ્યામાં એલપીજી સિલિન્ડર ગેરકાયદે સંગ્રહવામાં આવ્યાં હતાં. ગૅસ ભરેલાં ૯૬ સિલિન્ડર સહિત ૪૦૫ સિલિન્ડર જપ્ત કરવામાં આવ્યાં હોવાનું નારપોલી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું. અધિકારીઓએ સિલિન્ડરને એક સ્થળેથી બીજે સ્થળે લઈ જવા ઉપયોગમાં લેવાતી ટ્રક અને ટેમ્પો પણ જપ્ત કર્યા હતા. જપ્ત કરાયેલી મતાની કિંમત અંદાજે ૧૮.૭૮ લાખ રૂપિયા હોવાનું પોલીસે જણાવ્યું હતું. આ મામલે પોલીસ વધુ તપાસ કરી રહી છે. (પીટીઆઈ) ■

# થાણે નજીકના નવા રેલવે સ્ટેશનનું નામ આનંદ દિઘે રાખવાની માગણી

મુંબઈ: મહારાષ્ટ્રના થાણે અને મુલુંડ વચ્ચે આગામી રેલવે સ્ટેશનનું નામ પક્ષના દિવંગત નેતા આનંદ દિઘેના નામ પર રાખવામાં આવે એવી માગણી શિવસેનાના સંસદ સભ્ય નરેશ મ્હસ્કેએ કરી જણાવ્યું હતું કે રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે નવા સ્ટેશનના નિર્માણ માટે ૨૫૦ કરોડ રૂપિયાની મંજૂરી આપી છે અને આ પ્રસ્તાવ રેલવે બોર્ડને મોકલવામાં આવ્યો છે. રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અને શિવસેનાના પ્રમુખ એકનાથ શિંદે વતી મ્હસ્કેએ સોમવારે સંસદમાં માગણી કરી હતી કે થાણે અને મુલુંડ વચ્ચેના નવા સ્ટેશનનું નામ 'ધર્મવીર આનંદ દિઘે સ્ટેશન' હોવું જોઈએ. દિઘે શિવસેનાના વરિષ્ઠ નેતા અને શિંદેના માર્ગદર્શક હતા.મુસાફરોના મુદ્દાઓ પર પ્રકાશ પાડતા મ્હસ્કેએ જણાવ્યું હતું કે થાણેની લગભગ ૨૬ લાખની વસ્તી માટે રેલવે પરિવહનનું પ્રાથમિક માધ્યમ છે. નવું સ્ટેશન વ્યસ્ત થાણે રેલવે સ્ટેશનની ભીડ ઘટાડવામાં મદદ કરશે.મ્હસ્કેએ થાણે સ્ટેશનના અપગ્રેડેશન માટે અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ રજૂ કરાયેલ ૯૪૯ કરોડ રૂપિયાની દરખાસ્તને વહેલી તકે મંજૂરી આપવા પણ વિનંતી કરી હતી. થાણે સ્ટેશન પર ઈમરજન્સી મેડિકલ ક્લિનિક ફરીથી ખોલવા અને કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન બંધ કરવામાં આવેલી વરિષ્ઠ નાગરિકોની છૂટછાટોને ફરી શરૂ કરવા સહિત અન્ય ઘણી માગણીઓ ઉઠાવી સંસદ સભ્યએ મુંબઈ અને ચિપલુણ (રત્નાગિરી જિલ્લામાં) વચ્ચેની સેવાઓ અને થાણેને કસારા, કરજત અને ખોપોલી (રાયગડ જિલ્લામાં) સાથે જોડતી વધારાની શટલ સ્થાનિકો સહિત વિશેષ અને ઉપનગરીય ટ્રેનો વધારવાની માગ કરી હતી. (પીટીઆઈ) ■

# ગ્રીન એનર્જીનો હિસ્સો વધવાની સાથે વીજળીના દર સ્થિર રહેશે: મુખ્ય પ્રધાન

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે કહ્યું હતું કે રાજ્ય પાસે જરૂરિયાત કરતા વધુ વીજળી છે અને ઉદ્યોગ તેમજ ડેટા કેન્દ્રોની વધતી માગને પહોંચી વળવા માટે સજ્જ છે. વિધાનસભામાં પ્રશ્નકાળ દરમિયાન આ મુદ્દે ચર્ચાનો જવાબ આપતા ફડણવીસે એમ પણ જણાવ્યું હતું કે ગ્રીન એનર્જીનો હિસ્સો વધવાની સાથે વીજળીના દર સ્થિર રહેશે. 'મહાવિતરણ' (મહારાષ્ટ્ર સ્ટેટ ઇલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન કંપની) એશિયાની સૌથી મોટી વીજ વિતરણ કંપની તરીકે ઉભરી આવી છે. એની વાર્ષિક આવક એક લાખ કરોડ રૂપિયાને પાર કરી ગઈ છે એવી જાણકારી ગૃહને આપી ફડણવીસે ઉમેર્યું હતું કે મહારાષ્ટ્ર પાવર સરપ્લસ છે અને ઉદ્યોગ અને ડેટા સેન્ટરોની વધતી માગને પહોંચી વળવા માટે સજ્જ છે. રાજ્યએ સૌર ઉર્જા ઉત્પાદન દ્વારા સંચાલિત વપરાશની બદલાતી પદ્ધતિને અનુરૂપ સમય અનુસાર વપરાશના દરના માળખામાં સુધારો કર્યો છે. અગાઉ મધ્યરાત્રિથી સવારે છ વાગ્યા સુધી વીજળીના વપરાશ માટે પ્રોત્સાહન આપવામાં આવતું હતું. ■

# મુલુંડ સ્ટેશને પત્નીને ચાલતી ટ્રેન સામે ધકેલી હત્યા: પતિ સુરતમાં પકડાયો

મુંબઈ: છૂટાછેડા માગતી પત્નીને ૧૩ વર્ષના માસૂમ દીકરાની નજર સામે જ પતિએ ચાલતી ટ્રેન સામે ધકેલીને મારી નાખી હોવાની આઘાતજનક ઘટના મુલુંડ સ્ટેશને બની હતી. ચારિત્ર્ય પર શંકાને પગલે આરોપી પતિ પત્નીને સખત ત્રાસ આપતો હતો. હત્યા બાદ ફરાર થઈ ગયેલા આરોપીને પોલીસે ગુજરાતના સુરત સ્ટેશનેથી પકડી પાડ્યો હતો.

રેલવે પોલીસની સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (એસટીએફ)ના અધિકારીઓએ પકડી પાડેલા આરોપીની ઓળખ રાજુ અવધરામ ગુપ્તા (૨૪) તરીકે થઈ હતી. પ્રાથમિક પૂછપરછમાં રાજુએ દાવો કર્યો હતો કે તેની પત્ની પુષ્પા ગુપ્તા (૩૬)ના મુલુંડમાં જ રહેતા એક યુવાન સાથે આડાસંબંધ હતા. આ મુદ્દે દંપતી વચ્ચે વારંવાર ઝઘડા થતા હતા અને એ જ કારણસર તેણે પત્નીને ટ્રેન સામે ધકેલી હતી.

મુલુંડના ગૌશાળા રોડ ખાતે રહેતા ઈલેક્ટ્રિશિયન રાજુનો પત્ની પુષ્પા સાથે વારંવાર ઝઘડો થતો હતો. ઝઘડાનું પ્રમાણ એટલું બધું વધી ગયું હતું કે ૧૩ ફેબ્રુઆરીએ પુષ્પાએ મુલુંડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી. પોલીસે રાજુ વિરુદ્ધ એનસી નોંધી તેની સમજાવટ કરી હતી.

થોડા દિવસ પછી પુષ્પા ૧૫ વર્ષના મોટા દીકરા સાથે ઉત્તર પ્રદેશના વતન જતી રહી હતી. જોકે લશ્કરના જવાન એવા પુષ્પાના ભાઈ કમલેશે મધ્યસ્થી કરીને દંપતીને વચ્ચે સમાધાન કરાવવાનો પ્રયાસ કર્યો હતો. તે પુષ્પા અને ભાણેજને લઈ મુલુંડ આવ્યો હતો. જોકે રાજુ અને પુષ્પા વચ્ચે ફરી ઝઘડા થવા લાગતાં પુષ્પાએ છૂટાછેડા લેવાની વાત કરી હતી, જેને કારણે રાજુ રોષે ભરાયો હતો. ■

# શિંદે દિલ્હીમાં મોદી અને અમિત શાહને મળ્યા



મુંબઈ: રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અને શિવસેના શિંદે જૂથના વડા એકનાથ શિંદે સોમવારે રાત્રે દિલ્હી પહોંચ્યા હતા. મંગળવારે એકનાથ શિંદેની અચાનક દિલ્હી મુલાકાતથી રાજકીય વર્તુળોમાં જોરદાર ચર્ચાઓ શરૂ થઈ ગઈ હતી. આજે સવારે એકનાથ શિંદે વડા પ્રધાન મોદી સાથે ચર્ચા કરી હતી. આ મુલાકાત પછી તેમણે મીડિયા સાથે વાતચીત કરી. આ દરમિયાન શું તેઓ ઉદ્ધવ ઠાકરેને વિધાન પરિષદમાં મદદ કરશે ના જવાબમાં તેમણે ટિપ્પણી કરી હતી.

વડા પ્રધાન મોદી સાથેની મુલાકાત બાદ એકનાથ શિંદેએ કહ્યું કે આજની બેઠકમાં રાજ્યમાં વિકાસ કાર્યોના મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી. એકનાથ શિંદેએ વધુમાં કહ્યું કે યુદ્ધના સમયમાં બધાએ સાથે મળીને વડા પ્રધાન સાથે ઉભા રહેવું જરૂરી છે. વિપક્ષ રાજકારણ કરી રહ્યો છે.

આ નિંદનીય છે. તેમણે કહ્યું કે યુદ્ધ જેવી પરિસ્થિતિઓમાં વડા પ્રધાન મોદીના પ્રયાસો વિદેશમાં ફસાયેલા ભારતીયોને પાછા લાવવામાં સફળ રહ્યા છે. પત્રકારોએ પૂછ્યું કે, જો ઉદ્ધવ ઠાકરે વિધાન પરિષદ માટે ફોન કરશે તો શું તેઓ મદદ કરશે? આના પર એકનાથ શિંદેએ કહ્યું, રાજ્યસભાની ચૂંટણીઓ હમણાં જ થઈ છે. વિધાન પરિષદની ચૂંટણી આવશે ત્યારે જોઈશું એમ, એકનાથ શિંદેએ સ્મિત સાથે જવાબ આપ્યો.

## ઉદય સામંતને પણ દિલ્હી બોલાવી લીધા

મુંબઈ: એકનાથ શિંદે પહેલેથી જ દિલ્હીમાં હતા ત્યારે તેમણે તાત્કાલિક ઉદ્યોગ પ્રધાન ઉદય સામંતને દિલ્હી તેડાવ્યા હતા. સામંત તાત્કાલિક દિલ્હી જવા રવાના થયા હોવાની જાણકારી મળી હતી. આ મુલાકાત દરમિયાન રાજ્યમાં ઉદ્યોગ ક્ષેત્ર સાથે સંબંધિત કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો અથવા આગામી રાજકીય રણનીતિ પર ચર્ચા થવાની ધારણા છે. એકનાથ શિંદે ગૃહ પ્રધાન અમિત શાહને પણ મળ્યા હતા, જેના કારણે તેમની દિલ્હીની મુલાકાતને ખાસ મહત્વ મળ્યું છે.

મુંબઈમાં મહત્વપૂર્ણ બજેટ સત્ર ચાલી રહ્યું છે ત્યારે શિંદેના દિલ્હી આગમનથી રાજકીય નિરીક્ષકોમાં અનેક તર્કવિતર્ક થઈ રહ્યા છે. જોકે શાસક પક્ષ કહી રહ્યું છે કે આ મુલાકાત રાજ્યની માંગણીઓ માટે છે, પરંતુ આ મુલાકાતોએ રાજ્યના રાજકારણમાં કેટલાક મોટા ફેરફારોની ચર્ચા પણ જગાવી છે.

આ બધાની વચ્ચે એવી જાણકારી પણ સામે આવી છે કે રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ બુધવારે દિલ્હીની મુલાકાત લેશે. મુખ્ય પ્રધાન કેન્દ્રીય સ્ટીયરિંગ કમિટીની બેઠકમાં હાજરી આપશે એવું જણાવવામાં આવ્યું છે. પાંચ રાજ્યોમાં ચૂંટણીની જાહેરાત થઈ ગઈ છે. પાંચ રાજ્યોમાં ટિકિટ વિતરણ અંગે કેન્દ્રીય ભાજપમાં ફરી મનોમંથન કરવામાં આવી રહ્યું છે. પાંચ રાજ્યોમાં ચૂંટણીની જાહેરાત થાય તે પહેલાં પણ કેન્દ્રીય સ્ટીયરિંગ કમિટીની બેઠક યોજાઈ હતી.■

### કેરલા સ્ટોરી ઈફેક્ટ?

# મુસ્લિમોનો બહિષ્કાર કરવાની થિયેટરમાં પ્રતિજ્ઞાના વાયરલ વીડિયોનો વિવાદ

વસઇ: પાલઘર જિલ્લામાં કથિત રીતે વાયરલ થયેલા વીડિયોમાં થિયેટરમાં આવેલા લોકો મુસ્લિમ સમુદાયનો સામાજિક અને આર્થિક બહિષ્કાર કરવાની પ્રતિજ્ઞા લેતા અને એવા પ્રકારના સૂત્રોચ્ચાર કરતા જોવા મળે છે. આ વીડિયોને કારણે વિવાદ ઊભો થયો છે.

કૉંગ્રેસના સાંસદે દાવો કર્યો છે કે આ વીડિયો ૧૦ માર્ચનો અને વસઇના થિયેટરમાં શૂટ કરાયેલો છે. જોકે મીરા-ભાયંદર વસઇ-વિરાર પોલીસ કમિશનરેટના વરિષ્ઠ અધિકારીએ મંગળવારે જણાવ્યું હતું કે વીડિયોની વિશ્વસનીયતાની હજી તપાસ કરવામાં આવી રહી છે.

વીડિયો ક્યાં શૂટ કરવામાં આવ્યો હતો તેની અમને ખાતરી નથી અને અમે માનીએ છીએ કે અમુક અસામાજિક તત્ત્વો દ્વારા આ હરકત કરવામાં આવી હોઇ શકે છે, એમ તેમણે કહ્યું હતું.

અગાઉ કૉંગ્રેસના સાંસદે દાવો કર્યો હતો કે વીડિયોમાં લોકોનું ટોળું વિવાદાસ્પદ ફિલ્મ 'ધ કેરલા સ્ટોરી ૨' જોયા બાદ મુસ્લિમોનો બહિષ્કાર કરવાની પ્રતિજ્ઞા લેતું બતાવવામાં આવ્યું છે. કૉંગ્રેસના રાજ્યસભાના સભ્ય સૈયદ નસીર હુસૈને એક્સ પર આ વીડિયો શૅર કર્યો હતો.

વસઇ, પાલઘરમાં ૧૦ માર્ચે ધ કેરલા સ્ટોરી ફિલ્મના મફત સ્ક્રીનિંગ બાદ સહભાગીઓએ મુસ્લિમોનો સામાજિક અને આર્થિક બહિષ્કાર કરવા માટે એકત્રિત પ્રતિજ્ઞા લીધી હતી. ભાજપ સરકારના નેતૃત્વમાં સતત આ રીતે પ્રચાર કરવાથી મુસ્લિમોને લક્ષ્ય બનાવવામાં આવી રહ્યા છે અને સામાજિક ધ્રુવીકરણ વધ્યું છે. એક ફિલ્મને સંપૂર્ણ સમુદાય વિરુદ્ધ રાજકીય સાધન તરીકે ઉપયોગ કરાય ત્યારે પૂર્વગ્રહ સંગઠિત ભેદભાવમાં ફેરવાઇ જવાનું જોખમ હોય છે અને મુસ્લિમ વિરોધી ભાવનાઓ વધુ ભડકે છે, એમ તેમણે જણાવ્યું હતું.

ભારતની લોકશાહીની નૈતિકતા બિનસાંપ્રદાયિકતા, સમાનતા અને ભાઇચારામાં રહેલી છે. કોઇ પણ સમુદાયના સામાજિક અને આર્થિક બહિષ્કાર માટે હાકલ ભારતના બંધારણના પાયા પર પ્રહાર સમાન છે અને આપણા પ્રજાસત્તાકના બહુસંખ્ય તથા સમાવેશક ગુણનું સંવર્ધન કરવા માટે તેને ભારપૂર્વક નકારી કાઢવાનું આવશ્યક છે, એમ સાંસદે કહ્યું હતું.

આ પછી એક યુઝરે એક્સ પર પોસ્ટ કર્યું છે: વસઇમાં હિન્દુઓએ કેરલા સ્ટોરી જોયા બાદ આર્થિક અને સામાજિક રીતે મુસ્લિમોનો બહિષ્કાર કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. ફિલ્મનો આ જ હેતુ છે, જે હાંસલ થયો છે. યુઝરે કહ્યું કે ઇંધણ અને તેલ મુસ્લિમ દેશોમાંથી આવે છે. ગણિતમાં પણ મુસ્લિમ યોગદાન છે. શું તેઓ પેટ્રોલ, ડીઝલ અને ગણિતનો પણ બહિષ્કાર કરશે? એવું તેણે પૂછ્યું હતું. (પીટીઆઇ)

# દસમાનું ભૂગોળનું પેપર ફૂટ્યું

પંઢરપુર: એસએસસી બોર્ડની પરીક્ષાના પ્રશ્નપત્રો પંઢરપુરના સાંગોલામાં જે શાળામાં રાખવામાં આવ્યા હતા ત્યાંના સ્ટ્રોન્ગ રૂમનું તાળું તોડી ચોર પેપર ચોરી ગયો હોવાની આંચકાજનક ઘટના સામે આવી હતી. પરીક્ષા પહેલાં ભૂગોળનું પેપર ફૂટતાં આ ઘટનાને ગંભીરતાથી લઈ પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી.

મળતી માહિતી અનુસાર શહેરની સાંગોલા વિદ્યામંદિર શાળામાં બોર્ડની પરીક્ષાના બધા પ્રશ્નપત્રો રાખવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. શુક્રવારની રાતે અજાણ્યા શખસે શાળાના સ્ટ્રોન્ગ રૂમનું તાળું તોડ્યું હતું.

# છઠ્ઠા ધોરણની વિદ્યાર્થિની પર ઍસિડ હુમલો

અહિલ્યાનગર: સંગમનેર તાલુકાના વડગાંવ પાન ખાતે સ્કૂલેથી છૂટી ઘરે જઇ રહેલી છઠ્ઠા ધોરણની વિદ્યાર્થિની પર ઍસિડ હુમલો કરવામાં આવ્યો હતો. દાઝી ગયેલી વિદ્યાર્થિનીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હોઇ પોલીસે આ પ્રકરણે ગુનો નોંધી આરોપીની શોધ આદરી હતી.તાલુકામાં બે દિવસ અગાઉ યુવતી પર જીવલેણ હુમલો કરાયો હતો અને હવે વિદ્યાર્થિની પર ઍસિડ હુમલાની ઘટનાને કારણે મહિલા-વિદ્યાર્થિનીઓની સુરક્ષા સામે પ્રશ્ન નિર્માણ થયો છે.

વડગાંવ પાન ખાતેની જિલ્લા પરિષદની સ્કૂલમાં છઠ્ઠા ધોરણમાં ભણતી વિદ્યાર્થિની સ્કૂલ છૂટ્યા બાદ ઘરે જઇ રહી હતી ત્યારે માર્ગમાં અજાણ્યો યુવક તેની પાસે આવ્યો હતો અને વિદ્યાર્થિની કંઇક સમજે એ પહેલા યુવકે તેના ચહેરા પર ઍસિડ ફેંક્યું હતું.

ઍસિડને કારણે દાઝી જવાથી વિદ્યાર્થિનીએ ચીસો પાડી હતી. તેની ચીસો સાંભળીને ગામવાસીઓ મદદ માટે દોડી આવ્યા હતા. જોકે એ અગાઉ આરોપી ત્યાંથી ફરાર થઇ ગયો હતો.

વિદ્યાર્થિનીને સારવાર માટે તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઇ જવાઇ હતી અને બાદમાં તેને વધુ સારવાર માટે લોણી ખાતેની પ્રવરા હોસ્પિટલમાં ખસેડાઇ હતી.

દરમિયાન બનાવની જાણ થતાં સંગમનેર પોલીસ સ્ટેશનના અધિકારીઓ ઘટનાસ્થળે તપાસ માટે દોડી આવ્યા હતા. પંચનામું કર્યા બાદ પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કર્યો હતો. ઘટનાને કારણે ઉશ્કેરાયેલા ગામવાસીઓએ ગુનામાં સંડોવાયેલા આરોપીની તાત્કાલિક ધરપકડ કરીને તેને ફાંસીની સજા આપવાની માગણી કરી હતી. ■



ગૅસના સિલિન્ડરની અછતને કારણે હોટેલો બંધ થઈ રહ્યા છે. અમુક હોટેલોમાં કોલસાનો ઉપયોગ કરાતી સગડીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. (અમય ખરાડે)

# વિઝાના નિયમોનું ઉલ્લંઘન કરતા વિદેશીઓનું પગેરું શોધવા નવી વ્યવસ્થા કરાઈ

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે કહ્યું હતું કે રાજ્ય સરકારે વિઝાની મુદત કરતા વધુ સમય રહેતા અથવા વિઝાની શરતોનું ઉલ્લંઘન કરતા વિદેશી નાગરિકોને શોધવા માટે ઇમિગ્રેશન રેકોર્ડ તપાસવા માટે એક વ્યવસ્થા શરૂ કરી છે.

રાજ્ય વિધાનસભામાં સીએમએ વધુમાં જણાવ્યું હતું કે સરકારે રાજ્યમાં ડ્રગ્સ સંબંધિત કેસમાં પકડાયેલા ૬૯ વિદેશી નાગરિકોને ઓળખી તેમને દેશ નિકાલ કરવામાં આવ્યા છે અને ૧૨૨ જણને અટકાયત કેન્દ્રોમાં મોકલવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારે દેશમાં રોકાણ લંબાવવા માટે નાના ગુના કરનારાઓને તાત્કાલિક દેશનિકાલ કરવાનો નિર્દેશ આપ્યો છે.

ફડણવીસે એ વાત પર ધ્યાન દોર્યું હતું કે ઘણા વિદેશી નાગરિકો માન્ય પાસપોર્ટ અને વિઝા, ખાસ કરીને ટૂંકા ગાળાના તબીબી વિઝા પર ભારત આવે છે, પરંતુ પછી પકડાઈ ન જવાય એ માટે દસ્તાવેજો રફેદફે કરી દે છે.

ફડણવીસે ગેરકાયદે ચીજવસ્તુઓનું વેચાણ કરતા અને નક્કી કરેલા કલાક કરતાં વધુ કામ કરતા કેફે અને દુકાનો સામે કડક પગલાં લેવાની પણ જાહેરાત કરી ચેતવણી આપી હતી કે આવા લોકો સામે કડક કાર્યવાહી કરી તેમના વ્યવસાયિક લાઇસન્સ રદ થઈ શકે છે. મુખ્ય પ્રધાનએ પાલઘર જિલ્લાના વસઈ-વિરાર વિસ્તારમાં કાર્યવાહીનો પણ ઉલ્લેખ કર્યો હતો. આ વિસ્તારમાં ૩૦ દરોડા પાડી ૧૧ કરોડ રૂપિયાના નશીલા દ્રવ્યો જપ્ત કરવામાં આવ્યા હતા. (પીટીઆઈ) ■

# મહારાષ્ટ્ર વિધાનસભામાં ૮૦ કાલબાહ્ય કાયદાઓ રદ કરવા માટેનું બિલ પસાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રમાં ૮૦ જૂના અને કાલબાહ્ય કાયદાઓ અને નિયમો રદ કરવા માટેનું બિલ મંગળવારે વિધાનસભામાં પસાર કરવામાં આવ્યું હતું, જે સુશાસનને મજબૂત બનાવવા અને વહીવટી પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે, એમ રાજ્યના પ્રધાન આશિષ શેલારે જણાવ્યું હતું.

મહારાષ્ટ્ર રિપીલીંગ (રદ કરવાનું) બિલ, ૨૦૨૬ને સામાન્ય વહીવટ ખાતાનો હવાલો સંભાળતા આશિષ શેલાર દ્વારા ગૃહમાં રજૂ કરવામાં આવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે બંધારણીય ફેરફારો, રાજ્યોના પુનર્ગઠન અને નવા કાયદાઓના અમલને કારણે, મહારાષ્ટ્રમાં ઘણા કાયદાઓ બિનજરૂરી બની ગયા છે.

'આવા જૂના કાયદાઓના સંદર્ભો જાળવી રાખવાથી શાસનમાં અસ્પષ્ટતા આવી રહી હતી. આને ઉકેલવા માટે, રાજ્ય સરકારે તમામ હાલના રાજ્ય કાયદાઓની વ્યાપક સમીક્ષા હાથ ધરી અને બોમ્બે, બંગાળ, મધ્ય પ્રાંત અને બેરાર, હૈદરાબાદ અને મધ્ય પ્રદેશના કાયદાઓ અને નિયમો સહિત, જે હવે ઉપયોગમાં નથી તેવા કાયદાઓ રદ કરવાનો નિર્ણય લીધો હતો,' એમ તેમણે જણાવ્યું હતું.

રદ કરાયેલા ૮૦ કાયદાઓમાં ૨૪ બોમ્બે એક્ટ, આઠ સેન્ટ્રલ પ્રોવિન્સ અને બેરાર એક્ટ, ૧૮ હૈદરાબાદ એક્ટ, ૩ મધ્યપ્રદેશ એક્ટ અને ૨૪ એપ્રોપ્રિએશન એક્ટનો સમાવેશ થાય છે.

રદ કરાયેલા કાયદાઓમાં બંગાળ એલુવિયન એન્ડ ડિલુવિયન રેગ્યુલેશન, ૧૮૨૫, બોમ્બે આબકારી એક્ટ, ૧૮૭૮, બોર્સ્ટલ સ્કૂલ્સ એક્ટ, ૧૯૨૯, મહારાષ્ટ્ર અફીણ ધૂમ્રપાન એક્ટ, બોમ્બે ફોડર એન્ડ ગ્રેન કંટ્રોલ એક્ટ, ૧૯૩૯, બોમ્બે કોટન કંટ્રોલ એક્ટ, ૧૯૪૨ અને બોમ્બે એબોલિશન ઓફ વ્હીપિંગ એક્ટ, ૧૯૫૭નો સમાવેશ થાય છે. ■

# ૨૫,૦૦૦ કરોડના શિખર બેંક કૌભાંડ કેસ બંધ: પવાર પરિવારને ક્લીન ચિટ

મુંબઈ: રાજ્યના રાજકારણમાં છેલ્લા ઘણા વર્ષોથી ચર્ચાનો વિષય બનેલા મહારાષ્ટ્ર રાજ્ય સહકારી બેંક (એમએસસીબી) ના કથિત રૂ. ૨૫,૦૦૦ કરોડના કૌભાંડ કેસની ફાઇલ, આખરે બંધ કરવામાં આવી છે. આ કૌભાંડ કેસમાં, રાજ્યના સ્વર્ગસ્થ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર, તેમનાં પત્ની અને વર્તમાન નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવાર અને રાષ્ટ્રવાદી શરદ પવાર જૂથના વિધાનસભ્ય રોહિત પવાર સહિત ૭૦ થી વધુ ભૂતપૂર્વ ડિરેક્ટરોને ક્લીનચીટ આપવામાં આવી છે. શિખર બેંક કૌભાંડ કેસમાં અજિત પવાર અને પવાર પરિવાર પર ભ્રષ્ટાચારનો આરોપ હતો.

કોર્ટે આ કેસમાં આર્થિક ગુના શાખા દ્વારા રજૂ કરાયેલા 'સી-સમરી' અથવા ક્લોઝર રિપોર્ટને સત્તાવાર રીતે સ્વીકારી લીધો છે. તપાસ એજન્સીને કથિત કૌભાંડમાં કોઈ નક્કર ગુનાહિત પુરાવા મળ્યા નથી. તેથી કેસને આગળ વધારવાને બદલે તેને કાયમ માટે બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કોર્ટના આ નિર્ણય સાથે, પવાર પરિવાર પર લટકતી કાનૂની અને રાજકીય તલવાર હવે કાયમ માટે દૂર થઈ ગઈ છે.

આ કેસ ૨૦૧૧-૧૨ ની આસપાસનો છે. એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે શિખર બેંકે રાજ્યની અનેક સહકારી ખાંડ ફેક્ટરીઓને ગેરકાયદેસર રીતે લોન આપી હતી અને બાદમાં આ ફેક્ટરીઓને ખૂબ જ ઓછી કિંમતે વેચી નાખવામાં આવી હતી, જેના કારણે બેંકને ૨૫,૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું. આ કેસના પ્રત્યાઘાત ચૂંટણી દરમિયાન પડ્યા હતા. અજિત પવાર અને પવાર પરિવાર પર સતત આરોપો લાગ્યા હતા. જોકે લાંબી તપાસ પછી પણ કોઈ ગુનાહિત કાવતરું કે ભ્રષ્ટાચારના પુરાવા મળી શક્યા નથી.

રાજ્ય સહકારી બેંકમાં કથિત કૌભાંડની તપાસ માટે ભૂતપૂર્વ ન્યાયાધીશ પંડિતરાવ જાધવની આગેવાની હેઠળની એક તપાસ સમિતિની નિમણૂક કરવામાં આવી હતી. તપાસ સમિતિએ ફેબ્રુઆરી ૨૦૨૦ માં કથિત કૌભાંડને ક્લીનચીટ આપી હતી. કોર્ટે ક્લોઝર રિપોર્ટને પડકારતી અરજીઓ પણ ફગાવી દીધી છે. કોર્ટના આ નિર્ણય સાથે હજારો કરોડના આ કથિત કૌભાંડની કાનૂની પ્રક્રિયા, જે લાંબા સમયથી રાજકીય વર્તુળોમાં ચર્ચામાં છે, હવે તેનો અંત આવ્યો છે.

# મેટલ અને ઑટો શૅરમાં આકર્ષણ વધતાં સેન્સેક્સે ૫૬૭ પૉઈન્ટના સુધારા સાથે ૭૬,૦૦૦ની સપાટી પાર કરી

## વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ₹ ૪૭૪૧.૨૨ કરોડની વેચવાલી સામે સ્થાનિક ફંડોની ₹ ૫૨૨૫.૩૨ કરોડની લેવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક ઈક્વિટી માર્કેટના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ખાસ કરીને ઑટો અને મેટલ શૅરોમાં રોકાણકારોની લેવાલી પ્રબળ રહેતાં સતત બીજા સત્રમાં સુધારાતરફી વલણ જોવા મળતાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સ સત્ર દરમિયાન ૮૦૧.૪૧ પૉઈન્ટ વધ્યા બાદ અંતે ૫૬૭.૯૯ પૉઈન્ટના સુધારા સાથે ૭૬,૦૦૦ની સપાટી પાર કરી ગયો હતો, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી સત્ર દરમિયાન ૨૪૮ પૉઈન્ટ વધ્યા બાદ અંતે ૧૭૨.૩૫ પૉઈન્ટના સુધારા સાથે બંધ રહ્યો હતો.

એક્સચેન્જની આંકડાકીય માહિતી અનુસાર આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૧,૯૦૩.૭૧ કરોડની ખરીદી સામે રૂ. ૧૬,૬૪૪.૯૩ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૪૭૪૧.૨૨ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. જોકે, તેની સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૬,૭૬૨.૬૫ કરોડની ખરીદી સામે રૂ. ૧૧,૫૩૭.૩૩ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૫૨૨૫.૩૨ કરોડની ચોખ્ખી ખરીદી રહી હતી.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૭૫,૫૦૨.૮૫ પૉઈન્ટના બંધ સામે સુધારાના અન્ડરટોને ૭૫,૮૨૬.૬૮ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૫,૩૨૪.૭૩ અને ઉપરમાં ૭૬,૩૦૪.૨૬ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૫૬૭.૯૯ પૉઈન્ટ અથવા તો ૦.૭૫ ટકા વધીને ૭૬,૦૭૦.૮૪ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૩,૪૦૮.૮૦ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૨૩,૪૯૩.૨૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૨૩,૩૪૬.૬૦થી ૨૩,૬૫૬.૮૦ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૦.૭૪ ટકા અથવા તો ૧૭૨.૩૫ પૉઈન્ટના સુધારા સાથે ૨૩,૫૮૧.૧૫ના મથાળે બંધ રહ્યો હતો.

એકંદરે આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે રોકાણકારોનું ખાસ કરીને ઑટો, મેટલ અને ફાઈનાન્સિયલ જેવા સાઈક્લિકલ ક્ષેત્રના શૅરોમાં યુદ્ધના પરિણામે જોવા મળેલા મોટા ઘટાડા બાદ બાર્ગેઈન હંટિંગ નીકળતાં બજારમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું છે. જોકે, આજે સુધારો જળવાઈ રહેશે કે કેમ તે અંગે અત્યારે કહેવું મુશ્કેલ છે કેમ કે હજુ યુદ્ધની બાબતમાં અનિશ્ચિતતાના યથાવત્ જ છે, એમ જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.ના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું. વધુમાં આજે ભારતનાં વૉલેટિલિટી ઈન્ડેક્સમાં આઠ ટકા સુધીનો તીવ્ર ઘટાડો જોવા મળ્યો હોવાથી ચોક્કસ ક્ષેત્રના




શૅરોમાં રોકાણકારોની નીચા મથાળેથી લેવાલીનું આકર્ષણ રહેતાં સતત બીજા સત્રમાં આગેકૂચ જોવા મળી હોવાનું લાઈવ લૉન્ગ વૅલ્થના સ્થાપક અને રિસર્ચ એનાલિસ્ટ હરિપ્રસાદ કે એ જણાવ્યું હતું.

આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી ૨૧ શૅરના ભાવ વધીને અને નવ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા, જેમાં મુખ્ય વધનાર શૅરોમાં સૌથી વધુ ૫.૭૦ ટકાનો ઉછાળો ઈટર્નલમાં જોવા મળ્યો હતો, ત્યાર બાદ અનુક્રમે ટાટા સ્ટીલમાં ૪.૪૧ ટકાનો, મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૩.૧૨ ટકાનો, ભારત ઈલેક્ટ્રિનિક્સ લિ.માં ૨.૩૯ ટકાનો, લાર્સન ઍન્ડ ટૂબ્રોમાં ૨.૨૯ ટકાનો અને ભારતી એરટેલમાં ૨.૧૩ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે મુખ્ય ઘટનાર શૅરોમાં સૌથી વધુ ઈન્ફોસિસમાં ૧.૩૭ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. આ સિવાય બજાજ ફાઈનાન્સમાં ૧.૧૭ ટકાનો, આઈટીસીમાં ૧.૦૫ ટકાનો, હિન્દુસ્તાન યુનીલિવરમાં ૦.૭૩ ટકાનો, ટીસીએસમાં ૦.૬૯ ટકાનો અને અદાણી પોર્ટસમાં ૦.૬૫ ટકાનો ઘટાડો આવ્યો હતો. એકંદરે આજે બીએસઈ ખાતે કુલ ૪૪૧૧ શૅરોમાં કામકાજ થયા હતા. જેમાં ૨૩૩૨ શૅરના ભાવ વધીને, ૧૯૩૦ શૅરના ભાવ ઘટીને અને ૧૪૯ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૫૬ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૪૪૦ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા અને ૧૧ શૅરના ભાવમાં નીચલી સર્કિટ લાગી હતી.

આજે બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ અનુક્રમે ૦.૮૬ ટકા અને ૦.૬૭ ટકા વધીને બંધ રહ્યા હતા, જ્યારે સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં મેટલ ઈન્ડેક્સમાં સૌથી વધુ ૨.૮૧ ટકાનો સુધારો આવ્યો હતો. આ સિવાય ઑટો ઈન્ડેક્સ ૨.૦૫ ટકા, રિઅલ્ટી ઈન્ડેક્સ ૧.૭૯ ટકા, કૉમૉડિટી ઈન્ડેક્સ ૧.૬૯ ટકા, કન્ઝ્યુમર ડિસ્ક્રેશનરી ઈન્ડેક્સ ૧.૫૪ ટકા, ઈન્ડસ્ટ્રિયલ ઈન્ડેક્સ ૧.૫૪ ટકા, કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સ ૧.૪૦ ટકા, ટેલિકોમ્યુનિકેશન ઈન્ડેક્સ ૧.૨૪ ટકા અને બૅન્કેક્સ ૦.૯૦ ટકા વધીને બંધ રહ્યો હતો, જ્યારે તેની સામે આઈટી, એફએમસીજી અને બીએઈ ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સમાં ઘટાડો જોવા મળ્યો હતો.

એશિયન બજારોમાં આજે દક્ષિણ કોરિયાના કસ્પીમાં ૧.૬૩ ટકાનો ઉછાળો આવ્યો હતો અને હૉંગકૉંગના હૅંગસૅંગમાં સાધારણ સુધારો હતો, જ્યારે જાપાનના નિક્કી ૨૨૫ અને શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ નરમાઈ સાથે બંધ રહ્યો હતો. તેમ જ આજે યુરોપનાં બજારોમાં મધ્ય સત્ર દરમિયાન સુધારાતરફી વલણ રહ્યું હતું.

વધુમાં આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૨.૪૪ ટકા ઉછળીને બેરલદીઠ ૧૦૨.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા અને ક્રૂડતેલના ભાવ વધી આવતા સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૨ પૈસાના ઘટાડા સાથે ઐતિહાસિક નીચી ૯૨.૪૦ની સપાટીએ બંધ રહ્યો હતો.

# ડૉલર સામે રૂપિયો ૧૨ પૈસા તૂટીને ૯૨.૪૦ની નવી નીચી સપાટીએ

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીનું દબાણ, વૈશ્વિક સ્તરે ક્રૂડતેલના ભાવમાં વધારો અને ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ૧૯ પૈસા તૂટીને ૯૨.૪૭ની અત્યાર સુધીની સૌથી નીચી ૯૨.૪૭ની સપાટીની સ્પર્શીને અંતે ૧૨ પૈસાના ઘટાડા સાથે ૯૨.૪૦ની નવી નીચી સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને ટ્રેડરોની નજર આજથી શરૂ થતી અમેરિકી ફેડરલ રિઝર્વની બે દિવસીય નીતિવિષયક બેઠક પર હોવાથી સાવચેતીના અભિગમને કારણે રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૨.૨૮ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૨.૩૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૨.૪૭ અને ઉપરમાં ૯૨.૩૫ની રેન્જમાં અથડાઈને અંતે ૧૨ પૈસાના ઘટાડા સાથે ૯૨.૪૦ની ઐતિહાસિક નીચી સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં સાધારણ બે પૈસાનો સુધારો જોવા મળ્યો હતો. એકંદરે આજે એશિયન બજારોમાં ભારતીય રૂપિયામાં સૌથી નબળી કામગીરી જોવા મળી હતી અને ગત ૧૩મી માર્ચની ૯૨.૩૦ની અગાઉની નીચી સપાટી પણ પાર કરીને ૯૨.૪૭ના મથાળે બંધ રહ્યો હતો.

એકંદરે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં વધારો અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં એકતરફી વેચવાલીનું દબાણ રૂપિયાને ગબડાવી રહ્યું છે. જોકે, આજે સતત બીજા સત્રમાં ઈક્વિટી માર્કેટમાં સુધારો આગળ ધપ્યો હોવાથી તેમ જ સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ ખૂલવાનો આશાવાદ અને સંભવિતપણે રિઝર્વ બૅન્કના હસ્તક્ષેપને કારણે રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું મિરે એસેટ્સ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૯૨.૧૦થી ૯૨.૭૫ની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૫ ટકા વધીને ૯૯.૫૨ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૨.૬૫ ટકા વધીને બેરલદીઠ ૧૦૨.૮૬ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

# સોનામાં ₹ ૪૬નો સાધારણ ઘસરકો, ચાંદીમાં ₹ ૩૬૧૧ની તેજી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ બેરલદીઠ ૧૦૦ ડૉલરની સપાટીની ઉપર પ્રવર્તી રહ્યા હોવાથી ફુગાવો વધવાની સાથે અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા પાતળી બની જતાં આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ સાંકડી વધઘટે ટકેલા રહ્યા હતા અને વાયદામાં ઘટ્યા મથાળેથી ધીમો સુધારો આવ્યો હતો અને ચાંદીના ભાવ વધ્યા મથાળેથી ૦.૬ ટકા ઘટીને ક્વૉટ થઈ રહ્યા હતા. આમ વિશ્વ બજારને અનુસરતા સ્થાનિક ઝવેરી બજારમાં સોના અને ચાંદીમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. ખાસ કરીને ચાંદીમાં ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલે ભાવમાં કિલોદીઠ રૂ. ૩૬૧૧નો સુધારો આવ્યો હતો, જ્યારે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૫થી ૪૬નો સાધારણ સુધારો આવ્યો હતો.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર ચાંદીમાં ગઈકાલે ન્યૂ યોર્ક ખાતે ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારો આવ્યો હોવાથી સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીના વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૬૧૧ના સુધારા સાથે રૂ. ૨,૫૨,૩૪૦ના મથાળે રહ્યા હતા, પરંતુ વધ્યા મથાળેથી ઔદ્યોગિક વપરાશકારો અને જ્વેલરી ઉત્પાદકોની ખપપૂરતી લેવાલી રહી હતી. વધુમાં આજે હાજરમાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૫ના ઘટાડા સાથે રૂ. ૧,૫૫,૦૪૫ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૬ના ઘટાડા સાથે રૂ. ૧,૫૫,૬૬૮ના મથાળે રહ્યા હતા. તેમ જ સોનામાં ઘટ્યા મથાળેથી રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગનો વસવસો રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ સાંકડી વધઘટે અથડાઈને ઔંસદીઠ ૫૦૦૧.૩૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે એપ્રિલ ડિલિવરી વાયદામાં ભાવ સાધારણ ૦.૧ ટકા વધીને ઔંસદીઠ ૫૦૦૫.૨૦ ડૉલર આસપાસ રહ્યા હતા અને ચાંદીના ભાવ વધ્યા મથાળેથી ૦.૬ ટકા ઘટીને ઔંસદીઠ ૮૦.૨૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

હાલમાં વૈશ્વિક સ્તરે ઈરાન યુદ્ધને કારણે ભૂરાજકીય તણાવ અને આર્થિક અનિશ્ચિતતાના માહોલમાં સોનામાં સલામતી માટેની માગનો ટેકો મળી રહ્યો હોવાનું એક્ટિવ ટ્રેડનાં વિશ્લેષક રિકાર્ડો ઈવાન્જેલિસ્ટાએ જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે આજે ઈરાને યુનાઈટેડ આરબ અમિરાત પર હુમલા કર્યા હતા જેને કારણે તેલ લોડિંગ માટેના મુખ્ય ફ્યુજિરાહ બંદર પર તેલના લોડિંગને લગતા કામકાજો અટક્યા હતા. તેમ જ આ હુમલાથી કટોકટી વધુ ઘેરી બને તેવી શક્યતા સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે.

વધુમાં સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ બંધ છે અને અમેરિકાએ તેના સહયોગી રાષ્ટ્રોને આ માર્ગેથી ટૅન્કરોની રવાનગીની સલામતી માટે યુદ્ધ જહાજો તૈનાત રાખવાની અપીલ નકારી કાઢતાં ક્રૂડતેલના ભાવ બેરલદીઠ ૧૦૦ ડૉલરની ઉપરની સપાટી પર જ પ્રવર્તી રહ્યા હતા.

આમ ઈંધણની કટોકટીને કારણે ફુગાવામાં થનારી અપેક્ષિત વૃદ્ધિને ધ્યાનમાં લેતા અમેરિકી ફેડરલ રિઝર્વ સહિત વિશ્વના મુખ્ય અર્થતંત્રોની કેન્દ્રવર્તી બૅન્કો વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા ઓછી થવાથી સોનામાં તેજી રૂંધાઈ રહી હોવાનું ઈવાન્જેલિસ્ટાએ ઉમેર્યું હતું.

જોકે, બજાર વર્તુળોની નજર અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન સાથેનાં વિવાદ પશ્ચાતની પહેલી અમેરિકી ફેડરલ રિઝર્વની આજથી શરૂ થઈ રહેલી બે દિવસીય નીતિવિષયક બેઠક ઉપરાંત યુરોપિયન સેન્ટ્રલ બૅન્ક, બૅન્ક ઑફ ઈંગ્લેન્ડ અને બૅન્ક ઑફ જાપાનની નીતિવિષયક બેઠક પર સ્થિર થઈ છે.

# વિશ્વ બજાર પાછળ ચોક્કસ ધાતુઓમાં ધીમો સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની અમુક ધાતુઓમાં ઘટ્યા મથાળેથી સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ આજે એકમાત્ર ટીનમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. છના ઘટાડા અને કોપર કેબલ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં કિલોદીઠ રૂ. એકથી સાત સુધીનો સુધારો આવ્યો હતો.

આજે સ્થાનિક બજારમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે જે ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં નિકલના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૧૬૨૨, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૧૦૭૦, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૧૨૫૮, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૭૩૩, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૮૨૨ અને કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૧૧૭૦, રૂ. ૧૧૬૨ અને રૂ. ૩૪૯ના મથાળે રહ્યા હતા. જોકે, આજે એક માત્ર ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. છના ઘટાડા સાથે રૂ. ૪૬૪૪ના મથાળે રહ્યા હતા, જ્યારે ખપપૂરતી માગને ટેકે કોપર કેબલ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૧૭૫, રૂ. ૨૭૦, રૂ. ૩૨૫ અને રૂ. ૧૯૧ના મથાળે ટકેલા રહ્યાં હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ખાંડમાં માગ અનુસાર મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર સ્મોલ ગ્રેડની ખાંડમાં વેચવાલીનું દબાણ ઉપરાંત સ્થાનિક તેમ જ દેશાવરોની માગ પણ મર્યાદિત રહેતાં ગઈકાલે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦ના ઘટાડા સાથે ક્વિન્ટલે રૂ. ૩૬૮૦થી ૩૭૨૦માં થયાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં માગ અનુસાર મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો ઘટાડો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો જોવા મળ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ જોવા મળ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો, જેમાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં માગ મર્યાદિત રહેતાં તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના સાધારણ ઘટાડા સાથે રૂ. ૩૮૫૨થી ૩૯૨૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં એકંદરે માગ પ્રબળ રહેતાં તેના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૯૫૨થી ૪૦૩૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૩૭૮૦થી ૩૮૧૦માં અને રૂ. ૩૮૫૦થી ૩૯૧૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.



# વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે આયાતી તેલમાં નરમાઈ, સિંગતેલમાં વધુ ₹ ૧૦ની આગેકૂચ

## રિફાઈનરોની આરબીડી પામોલિનમાં બાયબેકમાં નીકળેલી લેવાલી



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૩૫૦ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૭૧ રિંગિટનો ઘટાડો આવ્યાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ આયાતી તેલમાં ઘટાડો આવ્યો હતો, જેમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનમાં રૂ. પાંચ અને સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૦ ઘટી આવ્યા હતા. જોકે, આજે ગુજરાતના મથકો પર સિંગતેલમાં તેજી આગળ ધપતા તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૩૫નો અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫ વધી આવતા સ્થાનિકમાં સિંગતેલના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ની આગેકૂચ જોવા મળી હતી, જ્યારે મથકો પાછળ કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૩૦ ઘટી આવ્યા હતા. જોકે, આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહ્યા હતા. એકંદરે આજે નિરસ કામકાજો વચ્ચે ગોકુલ એગ્રોની માર્ચ કોન્ટ્રાક્ટમાં આરબીડી પામોલિનમાં બાયબેકમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૫૦ના મથાળે અને જી-વનની રૂ. ૧૩૪૦ના મથાળે લેવાલી નીકળી હતી. સ્થાનિકમાં આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૧૧, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૨૫થી ૧૪૩૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૩૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૩૫, પતંજલિ ફૂડ્સના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૪૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૦૦, રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૦૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૯૦, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૫ અને ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

વધુમાં આજે ગુજરાતના ગોંડલ અને રાજકોટ પ્રત્યેક મથકે ૩૫૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર અનુક્રમે મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૫૫૦માં અને રૂ. ૧૩૦૦થી ૧૫૨૫માં થયા હતા. તેમ જ આજે ગુજરાતનાં મથકો પર દેશાવરોની માગને ટેકે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ ૩૫ વધીને રૂ. ૨૭૬૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫ વધીને રૂ. ૧૭૫૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે હાજરમાં દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૨૫ સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૪૦, સન રિફાઈન્ડના રૂ. ૧૭૧૦, સિંગતેલના રૂ. ૧૭૭૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૪૧૦ અને સરસવના રૂ. ૧૪૪૦ના મથાળે રહ્યા હતા.

કવર સ્ટોરી
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com


અગ્નિ મિસાઈલ


સેજ્જિલ મિસાઈલ

# ડાન્સિંગ મિસાઈલ

## ઈરાનના તરકશમાંથી નીકળી રહેલી નવી ડાન્સિંગ મિસાઈલ 'સેજ્જિલ'થી ટ્રમ્પની તાલ પણ બેતાલ થઈ ગઈ છે! એવું તે શું છે તેમાં અને ભારત પાસે એનો કેવો જવાબ છે?

ઈરાન ખૂબ જ વ્યૂહાત્મક રીતે યુદ્ધનું આયોજન કરી રહ્યું છે. ઈરાનની યુદ્ધ નીતિએ અમેરિકા અને ઇઝરાયલને રીતસર હંફાવી નાખ્યા છે. ઈરાને પહેલા ૨૦ લાખની આસપાસના ડ્રોનનો મારો ચલાવીને બંને શત્રુ દેશના કરોડોની કિંમત ધરાવતા બેલાસ્ટિક મિસાઈલ ખતમ કરી નાખ્યા છે અને હવે નવી કહી શકાય અથવા જેનો કોઈને અંદાજો ના હોય એવા આયુધો પ્રકટ કરીને શત્રુ દેશને સ્તબ્ધ કરવાનું કામ કર્યું છે.

અલબત્ત, ઈરાન હાલની પરિસ્થિતિમાં આપણો શત્રુ નથી અને ક્યારેય ઘનિષ્ઠ મિત્ર પણ રહ્યો નથી. આપણે રશિયા પહેલા સૌથી વધુ ક્રૂડ તેલની આયાત ઈરાનથી જ કરતા હતા. આ ઇસ્લામી દેશ છે અને ભૂતકાળમાં ઈરાકે પાકિસ્તાનને સાથ નહોતો આપ્યો પરંતુ ઈરાને આપ્યો હતો. જોકે ત્યાર પછીનાં વર્ષોમાં વેપારી સંબંધો અને ભારતના સોહાર્દપૂર્ણ વ્યવહાર સહિતનાં કારણોસર ઈરાને ભારત સાથે ઘણા સહકાર સાધ્યા હતા, જેમાં ચાબહાર પોર્ટ નો પણ સમાવેશ થાય છે.

ખેર આપણે વર્તમાનમાં પાછા ફરીએ. વેસ્ટ એશિયામાં વધતા તણાવ વચ્ચે ઈરાન દ્વારા તેના અદ્યતન સેજ્જિલ બેલાસ્ટિક મિસાઈલનો પ્રથમ વખત ઉપયોગ કરવામાં આવ્યો હોવાના અહેવાલો માત્ર એક સૈન્ય ઘટના નથી, તે વૈશ્વિક સુરક્ષા માળખાને નવી ચેતવણી આપે છે. રવિવારે આ મિસાઈલ ઈઝરાયલ તરફ છોડવામાં આવી ત્યારે અમેરિકા, ઈઝરાયલ સહિત લગભગ દરેક દેશના યુદ્ધ નિષ્ણાતો ચોંકી ગયા હતા.

અલબત્ત, ભલે નુકસાન અંગે હજી સત્તાવાર પુષ્ટિ ન થઈ હોય, પરંતુ તેના પ્રભાવ વિશે નિષ્ણાતોમાં ગંભીર ચર્ચા શરૂ થઈ ગઈ છે. સેજ્જિલ, જેને ડાન્સિંગ મિસાઈલ તરીકે ઓળખવામાં આવે છે, તેની સૌથી મોટી શક્તિ તેની ઊંચાઈ પર દિશા બદલી શકવાની ક્ષમતા છે. આધુનિક યુદ્ધમાં, જ્યાં મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ્સ મહત્ત્વની ભૂમિકા ભજવે છે, ત્યાં આવી ક્ષમતા શત્રુ માટે ગંભીર પડકાર ઊભો કરે છે. ખાસ કરીને આયર્ન ડોમ જેવી અદ્યતન રક્ષા પ્રણાલીઓને પણ તે ચકમો આપી શકે છે.

**સેજ્જિલઃ ઈરાનની સ્વદેશી શક્તિનો પ્રતીક**

સેજ્જિલ મિસાઈલ ઈરાન દ્વારા વિકસાવવામાં આવેલી એક બે તબક્કાવાળી સોલિડ-ફ્યુઅલ મિસાઈલ છે. તેની રેન્જ આશરે ૨,૦૦૦ કિલોમીટર છે, જે તેને ઇઝરાયલ સહિત સમગ્ર વેસ્ટ એશિયામાં વ્યૂહાત્મક લક્ષ્યોને નિશાન બનાવવાની ક્ષમતા આપે છે. ૭૦૦ કિલોગ્રામ સુધીનું પેલોડ લઈ જવાની ક્ષમતા ધરાવતું આ મિસાઈલ ઝડપથી લોન્ચ થઈ શકે છે, કારણ કે તેમાં સોલિડ ફ્યુઅલનો ઉપયોગ થાય છે.

આ મિસાઈલની સૌથી મોટી ખાસિયત તેની ઝડપ છે. અહેવાલો મુજબ, તે ઈરાનથી તેલ અવીવ સુધી માત્ર સાત મિનિટમાં પહોંચી શકે છે. આટલો ઓછો સમય પ્રતિસાદ માટે ખૂબ જ જોખમી ગણાય છે, કારણ કે તે શત્રુને મિસાઈલ અટકાવવાની તક લગભગ નથી આપતો.

સેજ્જિલનો વિકાસ ઈરાનની સૈન્ય સ્વાવલંબન તરફની યાત્રાનું પ્રતિબિંબ છે. ૨૦૦૮માં પ્રથમ પરીક્ષણથી શરૂ થયેલી આ યાત્રાએ હવે એક એવા તબક્કે પ્રવેશ કર્યો છે, જ્યાં ઈરાન માત્ર રક્ષા નહીં પરંતુ આક્રમક ક્ષમતા દર્શાવી રહ્યું છે.

ઈરાન, અમેરિકા અને ઇઝરાયલ વચ્ચે ચાલી રહેલું યુદ્ધ હવે ૧૯મા દિવસે પ્રવેશી ગયું છે. ગયા મહિને અમેરિકા અને ઇઝરાયલ દ્વારા ઈરાનનાં લક્ષ્યો પર કરવામાં આવેલા સંયુક્ત હુમલાઓએ આ સંઘર્ષને વધુ ઉગ્ર બનાવ્યો હતો. આ હુમલાઓમાં ઈરાનના સર્વોચ્ચ નેતા અલી ખામનેઈના મોત બાદ યુદ્ધ વધુ ઉગ્ર થવાના કારણે સમગ્ર વિસ્તારમાં અસંતુલન વધી ગયું છે.

આ ઘટના બાદ ઈરાને ગલ્ફ દેશોમાં આવેલા અમેરિકન સૈન્ય મથકો અને ઇઝરાયલ પર પ્રતિકારાત્મક હુમલાઓ વધારી દીધા છે. અહેવાલો અનુસાર, અત્યાર સુધીમાં ૨,૦૦૦થી વધુ લોકોનાં મોત થયાં છે. પેન્ટાગોનના જણાવ્યા મુજબ, યુદ્ધ દરમિયાન ૧૫,૦૦૦થી વધુ લક્ષ્યો પર હુમલા થઈ ચૂક્યા છે.

**સેજ્જિલ કેમ ખતરનાક માનવામાં આવે છે?**

સેજ્જિલને ખતરનાક બનાવતી ત્રણ મુખ્ય બાબતો છે, જેમાં ઝડપ, દિશા બદલવાની ક્ષમતા અને સોલિડ ફ્યુઅલ ટેક્નોલોજીનો સમાવેશ છે. સોલિડ-ફ્યુઅલ મિસાઈલ્સને લોન્ચ કરવા માટે ઓછો સમય લાગે છે, જે તેને સડન સ્ટ્રાઈક માટે યોગ્ય બનાવે છે.

તે ઉપરાંત, તેની મેન્યુફેક્ચરિંગ ક્ષમતા તેને પરંપરાગત મિસાઈલ્સથી અલગ બનાવે છે. આ મિસાઈલ હવામાં માર્ગ બદલી શકે છે, જેના કારણે ડિફેન્સ સિસ્ટમ્સ માટે તેને ટ્રેક કરવું મુશ્કેલ બને છે. આ જ કારણ છે કે તેને ડાન્સિંગ મિસાઈલ નામ આપવામાં આવ્યું છે.

**વૈશ્વિક દ્રષ્ટિકોણઃ યુરોપ અને એશિયા સુધી પહોંચ**

સેજ્જિલની રેન્જ માત્ર ઇઝરાયલ સુધી મર્યાદિત નથી. તેની ૨,૦૦૦ કિલોમીટર સુધીની પહોંચ તેને યુરોપ અને એશિયાના કેટલાક ભાગો સુધી અસરકારક બનાવે છે. આથી તે માત્ર પ્રાદેશિક નહીં પરંતુ વ્યૂહાત્મક વૈશ્વિક હથિયાર બની જાય છે.

**ભારતનો પ્રતિસાદઃ અગ્નિ મિસાઈલ**

ઈરાનના સેજ્જિલ મિસાઈલને લઈને નિષ્ણાતો હવે તેની તુલના ભારતના અગ્નિ મિસાઈલ પ્રોગ્રામ સાથે કરી રહ્યા છે. ભારતે તાજેતરમાં અગ્નિ - થ્રી મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું છે, જે દેશની રક્ષણ ક્ષમતાને વધુ મજબૂત બનાવે છે.

અગ્નિ-III એક ન્યુક્લિયરસક્ષમ મધ્યમ-અંતરનું બેલાસ્ટિક મિસાઈલ છે, જે ૩,૦૦૦થી ૩,૫૦૦ કિલોમીટર સુધી હુમલો કરી શકે છે. આ મિસાઈલ દુશ્મનના વ્યૂહાત્મક લક્ષ્યોને ઊંડે સુધી નિશાન બનાવી શકે છે.

ભારતનું અગ્નિ ફાઈવ મિસાઈલ તો વધુ અદ્યતન છે, જે ૫,૦૦૦થી ૮,૦૦૦ કિલોમીટર સુધી પહોંચે છે. આ મિસાઈલ ભારતને ઇન્ટરકોન્ટિનેન્ટલ સ્ટ્રાઈક ક્ષમતા આપે છે.

**અગ્નિ મિસાઈલ્સની રેન્જ**

* અગ્નિ-I: ૭૦૦ થી ૯૦૦ કિમી
* અગ્નિ-II: ૨,૦૦૦ થી ૩,૦૦૦ કિમી
* અગ્નિ-III: ૩,૦૦૦ થી ૩,૫૦૦ કિમી
* અગ્નિ-IV: આશરે ૪,૦૦૦ કિમી
* અગ્નિ-V: ૫,૦૦૦ થી ૮,૦૦૦ કિમી
* અગ્નિ પ્રાઈમઃ આશરે ૨,૦૦૦ કિમી

આ આંકડાઓ દર્શાવે છે કે ભારત અને ઈરાન બંને મિસાઈલ ટેક્નોલોજીમાં સતત આગળ વધી રહ્યા છે, પરંતુ તેમની વ્યૂહરચનાઓ અલગ છે, જેમાં એક પ્રતિકાર અને વિધ્વંશ પર આધારિત છે, જ્યારે બીજું સક્રિય પ્રદર્શન તરફ આગળ વધી રહ્યું છે.

**નિષ્કર્ષઃ ટેક્નોલોજી સામે રાજનૈતિક નિષ્ફળતા**

સેજ્જિલ મિસાઈલનો ઉપયોગ માત્ર એક લશ્કરી ઘટના નથી, પરંતુ તે એક મોટો સંકેત છે, કે આધુનિક યુદ્ધ હવે વધુ ઝડપથી, વધુ જટિલ અને વધુ જોખમી બની રહ્યું છે. જ્યારે ટેક્નોલોજી ઝડપથી આગળ વધી રહી છે, ત્યારે રાજનૈતિક પ્રયાસો નિષ્ફળ રહ્યા છે.

જો વૈશ્વિક શક્તિઓ સમયસર સંવાદ અને નિયંત્રણનાં માધ્યમો વિકસાવવામાં નિષ્ફળ જશે, તો આવા ડાન્સિંગ મિસાઈલ્સ ભવિષ્યમાં મોટા સંઘર્ષોને જન્મ આપી શકે છે.

આજે સેજ્જિલ છે, કાલે કદાચ વધુ અદ્યતન અને વધુ ખતરનાક હથિયાર હશે. પ્રશ્ન એ છે કે દુનિયા તે માટે તૈયાર છે કે નહીં? ■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

# હોર્મુઝની ખાડી સર્જી રહી છે ઘેરી કટોકટી...

## અમેરિકા-યુરોપ વચ્ચેની ખાઈ વધતી જાય છે પરિણામે 'નાટો'નું પણ ભવિષ્ય ભયમાં છે.



હોર્મુઝની ખાડીમાં સર્જાયેલું વર્તમાન સંકટ માત્ર મધ્ય પૂર્વનું પ્રાદેશિક યુદ્ધ નથી, પરંતુ તે ૨૧મી સદીમાં પશ્ચિમી ગઠબંધન અને વૈશ્વિક સુરક્ષા વ્યવસ્થા માટેની સૌથી મોટી કસોટી સાબિત થઈ રહ્યું છે. અમેરિકા અને ઈઝરાયલ દ્વારા છેડાયેલા જંગમાં ઈરાને વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ ગણાતી હોર્મુઝ સ્ટ્રેટ-ખાડીને બ્લોક કરી દીધી, તેની સૌથી ગંભીર અસર વોશિંગ્ટન અને બ્રસેલ્સના સંબંધો પર જોવા મળી છે. વિશ્વના ૨૦% તેલ અને ગેસના પરિવહન પર ઈરાનનો આ કબજો પશ્ચિમી અર્થતંત્રો માટે ગૂંગળામણ સમાન છે, છતાં આ કટોકટીએ અમેરિકા અને તેના પરંપરાગત યુરોપિયન સાથીઓ વચ્ચેના ઊંડા વૈચારિક મતભેદોને સપાટી પર લાવી દીધા છે. આ બ્લોકેજને કારણે વૈશ્વિક બજારોમાં તેલ પુરવઠાની સાંકળ તૂટી ગઈ છે, જેનાથી માત્ર એશિયા જ નહીં, પરંતુ સમગ્ર યુરોપિયન યુનિયનમાં ઊર્જાના ભાવ આસમાને પહોંચ્યા છે.

પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ માટે આ પરિસ્થિતિ એક રાજદ્વારી અને સૈન્ય પડકાર સાબિત થઈ રહી છે. ઈરાને જ્યારે એવી જાહેરાત કરી કે ખાડી 'ખુલ્લી' છે પરંતુ માત્ર તેના શત્રુ માટે બંધ છે ત્યારે ટ્રમ્પે અપેક્ષા રાખી હતી કે 'નાટો' (NATO) અને અન્ય પશ્ચિમી શક્તિઓ તુરંત જ વોરશિપ (યુદ્ધપોત) મોકલીને આ માર્ગને બળજબરીથી ખોલાવશે. જોકે, આ વખતે યુરોપનું વલણ અગાઉના અખાતી યુદ્ધ કરતાં સાવ ભિન્ન છે. ઈંગ્લેન્ડ, ફ્રાન્સ અને ઈટલી જેવાં રાષ્ટ્રોએ અમેરિકાની સૈન્ય મદદની અપીલને સ્પષ્ટપણે નકારી દીધી છે. યુરોપિયન નેતાઓનું માનવું છે કે આ સંઘર્ષ અમેરિકાની એકતરફી નીતિઓનું પરિણામ છે અને તેઓ ૨૦૦૩ના ઈરાક યુદ્ધ જેવી ભૂલનું પુનરાવર્તન કરવા માગતા નથી. તેમની દલીલ છે કે અમેરિકા પર કોઈ સીધો હુમલો થયો નથી, બલ્કે અમેરિકા અને ઈઝરાયલ જ આક્રમક પક્ષ છે, તેથી આ 'નાટો આર્ટિકલ પાંચ'નો વિષય બનતો નથી.

બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટાર્મરનું વલણ આ બદલાતા સમીકરણોનું ઉત્તમ ઉદાહરણ છે. પરંપરાગત રીતે બ્રિટન હંમેશાં અમેરિકાના લશ્કરી અભિયાનમાં મોખરે રહ્યું છે, પરંતુ અત્યારે લંડન સાવચેતીભર્યું અંતર જાળવી રહ્યું છે. સ્ટાર્મરે સ્પષ્ટ કર્યું છે કે એ માત્ર રાજદ્વારી મંત્રણાઓ અને સાથીઓ સાથે યોજના બનાવવામાં રસ ધરાવે છે, યુદ્ધના મેદાનમાં સીધા ઊતરવામાં નહીં. ટ્રમ્પ દ્વારા 'નાટો'ને આપવામાં આવેલી 'ખૂબ જ ખરાબ ભવિષ્ય'ની ચેતવણી પણ યુરોપિયન સંકલ્પને ડગાવી શકી નથી. આ સ્થિતિ અમેરિકાના વૈશ્વિક નેતૃત્વ પર એક મોટું પ્રશ્નાર્થ ચિહ્ન મૂકે છે. જાપાન અને ઓસ્ટ્રેલિયા જેવા પેસિફિક સાથીઓએ પણ લશ્કરી હસ્તક્ષેપથી હાથ ઊંચા કરી લીધા છે. યુરોપિયન દેશો હવે તેમની સુરક્ષા માટે અમેરિકા પરની નિર્ભરતા ઘટાડીને 'વ્યૂહાત્મક સ્વાયત્તતા' તરફ આગળ વધી રહ્યા છે.

આ વૈશ્વિક અસ્થિરતા વચ્ચે ભારતની ભૂમિકા એક તટસ્થ હોવા છતાં એક મજબૂત શક્તિ તરીકે ઊભરી રહી છે. જ્યારે પશ્ચિમી દેશો આંતરિક કલહમાં વ્યસ્ત છે ત્યારે ભારતે કોઈ પણ આંતરરાષ્ટ્રીય કોલિશનનો ભાગ બનવાને બદલે પોતાની સ્વતંત્ર નીતિ પસંદ કરી છે. ભારતની ૮૦% તેલ આયાત મધ્ય પૂર્વ પર નિર્ભર હોવાથી, હોર્મુઝનું બંધ થવું ભારતીય અર્થતંત્ર માટે વિનાશક હોઈ શકે છે. તેલના ભાવ ૧૦૫ ડૉલર પ્રતિ બેરલ સુધી પહોંચવા એ ભારતીય મધ્યમ વર્ગ અને ઉદ્યોગો માટે ખતરાની ઘંટડી છે. આવી સ્થિતિમાં, ભારતે અમેરિકાના દબાણને વશ થયા વગર ઈરાન સાથે સીધો સંવાદ સાધ્યો છે. આ કૂટનીતિ યુરોપ માટે પણ એક મજબૂત ઉદાહરણ પૂરું પાડે છે કે કેવી રીતે લશ્કરી ગઠબંધન વગર પણ રાષ્ટ્રીય હિતોનું રક્ષણ થઈ શકે છે.

ભારતીય વિદેશ પ્રધાન એસ. જયશંકરની કૂટનીતિએ અહીં ચમત્કારિક પરિણામો આપ્યાં છે. જ્યારે પશ્ચિમી જહાજો પર હુમલાનો ભય છે ત્યારે ભારતીય ધ્વજવાળા ઓઈલ-એલપીજી ટેન્કરો - 'શિવાલિક' અને 'નંદા દેવી' - સુરક્ષિત રીતે હોર્મુઝ સ્ટ્રેટ પસાર કરી શક્યા છે. ઈરાને ભારતીય જહાજો માટે આપેલો 'વિશેષ અપવાદ' એ ભારતની સંતુલિત વિદેશ નીતિનું પરિણામ છે. ભારત એક તરફ અમેરિકા સાથે મજબૂત સંરક્ષણ સંબંધો ધરાવે છે, તો બીજી તરફ ઈરાનમાં ચાબહાર પોર્ટ જેવા મહત્ત્વના પ્રોજેક્ટ્સ દ્વારા પોતાનાં હિતો જાળવી રાખ્યા છે. ભારત જાણે છે કે ટ્રમ્પના કોલિશનમાં જોડાવું એટલે ઈરાન સાથેનાં વર્ષો જૂના સંબંધોનો અંત લાવવો, જે લાંબા ગાળે તેની ઊર્જા સુરક્ષા માટે જોખમી છે.

ભારતીય નૌસેનાનું 'ઓપરેશન સંકલ્પ' આ વ્યૂહરચનાનો લશ્કરી પાયો છે. વિશાખાપટ્ટનમ અને કોલકાતા ક્લાસનાં વિનાશક જહાજો અને MH-60 R હેલિકૉપ્ટર દ્વારા ભારતીય વેપારી જહાજોને જે રીતે એસ્કોર્ટ કરવામાં આવી રહ્યા છે, તે તેની વધતી જતી દરિયાઈ શક્તિનું પ્રતીક છે. આ પદ્ધતિ પશ્ચિમી દેશો માટે એક શીખ સમાન છે કે કેવી રીતે કોઈ પણ મોટા સંઘર્ષનો હિસ્સો બન્યા વગર પોતાનાં રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરી શકાય. યુરોપિયન દેશો પણ હવે ભારતની આ નીતિ તરફ આદરથી જોઈ રહ્યા છે, કારણ કે એ પોતે પણ આ જ રસ્તો અપનાવવા માગે છે - એટલે કે અમેરિકાના યુદ્ધમાં જોડાયા વગર વેપાર ચાલુ રાખવો. આનાથી એ પણ સ્પષ્ટ થાય છે કે ભવિષ્યમાં દરિયાઈ સુરક્ષા માટે 'યુનિલેટરલ એસ્કોર્ટ' (વ્યક્તિગત સુરક્ષા) એ વધુ અસરકારક માર્ગ સાબિત થઈ શકે છે.

વર્તમાન સંકટ એ પણ દર્શાવે છે કે રશિયા અને ચીન જેવી મહાસત્તા પણ સીધા હસ્તક્ષેપથી બચી રહી છે. ચીન જેવી આર્થિક મહાસત્તા પણ આ મામલે મૌન છે, જેનો અર્થ છે કે હવે દુનિયા 'બહુધ્રુવીય' (Multipolar) બની રહી છે. અમેરિકા હવે વિશ્વના પોલીસમેન તરીકેની તેની જૂની ભૂમિકા ભજવી શકતું નથી જો તેના સાથીઓ જ તેની સાથે ન હોય.

યુરોપ માટે આ સંકટ એક આત્મનિરીક્ષણની ક્ષણ છે. શું યુરોપે તેની ઊર્જા સુરક્ષા માટે અમેરિકાની વિદેશ નીતિના ઓશિયાળા રહેવું જોઈએ? ફ્રાન્સ અને જર્મની જેવાં દેશો હવે રશિયા-યુક્રેન યુદ્ધ બાદ બીજા કોઈ મોટા યુદ્ધનો આર્થિક બોજ ઉઠાવવા સક્ષમ નથી. હોર્મુઝ સ્ટ્રેટમાં જો ઈરાન વધુ આક્રમક બને તો યુરોપમાં ફુગાવો બેકાબૂ બની શકે છે. આથી જ, યુરોપિયન યુનિયન હવે ભારતની જેમ જ ઈરાન સાથે બેકચેનલ ડિપ્લોમસી દ્વારા કોઈ વચગાળાનો રસ્તો શોધવા પ્રયત્નશીલ છે. આ યુદ્ધે પશ્ચિમી એકતાના આભાસી કવચને તોડી નાખ્યું છે અને રાષ્ટ્રીય હિતના આધારે નવા જોડાણની જરૂરિયાત ઊભી કરી છે.

આખરે, હોર્મુઝનું આ તોફાન વૈશ્વિક રાજકારણમાં એક નવો વળાંક છે. પશ્ચિમી દેશોનું વિભાજન અને ભારત જેવી ઊભરતી શક્તિઓની સ્વતંત્ર નીતિ એ સંકેત આપે છે કે ભવિષ્યમાં સંઘર્ષોના ઉકેલ માત્ર લશ્કરી તાકાતથી નહીં, પરંતુ સંતુલિત કૂટનીતિ અને આર્થિક પરસ્પર નિર્ભરતાથી આવશે. ભારતની આ 'સ્વતંત્ર નૌકા વ્યૂહરચના' એ માત્ર પોતાની ઊર્જા સુરક્ષા માટેની ઢાલ નથી, પરંતુ વિશ્વ માટે એક નવો રાજદ્વારી માર્ગ છે, જ્યાં રાષ્ટ્રીય હિતોને કોઈ પણ વિદેશી દબાણ કરતાં સર્વોપરી રાખવામાં આવે છે. પશ્ચિમી જગતે હવે એ સ્વીકારવું પડશે કે લશ્કરી જોડાણો કરતાં આર્થિક સ્થિરતા અને સાર્વભૌમત્વ વધુ મહત્ત્વના છે. હોર્મુઝની આ કટોકટીમાં ભારતની સફળતા એ વૈશ્વિક વ્યવસ્થામાં આવનારાં પરિવર્તનોની પૂર્વાહુતિ છે. ■

આ તો સ્કેમ છે...




પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# જળગાંવ કૌભાંડમાં નેતા લોગને સજા થાય એ અસાધારણ કેમ?


સુરેશ જૈન


ગુલાબરાવ દેવકર

આખરે જળગાંવ ગૃહનિર્માણ કૌભાંડમાં ડિસ્ટ્રિક્ટ કોર્ટે રૂા. ૧૧૦ કરોડના આ મામલામાં બે રાજકારણી સુરેશ જૈન અને ગુલાબરાવ દેવકરને દોષિત જાહેર કર્યા હતા. તપાસને પગલે સુરેશ જૈન સાથે એન.સી.પી.ના નેતા અને રાજ્યના પ્રધાન ગુલાબરાવ દેવકરની પોલીસે ધરપકડ કરી હતી.

આ ધરપકડ અગાઉ આગોતરા જામીન માટે મથામણ થઈ. જેલ બંધ થયા બાદ જામીન માટે કાનૂની માથાકૂટ પણ કરાઈ હતી.

આ કેસમાં ખાનદેશ બિલ્ડર્સના માલિકો રાજેન્દ્ર મયુર અને જગન્નાથ વાણીને સાત-સાત વર્ષની જેલની સજા અને રૂા. ૪૦ કરોડના દંડ ફટકારાયા હતા. આ કેસની સૌથી મોટી સજા હતી. ત્યાર બાદ ગુલાબરાવ દેવકર અને શિવસેનાના વિધાનસભ્ય ચંદ્રકાંત સોનાવણે અને પ્રદીપ રાયસોનીને પાંચ-પાંચ વર્ષની સજા થઈ હતી. રાયસોનીને દશ લાખનો દંડ પણ કરાયો હતો. જળગાંવ મ્યુનિસિપલ કોર્પોરેશનના ૩૦ સભ્યોને પાંચ વર્ષની કેદની સજા થઈ હતી. કેવો અદ્ભુત ભાઈચારો અને ધ્યેય-નિષ્ઠા! સાક્ષી બની ગયેલા આરોપી વિજય કોલ્હેને કોર્ટે સજા વગર છોડી મૂકયો હતો. એક આરોપી ચુકાદાના સમય સુધી પકડાયો નહોતો.

પોલીસ તપાસ ટીમનું નેતૃત્વ કરનારા આઈ.પી.એસ. ઈશુ સિંધુએ આ ચુકાદાને આકરી તપાસ કરવા સાથે વ્યવસ્થિત દસ્તાવેજ બનાવનારી પોલીસ ટીમની સફળતા ગણાવી હતી.

કૌભાંડ, પર્દાફાશ, ધરપકડ અને ચુકાદા બાદ નાછૂટકે અમુક પગલાં ભરાતા હોય છે. એ સમયે સંપૂર્ણપણે શરદ પવારની ગણાતી નેશનલ કૉંગ્રેસ પાર્ટી (એન.સી.પી.)એ ગુલાબરાવ દેવકરની પક્ષમાંથી હકાલપટ્ટી કરી નાખી. દેવકરની જામીન અરજી વડી અદાલતે ફગાવી દીધી. એટલું જ નહિ, દેવકરે રાજ્યના શહેરી વાહનેવ્યવહાર ખાતાના પ્રધાનપદેથી ય રાજીનામું આપી દીધું. છૂટકો જ નહોતો.

પરંતુ રાજકારણીઓની હિમ્મત જોવા જેવી હોં. જેલમાં હોવા છતાં દેવકર અને જૈન બન્ને ૨૦૧૪ની વિધાનસભાની ચૂંટણી લડયા હતા, પણ બન્ને હારી ગયા હતા. ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાંય દેવકરે ઝંપલાવ્યું હતું પણ પ્રજાએ નકારી દીધા હતા.

બીજી તરફ સુરેશ જૈને સજા વચ્ચે જ તબીબી કારણોસર રાહતની માગણી કરી હતી અને હાઈ કોર્ટે ત્રણ અઠવાડિયાની વચગાળાની જામીન આપી પણ હતી.

જળગાંવ હાઉસિંગ કૌભાંડને ભારતમાં એક દુર્લભ કૌભાંડ ગણી શકાય. આપણા દેશમાં કૌભાંડો બારેમાસ ખીલી ઊઠતા બિલાડીના ટોપ જેવા છે, પરંતુ કેટલામાં તટસ્થ તપાસ થાય છે? કેટલાં મોટા માથાને સજા થાય છે. આ દેશના માળખાકીય વિકાસને ગળી જતા વ્યાપક ભ્રષ્ટાચારનું એક નાનકડું પ્રતીક માત્ર છે. બંધાતા કે નવા પુલના તૂટી પડવા, દર વર્ષે ચંદ્રની સપાટી જેવા થઈ જતા રસ્તા, કડડભૂસ થઈ જતા મકાનો શું છે? રાજકારણીઓ, અમલદારો અને કોન્ટ્રાક્ટર્સની મિલિભગત અને પ્રજાના પૈસાની ઉઘાડી લૂંટ. એમની તિજોરી ભરાય અને લોકશાહીના સર્વેસર્વા સમાન લોકોના જીવ જાય! આનાથી કોઈના પેટનું પાણી હલતું નથી. વિકાસના નામે તોતિંગ કામ જાહેર કરો અને મલાઈ ચાટતા જાઓ.

હવે તો આમાં કોઈને લેશમાત્ર શેહશરમ પણ આવતી નથી. એમાંય જળગાંવના મામલામાં તો એ સમયના ભૂતપૂર્વ અને સત્તાધીશ પ્રધાન પર આરોપ લાગ્યા, તપાસ થઈ શકી અને અદાલતમાં કસુરવાર પુરવાર થયા. આપણા માટે આ પ્રક્રિયા બહુ મોટી બાબત ન હોવી જોઈએ, પરંતુ કૌભાંડબાજોની દુનિયામાં ભાગ્યે જ કોઈ રાજકીય નેતા કે મોટામાથા દંડાય છે. આથી સુરેશ જૈન, ગુલાબરાવ દેવકર, લાલુપ્રસાદ યાદવ કે શીબુ સોરેન જેવાને સજા થાય ત્યારે આપણને આશ્ચર્ય થાય. હજી ન્યાય શકય હોવાનો સધિયારો મળે.


પરંતુ આવા કૌભાંડમાં મોટામાથાને સજા થયાની ટકાવારી કેટલી? આ સવાલના જવાબમાંથી આપણી વર્તમાન સડેલી વ્યવસ્થાની ગંધ આવ્યા વગર રહેતી નથી.

(સંપૂર્ણ)■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## શોધવાથી તો વારસદાર પણ મળી જાય




‘ઢૂંઢનેસે તો ખુદા ભી મિલ જાતા હૈ’ એ શોધયાત્રાનું અંતિમ સત્ય છે. પછી એ વાત જાતને શોધવાની હોય કે જાતને જાળવવા અને જલસો કરવા દલ્લો શોધવાની હોય.

એક બ્રિટિશ મહિલાના જીવનમાં બનેલી ગજબ ઘટના જાણ્યા પછી તમને ‘શોધવાથી તો વારસદાર પણ મળી જાય’ એવી ઉક્તિ બનાવવાનું મન ન થાય તો જ નવાઈ.

વાત એમ છે કે ૨૦૧૫માં ૭૧ વર્ષના મિસ્ટર મેનફ્રેડ સીએલઆફનું જર્મનીમાં અવસાન થયું ત્યારે એમના નામે સાડા ત્રણ કરોડ રૂપિયાનું બેન્ક બેલેન્સ બોલતું હતું. જોકે, શ્રીમાને ન તો કોઈ વસિયત બનાવી હતી કે ન તો એમની સંપત્તિ પર હક જમાવવા કોઈ વારસદાર આગળ આવ્યો. એકવીસમી સદીમાં વારસાગત નિયમો અને કાયદા એવા જટિલ છે કે આ કોકડું ઉકેલવાનું કામ વંશાવળી શોધી કાઢતી એક કંપનીને સોંપવામાં આવ્યું. આ કંપની મૃતકના વારસદારોને પાતાળમાંથી પણ શોધી કાઢવાનું કામ કરે છે. સંશોધકોની ટીમ દિવસ રાત જોયા વિના કામે લાગી ગઈ અને વિવિધ દેશોમાં શોધખોળ શરૂ કરી. જરૂરી ડોક્યુમેન્ટ્સનો અભાવ તેમજ ચોક્કસ રેકોર્ડ ઉપલબ્ધ ન હોવાને કારણે વારસદાર શોધી કાઢવામાં મુશ્કેલી પડી રહી હતી. અંતે ‘કાખમાં છોકરું ને ગામમાં ધમાધમ’ જેવું થયું. બ્રિટનથી કરેલી શોધખોળ ઝિમ્બાબ્વે, જર્મની, સાઉથ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા દેશોમાં વિસ્તરી અને અંતે બ્રિટનમાં જ વારસદાર મળી ગયો. યુકેના બર્કશાયરમાં રહેતાં ૫૬ વર્ષનાં સન્નારી જુડીનાં માતુશ્રી મિસ્ટર મેન્ફ્રેન્ડનાં કઝીન હતાં અને એટલે જુડી અને એની બહેનનું કૌટુંબિક કનેક્શન પાકું થયું. આ સિવાય બીજા ત્રણ વરાસદારનો પત્તો લાગતા પાંચ લાભાર્થી નક્કી થયા અને પ્રત્યેકના ફાળે ૭૦ લાખ રૂપિયા જેવી રકમ આવી ગઈ.

## પિત્તની પથરી... સોના કરતાં મોંઘી



ભારતીય સંસ્કૃતિ અને સનાતન ધર્મમાં ગાયને માતાનો દરજ્જો - ગૌમાતા - આપવામાં આવ્યો છે. માતા જેમ એનાં સંતાનોની નિઃસ્વાર્થ ભાવથી સેવા કરે એમ ગૌમાતા સમગ્ર જીવનમાં દૂધ, ઘી, ગોબર અને મૂત્રથી માનવ જાતિનું પોષણ કરે છે.

તાજેતરની ઈરાન અને મધ્ય પૂર્વના દેશોમાં યુદ્ધજન્ય પરિસ્થિતિને કારણે ઘરેલુ વપરાશના ગેસની અછત ઊભી થઈ છે ત્યારે ઈંધણમાં ઉપયોગી એવા ગાયના છાણાની કિંમત એકદમ વધી ગઈ છે. અજબ દુનિયાની ગજબ ઘટના જેવું ગાય માતાનું બીજું એક ઉદાહરણ પણ જોવા મળી રહ્યું છે. માતાના સ્નેહનું મૂલ્ય આંકી જ ન શકાય, પણ ચીન અને હોંગકોંગની જબરી માગને કારણે ગાયના પિત્તની પથરી (કાઉ ગોલસ્ટોન) અચાનક વિશ્વની એક અત્યંત મૂલ્યવાન જણસ બની ગઈ છે. વાત એ હદે પહોંચી ગઈ છે કે સરખા વજનની આ પથરીના સોના કરતાં વધુ દામ ઊપજે છે. હજારો વર્ષોથી ગાયના પિત્તની પથરીનો ઉપયોગ ચીનની પરંપરાગત ઔષધીમાં થતો આવ્યો છે. હાયપર ટેંશનથી માંડી હૃદયની બીમારીના ઈલાજમાં એનો ઉપયોગ કરવામાં આવે છે. યુએસની સરખામણીમાં ચીનમાં હાર્ટ એટેકનું પ્રમાણ ત્રણગણું વધી ગયું હોવાથી ગોલસ્ટોનની ડિમાન્ડમાં મોટી ભરતી આવી છે. એને પગલે ભાવમાં પણ ઉછાળો આવ્યો છે. અર્થશાસ્ત્રના યુએસના માતબર પ્રકાશનમાં જણાવ્યા મુજબ ગયા વર્ષે ગોલસ્ટોનનો ભાવ પ્રતિ આઉન્સ ૫૮૦૦ ડૉલર થઈ ગયો હતો, જે પ્રતિ આઉન્સ સોનાનાં ભાવ કરતા ચાલીસેક ટકા વધારે હતો. આ વર્ષના એપ્રિલમાં સોનાનો ભાવ ગયા વર્ષની સરખામણીએ વધ્યો છે, પણ તેમ છતાં ૬ હજાર ડૉલર નજીક જઈ રહેલા ગોલસ્ટોનના ભાવ કરતાં તો સોનું સસ્તું છે. અચરજ તો એ વાતનું છે કે તાજેતરના સમયમાં તસ્કરો સોનાની દાણચોરીને બદલે ગોલસ્ટોનના સ્મગલિંગને પ્રાધાન્ય આપી રહ્યા છે અને લૂંટફાટ કરનારાઓને ગોલ્ડને બદલે ગોલસ્ટોન લૂંટવામાં વધુ મજા પડી રહી છે.

## નિરાધારના આધારનો કેવો નિર્ધાર



યુક્રેનના નાગરિકો દેશના રક્ષણ માટે આકાશપાતાળ એક કરી રહ્યા છે ત્યારે આ ટચૂકડા દેશની મોડલ લુઈસા ખોવાન્સ્કી પાળેલી મોન્ટી નામની બિલાડીના જીવના રક્ષણ કાજે પોતાની સમસ્ત પૂંજી જાણે કે ન્યોછાવર કરી રહી છે. રેમ્પ પર કેટ વોક કરતી મોડલ પ્રિય કેટ માટે દોડાદોડી કરી રહી છે. મોડલ અને ઈન્ફ્લુએન્સર લુઈસાએ જીવથી પણ વહાલી માંદી પડેલી બિલ્લીને બચાવવાનો મક્કમ નિર્ધાર કર્યો અને એવો ચમત્કાર થયો કે મરવાના વાંકે જીવી રહેલી બિલાડીને નવજીવન પ્રાપ્ત થયું. પાળેલા જાનવર માટે અસાધારણ પ્રીતિ એકવીસમી સદીની કેટલીક લાક્ષણિકતા પૈકી એક છે. રસ્તે રખડતી બિલાડી માટે હેત ઉભરાઈ જતા લુઈસા એને ઘેર લઈ આવી. જોકે, મોન્ટી એક એવી બીમારીથી પીડાતી હતી જેમાં રોગ પ્રતિકાર શક્તિ ઘટી જાય. એક દિવસ તબિયત એવી લથડી કે એને લઈને લુઈસાએ હોસ્પિટલ ભાગવું પડ્યું. ‘તમારી બિલાડી ૨૪ કલાક પણ નહીં કાઢે’ એવા પ્રાણીના ડોકટરના નિદાનથી મોડલ મેડમ ખળભળી ગઈ. જોકે હિંમત હારી નહીં, ગમે એટલો ખર્ચ થાય મોન્ટીનો જીવ બચી જવો જોઈએ એવી તાકીદ કરી. ડોક્ટરોએ પણ બધી શક્તિ - સમજણ કામે લગાડી દીધા અને ઈલાજથી બિલાડી મોતના મુખમાંથી પાછી ફરી. ડોક્ટરોએ પણ મોન્ટીની ઊગરી જવાની ઘટનાને ચમત્કાર ગણાવી છે. મિસ મિરેકલ સાથે આનંદથી રહેતી લુઈસાને બિલાડીની સારવારમાં ૨૪ લાખની મૂડી ખર્ચાઈ ગઈ એનો જરાય અફસોસ નથી. પૈસા તો ફરી કમાઈ લેવાશે, પણ જો મોન્ટીનો સાથ છૂટ્યો હોત તો એ ભરપાઈ ન થઈ શક્યો હોત એવું એનું કહેવું છે.

## આસમાનમાં ઉડ્ડયનની હરીફાઈ




એ. આર. રેહમાન સ્વરબદ્ધ ‘આસમાનો મેં ઉડને કી આશા’ ગીત ચીનમાં લોકપ્રિય છે કે નહીં એની ખબર નથી, પણ ઉડવાનો ઉમંગ, ઉત્સાહ અને આશા ચીનની રગેરગમાં છે એ સિદ્ધ થતું રહ્યું છે. વિશ્વને હેરત પમાડતી એક પછી એક સિદ્ધિ નોંધાવી રહેલા ચીનએ એકધારા ૨૯ કલાકના સૌથી ઝડપી વિમાન ઉડ્ડયન (નોન સ્ટોપ ફ્લાઈટ)નો વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. વિમાન ટેક ઓફ કર્યા પછી મુસાફરો ૨૦ હજાર કિલોમીટરનો પ્રવાસ કરી ચીનના શાંઘાઈ શહેરથી દક્ષિણ અમેરિકાના બ્યુનેસ એરીસ સુધી પહોંચી જાય છે. આ રૂટ એટલો લાંબો છે કે ફ્યુએલ ભરાવવા એક જગ્યાએ ઉતરાણ કરવું પડે છે. અઠવાડિયામાં બે વાર ‘ચાઈના ઈસ્ટર્ન એરલાઈન્સ’નું વિમાન શાંઘાઈથી ઊપડી ન્યૂઝીલેન્ડના ઓકલેન્ડ એરપોર્ટ પર ઊતરી ઈંધણ ભરાવી સ્ટાફની અદલાબદલી કરી આર્જેન્ટિના જવા ઊપડી જાય. આ ફ્લાઈટમાં મુસાફરો ઉપરાંત ચીન, ન્યૂઝીલેન્ડ અને દક્ષિણ અમેરિકામાં જરૂરી માલસામાન પણ પહોંચતો કરવામાં આવે છે. ૩૧૬ સીટ ધરાવતું એરલાઈન્સનું વિમાન મુસાફરી દરમિયાન ત્રણ ખંડમાંથી પસાર થાય છે. આની પહેલાની શાંઘાઈથી બ્યુનેસ એરીસની ફ્લાઈટને ૩૧ કલાક લાગતા હતા. નવા ઉડ્ડયનમાં બે કલાક ઓછા લાગે છે. આવી ફ્લાઈટ ઊડવાનું કારણ એ છે કે ચીનમાં જન્મેલા ૫૫ હજાર લોકો આર્જેન્ટિનાના નિવાસી હોવાથી પેસેન્જરોની આવન-જાવન નિયમિત છે. વિશ્વની સૌથી લાંબી કમર્શિયલ ફ્લાઈટનો રેકોર્ડ એના નામે છે, પણ એક જગ્યાએ ઉતરાણ કરતી હોવાથી વિશ્વની સૌથી લાંબી ડિરેક્ટ ફ્લાઈટનો રેકોર્ડ એના નામે નથી. હાલ આ વિક્રમ સિંગાપોરથી ન્યૂયોર્કની ૧૯ કલાકની નોન સ્ટોપ ફ્લાઈટના નામે છે. અલબત્ત, ૨૦૨૭માં આ વિક્રમ તૂટી જવાનો છે, કારણ કે ૧૦ હજાર ૫૭૩ માઈલનું અંતર કાપતી સિડનીથી લંડનની બાવીસ કલાકની ફ્લાઇટ શરૂ થવાની છે.

## લ્યો કરો વાત

***એકવીસમી સદીના યંગસ્ટર્સમાં ગઈ કાલ, આજ અને આવતી કાલનો ત્રિવેણી સંગમ રચવાની ગજબની ઘેલછા જોવા મળે છે. આંધ્ર પ્રદેશથી વિખૂટા પડેલા તેલંગાણામાં જોવા મળેલી ‘પોઠરાજુ’ પ્રથા આનું આગવું ઉદાહરણ છે. બ્રાહ્મણ ન હોય એવા પુરોહિત ગ્રામ્ય મહોત્સવ અને તાંત્રિક વિધિ પાર પાડતા હોય છે. આ સિવાય તાવીજ કે માદળિયું આપવું, મૃત શરીર ફરતે નૃત્ય કરવું અને યુવતીઓને જોગણીયું બનાવી દેવી જેવી વિચિત્ર ફરજ તેઓ બજાવે છે. જોકે, આ પ્રથામાં વધી રહેલી જુવાનિયાની હાજરી આશ્ચર્ય પમાડનારી હોય છે. સર્વે અનુસાર માત્ર ભક્તિભાવથી નહીં પણ જીવનમાં ઘર કરી ગયેલી નકારાત્મકતા ફગાવી દેવા યુવાનો હિંસક લાગતા નૃત્યમાં સહભાગી થાય છે. બેરોજગારી, સમાજ તરફથી સ્વીકૃતિની ઈચ્છા, સોશ્યલ મીડિયાની ઘેલછા અને શારીરિક સૌંદર્ય દેખાડવાની તમન્ના યુવાનોને પોઠરાજુ પ્રથા પ્રત્યે આકર્ષિત કરે છે.*** ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**મોલમાં બધું મોંઘું મળે છે. શું કરું?**
* વિન્ડો શોપિંગ.

**ભૂલકણાં પ્રોફેસર બીજાના ઘેર કેમ પહોંચી જતા નથી?**
* એ તો રોજ ભૂલથી પોતાના જ ઘેર પહોંચી જતા હશે...

**કોઈ અચાનક હાથ ખંખેરી નાખે તો?**
* એને પૂરો ખંખેરી નાખો...

**બેઉ બળિયા બાથે વળગે તો આપણે શું કરવાનું?**
* મફતિયા તમાશો જોવાનો...

**દૂરના સગાના દીકરાના લગ્નમાં શું ગિફ્ટ અપાય?**
* આશીર્વાદ લખેલું ગ્રિટિંગ કાર્ડ ...

**સાધુ તો ચલતા ભલા અને શૈતાન?**
* ભાગતા ભલા...

**કાળા બજારિયા કાળા કપડાં કેમ નહીં પહેરતા હોય?**
* અપશુકન થતા હશે એટલે...

**સલાહ લેવી જોઈએ કે આપવી જોઈએ ?**
* મફતમાં લેવી ને રોકડા લઈને આપવી...

**ભાગેડુ લગ્નની જેમ ભાગેડુ છૂટાછેડા કેમ નહીં?**
* છૂટા પડ્યા પછી ભાગવાનું જ હોય છે...

**કયો વટ મોંઘો પડી શકે?**
* બનાવટ...

**ભગવાન ભાવના ભૂખ્યા હોય તો પ્રસાદ કેમ ધરાવવો પડે?**
* પૂજારી માટે...

**મામાનું ઘર કેટલે?**
* ગૂગલ બતાવે એટલે...

**કોઈ વારંવાર છેતરપિંડી કરી જાય તો?**
* એને પાટાપિંડી કરવી પડે એવો પાઠ ભણાવો...

**હાથના કર્યા હૈયે જ કેમ વાગે?**
* ક્યારેક થોભ્ભુ રંગાઈ જાય એવું પણ વાગે...

**મન ના માને તો?**
* કાં તો એનું માનો અથવા એને મારો...

**ચોરના ભાઈ ઘંટીચોર. ફ્રીજ, ટીવી, વોશિંગ મશીનચોર કેમ નહીં?**
* એના ઘરે ઘંટી નહીં હોય...

કચ્છી ચોવક___કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# શ્રદ્ધા-શક્તિનું મહત્ત્વ

માત્ર ઇશ્વર મહાન છે. કોઇ પણ સદ્કાર્ય માટે એ માણસને નિમિત બનાવે છે. ઇશ્વર પાસે સદ્કાર્ય સિવાય કંઇ જ નથી. એટલે જ એક ચોવકમાં સનાતન સ્વરૂપે વણી લેવામાં આવ્યું છે કે, કરણવારી કુદરત માડૂ નીમીત માતર ચોવકમાં જે ‘કરણવારી’ શબ્દનો પ્રયોગ થયો છે, તેનો અર્થ ‘કરવાવાળી’ થાય છે. પણ કચ્છની જુદી જુદી જ્ઞાતિમાં અને પ્રદેશમાં ‘કરણવારી’ના બદલે ‘કે વારી’, ‘કરેવારી’ વગેરે શબ્દો પ્રયોજાય છે. જેનો અર્થ પણ ‘કરવાવાળી’ જ થાય છે. અર્થ અને ભાવાર્થ સ્પષ્ટ છે કે, કરવાવાળી તો કુદરત છે, મનુષ્ય માત્ર નિમિત્ત જ બને છે!

કુદરત પર આ રીતે શ્રદ્ધા, વિશ્વાસ અને ભરોસો દર્શાવતી બીજી પણ એક ચોવક છેઃ ‘અંધેજી મા જ અલ્લા રખવારો’. ‘અંધેજી’ એટલે આંધળાની, રખવારોનો અર્થ થાય છે, આધાર કે સંભાળ લેનાર. પુત્ર આંધળો હોય બને યા નિરાધાર બની ગઇ હોય તેની સંભાળ ભગવાન રાખે છે, એમ ચોવકને કહેવું છે. બીજો એવો પણ અર્થ થઇ શકે કે, ‘જેનું કોઇ નથી હોતું તેનો ભગવાન છે.’

છટ્ઠીના લેખ! આપણે આસ્થાપૂર્વક માનીએ છીએં કે, આપણા સુખ-દુઃખનો તમામ હિસાબ એ લેખ-લખેલો હોય છે. છટ્ઠીના લેખમાં લખ્યા મુજબની ઘટના જ ક્રમસર માનવ જીવનમાં બનતી રહે છે. પણ દુઃખથી પરેશાન કોઇ પણ વ્યક્તિની વ્યથા અને આક્રોશ આ ચોવક વ્યક્ત કરે છેઃ ‘જ મિલે વિધાતા રોંડે વઢીયાં નક’ જબરદસ્ત આક્રોશ છે. આ ચોવકમાં, અર્થ એવો થાય છે કે, ‘જો મળે વિધાતા તેનું નાક કાપી નાખું’! ‘રોંડે’ શબ્દનો અર્થ છે. સખત પ્રહાર કરીને ! ‘વઢીયાં’ એટલે વાઢી નાખું કે કાપી નાખું અને ‘નક’ એટલે નાક.

તેમ છતાં પણ આપણા જીવનમાં શ્રદ્ધાનું સ્થાન બહુ જ મહત્ત્વનું છે. ઇશ્વર પર અપાર શ્રદ્ધા રાખને કરેલું કાર્ય પાર પડે જ, એટલા શ્રદ્ધાવાન આપણે છીએ. શ્રદ્ધા ખરેખર તો ‘બળ’ આપે છે અને ઇશ્વર ‘કળ’ આપે છે. કચ્છી એટલે જ આ ચોવક છે : ‘જુકો જેડી ધારે માલક તેડો તેં કેડો પારે’ શ્રદ્ધાની પરીસીમાં દર્શાવતી આ ચોવક છે. સીધો અર્થ એવો થાય છે કે , ‘કોઇ જેટલી અને જેવી શ્રદ્ધા ઇશ્વરમાં ધરાવે, તેટલા પ્રમાણમાં જ ઇશ્વર તેની ઇચ્છા પૂરી કરે! ‘જેડી’ એટલે જેવી અને ‘ધારે’ એટલે કે શ્રદ્ધા રાખે. ‘માલક’ એટલે ઇશ્વર. ‘પારે’નો અર્થ છે, પાળે કે ઇચ્છા પૂરી કરે.

વળી પાછું બીજી એક ચોવક એમ પણ કહે છે કે ‘ડેવ તેડા થાર’ જેવા દેવ તેવો થાળ! બહુ અર્થી આયામ ધરાવે છે આ ચોવક. દેવની કક્ષા નક્કી કરનારા આપણે કોણ? તો ભાવાર્થ એવો હોઇ શકે કે, આપણી શક્તિ-ક્ષમતા કે સગવડ મુજબ દેવને થાળ ધરાવાય! આવી પાત્રતા દર્શાવતી બીજી પણ ચોવક કચ્છીમાં વપરાય છે : ‘ડેવ તેડયૂં અઠાઇયું’ અર્થ એ જ થાય કે, જેવા દેવ તે પ્રમાણે તેના પૂજા-પાઠ કે વ્રત જાપ કરવા જોઇએ!

એટલે જ કહેવાય છે કે, ઇશ્વર પર મૂકેલી શ્રદ્ધા કયારેય અફલિત રહેતી નથી. બધાને કહેતા ન ફરાય કે દુઆ કરજો! શ્રદ્ધા સ્થાન એક જ અને બળવત્તર શ્રદ્ધાવાળું હોવું જોઇએ. એ પ્રકારનો નિર્દેશ આપતી ચોવક પણ પ્રચલિત છે : ‘ડેવ ડેવસ્થાન છડે, ને ખેતરપારજી ન થીયે’ મતલબ કે દેવ-દેવસ્થાનાં છોડીને ક્ષેત્રપાળની ભક્તિ ન કરાય. ક્ષેત્રપાળ એ ક્ષેત્ર રક્ષક છે, પણ એ દેવ-દેવી કે દેવસ્થાનાંની ઉપરવટ ન જઇ શકે! ક્ષેત્રપાળ શેષનાગનું સ્વરૂપ છે. આપવા વાળો કે પ્રાર્થનાનું પરિણામ આપનારો ઇશ્વર જ છે અને દરેકને તેની પાત્રતા મુજબ એ આપતો રહે છે. ‘ભગવાન સઉં ત નિત નઉં’ અહીં ‘સઉં’નો અર્થ કૃપા અને ‘નઉં’ એટલે નવું. મતલબ કે હોય જો ઇશની કૃપા તો રોજ નિત નવનીત મળે! ■

મગજ મંથન_
વિઠ્ઠલ વઘાસિયા
feedback@
bombaysamachar.com

# જીવનને અર્થપૂર્ણ બનાવતી ત્રિવેણીઃ કેરિંગ- શેરિંગ ને ડેરિંગ...

વિદ્યાર્થી જીવન આમ તો માનવ જીવનનો એવો સુવર્ણ સમય છે, જ્યાં વ્યક્તિનું વ્યક્તિત્વ ઘડાય છે, મૂલ્યો વિકસે છે અને ભવિષ્યના પાયા રચાય છે. આ ઘડતર માત્ર પુસ્તકીય જ્ઞાનથી પૂરું થતું નથી, પરંતુ જીવન મૂલ્યોના સંસ્કારોથી સમૃદ્ધ બને છે. આવા મૂલ્યોમાં કેરિંગ (સંભાળ અને લાગણી), શેરિંગ (વહેંચણી અને સહભાગિતા) અને ડેરિંગ (સાહસ અને જોખમ લેવાની હિંમત) - આ ત્રણ ગુણ વિદ્યાર્થી જીવનથી લઈને આગળ જતાં પણ માનવીને પૂર્ણતા આપીને એક સફળ વિદ્યાર્થી વત્તા સારો માનવી પણ બનાવે છે.

*** કેરિંગ :**

લાગણીસભર માનવતા તરફનું પગથિયું

કેરિંગ એટલે કાળજી લેવી, સમજવું, સંવેદનશીલ રહેવું અને અન્ય પ્રત્યે સહાનુભૂતિ ધરાવવી. વિદ્યાર્થી જીવનમાં કેરિંગનો અર્થ માત્ર પોતાની ચિંતા કરવી નહીં, પરંતુ મિત્રો, શિક્ષકો, પરિવાર, સમાજ અને પર્યાવરણ પ્રત્યે જવાબદારીનો ભાવ વિકસાવવો એ છે.

વર્ગખંડમાં કોઈ મિત્ર અભ્યાસમાં નબળો હોય, કોઈ આર્થિક રીતે પછાત હોય અથવા માનસિક તણાવમાં હોય, ત્યારે તેને સમજવું અને મદદરૂપ થવું એ સાચું કેરિંગ છે. શિક્ષકો પ્રત્યે આદર, માતા-પિતાની મહેનત પ્રત્યે કૃતજ્ઞતા અને સ્વયંના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ આ બધું કેરિંગનાં સ્વરૂપો છે.

કેરિંગ ધરાવતી વ્યક્તિ સ્વાર્થી નથી રહેતી. તે જાણે છે કે સમાજ સાથે જોડાઈને જ જીવન અર્થપૂર્ણ બને છે. આવી વ્યક્તિમાં વિદ્યાર્થી કાળથી નેતૃત્વ, માનવતા અને ભાવનાત્મક બુદ્ધિમત્તા સ્વાભાવિક રીતે વિકસે છે.

*** શેરિંગ :**

સહકાર અને સહઅસ્તિત્વની કળા

શેરિંગ એટલે માત્ર વસ્તુઓ વહેંચવી નહીં, પરંતુ જ્ઞાન, સમય, લાગણી અને જવાબદારી વહેંચવી. વિદ્યાર્થી જીવનથી લઈને આગળ જતાં શેરિંગનું મહત્ત્વ અત્યંત ઊંડું છે. જે વ્યક્તિ પોતાની વિદ્યાર્થી અવસ્થામાં પોતાની નોંધો મિત્રોને આપે છે, જે ગ્રૂપ અભ્યાસમાં સક્રિય ભાગ લે છે, જે પોતાની સફળતા સાથે નિષ્ફળતાનો અનુભવ પણ અન્ય સાથે વહેંચે છે તે આગળ જતાં સાચો શેરિંગ કરનારી વ્યક્તિ બને છે.


કેરિંગ- શેરિંગ ને ડેરિંગ... સફળતાની ત્રિમૂર્તિ

આજના સ્પર્ધાત્મક યુગમાં ઘણીવાર લોકોમાં સ્વકેન્દ્રિતપણું વધી રહ્યું છે. ‘મને શું મળશે?’ એ પ્રશ્ન આગળ આવે છે. પરંતુ શેરિંગ શીખવે છે કે ‘અમે સાથે મળીને શું મેળવી શકીએ?’ આ ભાવના ટીમવર્ક, સહકાર અને સામૂહિક સફળતાનો માર્ગ ખુલ્લો કરે છે.

શેરિંગ કરતા માણસ ઈર્ષ્યા, અહંકાર અને અલગાવથી દૂર રહે છે. તે જાણે છે કે વહેંચવાથી જ સંબંધો મજબૂત બને છે. સમાજમાં પણ આગળ જઈને એ સારા નાગરિક, સંવેદનશીલ નેતા અને જવાબદાર વ્યાવસાયિક બને છે.

*** ડેરિંગ :**

હિંમત અને આત્મવિશ્વાસ

ડેરિંગ એટલે હિંમત કરવી, જોખમ લેવું અને પડકારોને સ્વીકારવા. જીવનમાં ડેરિંગનો અર્થ માત્ર સાહસિક કાર્યો કરવાં નહીં, પરંતુ પોતાની ક્ષમતામાં વિશ્વાસ રાખવો, નવી વસ્તુઓ અજમાવવી અને નિષ્ફળતાથી ડર્યા વિના આગળ વધવું.

પરીક્ષાનો ભય, મંચ પર બોલવાનો સંકોચ, નવી પ્રવૃત્તિમાં ભાગ લેવાનો સંશય - આ બધું ડેરિંગ દ્વારા જ દૂર થઈ શકે છે. જે પ્રશ્ન પૂછવાની હિંમત કરે છે, નવી વિચારધારા રજૂ કરે છે અને ભૂલ થવા છતાં પ્રયત્ન કરતો રહે છે - તે સાચો ડેરિંગ ધરાવતો માણસ બને છે.

ડેરિંગ કોઈ પણ માણસને સર્જનાત્મક બનાવે છે. તે પરંપરાગત માર્ગોથી આગળ વધીને નવી દિશાઓ શોધે છે. વૈજ્ઞાનિક શોધો, સામાજિક પરિવર્તન અને નેતૃત્વ - બધાના મૂળમાં ડેરિંગ છુપાયેલું છે.

આવા ત્રણેય ગુણનો સમન્વય એટલે સંતુલિત વ્યક્તિત્વની રચના...આમ જોવો તો કેરિંગ, શેરિંગ અને ડેરિંગ - આ ત્રણેય ગુણો અલગ અલગ નથી, પરંતુ એકબીજાના પૂરક છે. કેરિંગ વગરનું ડેરિંગ અહંકાર બની શકે છે, શેરિંગ વગરનું કેરિંગ સીમિત રહી શકે છે અને ડેરિંગ વગરનું કેરિંગ-શેરિંગ અસરકારક બનતું નથી.

આ ત્રણેય ગુણો સાથે વિકસે છે, ત્યારે તેનું વ્યક્તિત્વ સંતુલિત, પરિપક્વ અને પ્રભાવશાળી બને છે.

*** નિષ્કર્ષ**

વિદ્યાર્થી જીવન એ ભવિષ્યનું બીજ છે. આ બીજ જો કેરિંગ, શેરિંગ અને ડેરિંગના પાણીથી સિંચાય, તો તે સફળતા, સુખ અને સંતોષનું વૃક્ષ બને છે. આજનો વિદ્યાર્થી આવતીકાલનો નાગરિક છે. તેથી શિક્ષણ માત્ર ડિગ્રી પૂરતું નહીં, પરંતુ મૂલ્યોના વિકાસનું સાધન બનવું જોઈએ. કેરિંગથી માનવતા, શેરિંગથી સહકાર અને ડેરિંગથી પ્રગતિ - આ ત્રિવેણી જીવનને અર્થપૂર્ણ બનાવે છે, જેના દ્વારા નાગરિકો -સશક્ત સમાજ અને ઉજ્જવળ રાષ્ટ્રનું નિર્માણ કરી શકે છે. ■


સિક્કાની ત્રીજી બાજુ
__જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

# આજે પણ અહીં ગુલામીની પ્રથા છડેચોક ચાલે છે!

આ ૧૨ માર્ચે માનવ અધિકાર કાર્યકર્તા બૌબાકાર ઓઉલ્દ મસૂદના ૮૦ વર્ષની વયે મૃત્યુના સમાચાર આવ્યા. બૌબાકાર ઓઉલ્દ મસૂદ તેમના વતન દેશ મૌરિટેનિયામાં દાસતા એટલે કે ગુલામીની પ્રથા માટે લડતા હતા.

આરબોના આક્રમણ સાથે આવેલી ગુલામીની પ્રથા હજુય આ મૌરિટેનિયામાં ચાલુ છે. આ પ્રથા પેઢીગત ચાલી આવે છે. ઈ. સ. ૧૯૮૧માં મુકાયેલો સરકારનો પ્રતિબંધ માત્ર કાગળ પર જ છે. ગુલામો માને છે કે તેમણે ગુલામી કરવી જોઈએ કારણકે માલિકો તેમના કરતાં ઊંચી જાતિના છે!

જી હા, આ કડવી વાસ્તવિકતા છે કે આજની તારીખે પણ આ દેશમાં દાસ્તવની પ્રથા યથાવત છે. મૌરિટેનિયા એ વાયવ્ય (ઉત્તર-પશ્ચિમ) આફ્રિકામાં આવેલો દેશ છે. તેનું પ્રાચીન નામ 'મઘરેબ' હતું. સાતમી સદીના ઉત્તરાર્ધમાં આ દેશ પર આરબ મુસ્લિમોએ આક્રમણ કરતાં આ દેશ ઇસ્લામિક બની ગયો. ઇસ્લામની સાથે ત્યાં અરેબિક ભાષા અને દાસ પ્રથા જેવી વિકૃતિ પણ આવી. એમ તો ૨૦મી સદીના ઉત્તરાર્ધમાં આ દેશ ફ્રાન્સનો ગુલામ તો બન્યો, પરંતુ એના પર ફ્રાન્સની સંસ્કૃતિનો ખાસ પ્રભાવ તેના પર પડ્યો નહીં. ૧૯૬૦માં સ્વતંત્ર થયા પછી આ દેશ સતત અસ્થિર રહ્યો છે. ત્યાં સેનાના વિદ્રોહ સામાન્ય વાત છે અને સેનાના અધિકારીઓનું રાજ આવતું રહ્યું છે. ત્યાં કુદરતી સંસાધનો વિપુલ છે,



તેમ છતાં આ દેશ ગરીબ છે, કારણ એ જ કટ્ટરતા ને ભયંકર ભ્રષ્ટાચાર. નવાઈ લાગશે પરંતુ મૌરિટેનિયાએ ઈ. સ. ૧૯૮૧માં દાસ પ્રથા પર પ્રતિબંધ મૂક્યો ત્યારે આવું કરનાર તે વિશ્વનો છેલ્લો દેશ હતો. આ પ્રતિબંધ પણ કાગળ પરનો જ હતો, કારણ કે તેના ચુસ્ત પાલન માટે કોઈ અપરાધિક (ક્રિમિનલ) કાયદા તો બનાવ્યા નહોતા.

૨૦૧૮ના ગ્લોબલ સ્લેવરી ઇન્ડેક્સ મુજબ, મૌરિટેનિયામાં ૯૦,૦૦૦ દાસ એટલે કે ગુલામો છે. 'બીબીસી'નો ૨૦૧૭માં દાવો એવો છે કે છ લાખ લોકો હજુ પણ દાસ તરીકે જીવે છે.

મૌરિટેનિયામાં દાસ પ્રથા આવી ઇસ્લામિક આક્રમણ સાથે. ઇસ્લામમાં મુસ્લિમેત્તર લોકોને યુદ્ધમાં પકડ્યા હોય તો તેમને દાસ બનાવી શકાય છે. વળી, મૌરિટેનિયામાં સુન્ની મુસ્લિમોનું આધિપત્ય છે, તેમાંય સુન્નીના માલિકી ફિરકાનું. માલિકી ફિરકાના મુસ્લિમો ગુલામીને ઉચિત ગણાવે છે. એ લોકો માને છે કે હવે દાસ ન રહ્યા હોય તેવા લોકો પણ તેમના જેવા પૂર્ણ અથવા સમાન નાગરિક નથી. તેથી એ ઈમામ બની ન શકે.

આ દેશમાં આક્રમણકારી ગોરા રંગના આરબ (જેને બર્બર જાતિના પણ કહેવાય છે)ને નોકરી અને સરકારમાં ઊંચું સ્થાન મળે છે. જ્યારે અશ્વેત હેરેટિન અને આફ્રો મૌરેટેનિયાઈ (એટલે કે સાચા નિવાસી)ને નોકરી અને સરકારમાં ઓછું સ્થાન મળે છે. સમાજમાં પણ તેમની સાથે ભેદભાવ થાય છે. તેમને શિક્ષણ નથી મળતું અને સારાં કામધંધા કે ખાનગી નોકરી પણ નથી મળતી. આ હેરેટિન એવા છે જેમણે આરબોના આક્રમણ છતાં ઇસ્લામ નથી અપનાવ્યો !

કદાચ એટલે જ તેમની આ સ્થિતિ છે.

આથી આરબો જેને ગંદું અથવા નિમ્ન સ્તરનું કામ માને છે તેવાં કામ હેરેટિનોને કરવાં પડે છે. હેરેટિનો કસાઈ તરીકે અથવા કચરો વીણનારા તરીકે કામ કરે છે. બીજા શબ્દોમાં કાં દાસ તરીકે કામ કરો અથવા આવાં ગંદા અથવા નિમ્ન સ્તરનાં કામો કરો તેવું હેરેટિનોનું દુર્ભાગ્ય છે.

મૌરિટેનિયામાં દાસ-દાસીઓને તેમના સ્વામી (માલિક)ની સંપૂર્ણ સંપત્તિ માનવામાં આવે છે. આથી દાસ-દાસીઓને રીતસર ખરીદ અને વેચવામાં આવે છે. તેના વીડિયો પણ સોશ્યલ મીડિયા પર પ્રાપ્ય છે. એટલું જ નહીં, દાસ-દાસીઓને ભાડે પણ આપી શકાય છે એટલે કે માનો કે રહેમાનને જરૂર હોય તો અબ્દુલ પોતાનો દાસ કે દાસી ભાડું લઈને તેને આપી શકે. આ ઉપરાંત આવા દાસ-દાસીઓને ભેટમાં પણ આપી શકાય છે ! તેમના માટે આ દાસ-દાસી માનવ નથી, પણ એક ચીજ (કોમોડિટી) છે. દાસ-દાસી પ્રથા વંશાનુગત છે અને એક જ પરિવારમાં એ સતત દાસતા કરતા રહે છે. માનો કે કોઈ શૈખ મોહમ્મદના પરિવારમાં એક દાસ કે દાસી હોય તો તેના સંતાનો અને તેના સંતાનો એમ પેઢી પ્રતિ પેઢીએ દાસતા ચાલી આવે છે.

આ દાસ-દાસીઓને સાંકળે બાંધી રાખવામાં નથી આવતા, પરંતુ તેમનામાં માનસિક રીતે ડર ઘૂસી ગયો છે અને દરિદ્રતા પણ હોય, તેથી એ ગુલામી કરે છે. તેમને નાનપણથી જ શીખવવામાં આવે છે કે આવી ગુલામી સામે પ્રશ્ન ઉઠાવવો એ ઇસ્લામ વિરુદ્ધ છે...!

વળી, તેમને કૌશલ્યવાળી નોકરી મળે તે પ્રકારના શિક્ષણથી પણ વંચિત રાખવામા આવે છે. ગુલામડીઓની દશા તો ગુલામો કરતાં વધુ કફોડી હોય છે કારણકે માલિકો તેમનું જાતીય શોષણ કરે તો પણ કંઈ બોલી શકતી નથી.

આ દેશ મૌરિટેનિયામાં દાસ પ્રથા વિરુદ્ધ લડનારાની દશા બહુ જ ખરાબ છે. તેમને યાતના આપવામાં આવે છે, લાંબા ગાળા સુધી જેલવાસ સહન કરવો પડે છે, સરકાર તેમના પર કોઈ ને કોઈ તવાઈ લાવતી રહે છે.

કાશ્મીર માટે એમ કહેવાતું હતું કે પૃથ્વી પર જો ક્યાંય સ્વર્ગ હોય તો તે અહીં જ છે, અહીં જ છે, અહીં જ છે, તેમ મૌરિટેનિયા માટે કહી શકાય કે તે પૃથ્વી પરનું નરક અહીં જ છે... અહીં જ છે !■

और ये मौसम हंसीं...
देवल शास्त्री
feedback@bombaysamachar.com



# કાંસકો: માનવ સંસ્કૃતિના નમણા વાળ-લટ વચ્ચે અટવાયેલો મોહક ઇતિહાસ

**માનવજીવનમાં** કેટલીક વસ્તુ એટલી સામાન્ય હોય છે કે આપણે તેની પાછળ છુપાયેલા ઇતિહાસ વિશે ક્યારેય વિચારતા નથી. દરરોજ સવારે વાળ ઓળવા માટે હાથમાં આવતો કાંસકો પણ એવી જ એક વસ્તુ છે. આપણે તેને એક સામાન્ય સાધન ગણીએ છીએ. માનવ સંસ્કૃતિના ઇતિહાસમાં જો ઊંડે ઊતરીએ તો ખબર પડે છે કે કાંસકો માત્ર વાળ ઓળવા માટે નથી. કાંસકો સૌંદર્ય, સ્વચ્છતા, સામાજિક ઓળખ અને આધ્યાત્મિક માન્યતાઓ સાથે સંકળાયેલો છે. આ નાનકડા સાધનની સફર હજારો વર્ષ જૂની છે. પ્રાગૈતિહાસિક માનવથી લઈને આધુનિક હેરસ્ટાઇલિંગ સલૂન સુધી કાંસકાએ અનેક રૂપ લીધા છે.

ભારતમાં પણ કાંસકો ખૂબ પ્રાચીન છે. ઈન્ડ્સ વેલીના ખોદકામોમાંથી હાડકાં અને દાંતના કાંસકા મળ્યા છે. એનો અર્થ એ થાય કે લગભગ ચારથી પાંચ હજાર વર્ષ પહેલાં ભારતીય લોકો વાળની સંભાળ માટે ખાસ સાધનો બનાવતા હતા. પુરાતત્ત્વવિદોએ યુરોપ અને એશિયાનાં અનેક ખોદકામોમાં હજારો વર્ષ જૂના કાંસકા શોધ્યા છે. આ કાંસકા મોટાભાગે હાડકા કે શિંગડામાંથી બનાવેલા હતા. ખાસ કરીને ઉત્તર યુરોપના પ્રદેશોમાં મળેલા કાંસકા દર્શાવે છે કે માણસે લગભગ ૫૦૦૦ વર્ષ પહેલાં પણ વાળ ગોઠવવાની સુવિધા બનાવી લીધી હતી. જો કે એ કાંસકો આજના કાંસકાની જેમ સ્ટાઈલિશ નહોતો, પરંતુ તેમાં દાંત જેવા ટુકડાઓ હતા. આશ્ચર્યની વાત એ છે કે કેટલાક કાંસકાઓમાં સુંદર કોતરણી પણ જોવા મળે છે. માણસે શરૂઆતથી જ સૌંદર્ય માટે ઉપયોગી વસ્તુને સુંદર બનાવવાનો પ્રયાસ કર્યો હતો.

સમય જતા કાંસકાની ગુણવતા સુધરવા લાગી અને આધુનિક કાંસકા આવ્યા. અહીં એક નવી સમસ્યા આવી, માણસને પોતાનો જ કાંસકો જોઈએ એવો લગાવ થવા લાગ્યો. કેટલાક તો મનમાં એવી ગ્રંથિ રાખતા હોય છે કે હું મારા જ કાંસકાથી માથું ઓળું તો જ દેખાવ સારો લાગશે અથવા તેને લકી માનવાવાળો પણ એક વર્ગ છે.

ઘણા લોકો માટે વર્ષોથી વાપરેલો પોતાનો એક ખાસ કાંસકો હોય છે, અને જો તે ન મળે તો જાણે કંઈક અધૂરું લાગે. ઘરમાં બીજા કાંસકા હોય છતાં મન એ જ કાંસકો શોધે છે.

આ માત્ર ટેવ નથી; તેના પાછળ માનવ મનની એક રસપ્રદ પ્રક્રિયા કામ કરતી હોય છે. માણસ જે વસ્તુઓને વારંવાર વાપરે છે તે સાથે અજાણતાં જ એક નાનો લાગણીસભર સંબંધ બાંધી લે છે. મનોવિજ્ઞાન મુજબ જે વસ્તુ સાથે આપણે વારંવાર સંપર્કમાં આવીએ તે આપણને પોતીકી લાગે છે. એક જ કાંસકો વર્ષો સુધી વાપરતા હાથ તેની આકાર, દાંતની પહોળાઈ અને વજન સાથે પરિચિત થઈ જાય છે. વાળ ગોઠવવાની એક ચોક્કસ લય બની જાય છે, જાણે હાથ અને કાંસકો વચ્ચે કોઈ નિ:શબ્દ સમજણ થઈ ગઈ જાય છે.

મનોવિજ્ઞાન મુજબ કોઈ વસ્તુ એકવાર 'મારી' બની જાય પછી તે વધુ કિંમતી લાગે છે. તેથી જ વર્ષો જૂનો કાંસકો છોડવો મુશ્કેલ લાગે છે.

લગ્ન વખતે વરરાજા અથવા નવવધૂને શણગાર માટે ખાસ કાંસકો આપવાની પરંપરા ઘણા સમાજોમાં જોવા મળે છે. આ પરંપરાઓમાં કાંસકો માત્ર સાધન નહીં, પરંતુ સંબંધ, સ્નેહ અને સૌંદર્યનું પ્રતીક કહી શકાય.

ભારતીય મંદિરના શિલ્પોમાં વાળની રચનાને અત્યંત મહત્ત્વ આપવામાં આવ્યું છે. ખજૂરાહો હોય કે અજન્ટાનાં ગુફાચિત્રોમાં



અપ્સરાઓ અને નાયિકાઓ વિવિધ પ્રકારની હેર સ્ટાઇલ સાથે દેખાય છે. કેટલીક શિલ્પમૂર્તિઓમાં નાયિકા અરીસા સામે ઊભી રહીને વાળ ઓળતી હોય તેવું કલાત્મક દ્રશ્ય જોવા મળે છે. અહીં કાંસકો સીધો દેખાતો ન હોય તો પણ તેની હાજરીનો અણસાર સ્પષ્ટ મળે છે. ભારતીય મંદિરશિલ્પોમાં દેખાતી સુંદર હેરસ્ટાઇલ એક પ્રકારની સાબિતી છે કે પ્રાચીન સમાજમાં કાંસકો અને વાળ ઓળવાની કળા તમે ધારો છો એના કરતાં વધુ વિકાસ પામી હતી.

સજના હે મુજે સજના કે લિયે ગીતમાં આખી વાત શણગારની છે. ગીતના અંતે કાંસકો મનમાં ઉઠતા તરંગોનું પ્રતીક બને છે. પ્રેમમાં માણસ માત્ર દિલથી જ નહીં પણ નાની તૈયારીઓ સાથે પ્રિયજનને મળવા તૈયાર થાય છે. કદાચ એટલા માટે જ અરીસા સામે વાળમાં ફરતો કાંસકો પ્રેમની આ મીઠી રાહને રોમેન્ટિક બનાવે છે. નાયિકા વાળમાં કાંસકો ફેરવે છે ત્યારે તે માત્ર વાળ ઓળતી નથી પણ પોતાની લાગણીઓને ગોઠવી રહી છે. કદાચ આવા જ કોઈ કારણોસર પૂર્વ એશિયાના કેટલાક પ્રદેશોમાં યુવક ચાહતો હોય એવી યુવતી સમક્ષ પોતાની લાગણી વ્યક્ત કરવા કાંસકો આપતો.

કાંસકાને લગતી કેટલીક અંધશ્રદ્ધાઓ સાંભળવા મળે છે. ભારતના કેટલાક પ્રદેશોમાં એવી માન્યતા છે કે રાત્રે વાળ ઓળવા જોઈએ નહીં, રાત્રે કાંસકો વાપરવાથી અશુભ શક્તિઓ આકર્ષાય છે.

આ બધા વચ્ચે, કાંસકાને એક પાત્ર બનાવીને દેશ અને દુનિયામાં અનેક કથાઓ લખવામાં આવી છે. કેટલીક યુરોપિયન પરીકથાઓમાં જાદુઈ કાંસકાનો ઉલ્લેખ થાય છે. ક્યારેક નાયિકા પીછો કરતા રાક્ષસથી બચવા માટે કાંસકો ફેંકે છે અને તે જંગલમાં પોતાનું સ્વરૂપ બદલીને સહેલાઈથી બચી જાય છે. કેટલીક વાર્તાઓમાં કાંસકો જાદુઈ વસ્તુ બની જાય છે જે નાયકને બચાવે છે. કદાચ આ કથાઓ પરથી યુરોપમાં કાસકાની બનાવટમાં થોડો ફેરફાર કરીને નાનકડું હથિયાર પણ બનાવ્યું હોવાના પુરાવા મળ્યા છે.

જોકે ફિલોસોફીની દૃષ્ટિએ તો કાંસકો ઘણું શીખવે છે. વાળ ગૂંચવાય ત્યારે આપણે કાંસકો લઈ તેને ઓળીએ છીએ. જીવનમાં પણ વિચારો, લાગણીઓ અને ઘટનાઓમાં ગૂંચવાડો થાય ત્યારે માણસને પોતાના મનમાં એક અદૃશ્ય કાંસકો ફેરવવાની જરૂર પડે છે જે વિચારોને ગોઠવે અને જીવનને થોડું વ્યવસ્થિત કરી આપે.

કાંસકો આપણને એક મહત્ત્વનું લેસન શીખવે છે, ગોઠવણી અને કાળજી કેવી રીતે રાખી શકાય. વાળની સંભાળ રાખીએ તો તે સુંદર દેખાય છે, પરંતુ અવગણીએ તો ગૂંચવાઈ જાય છે. જીવનના સંબંધો પણ એવા જ છે. મિત્રતા, પ્રેમ, પરિવાર માટે કાળજી અને ધ્યાન રાખવું જોઈએ. આપણે સમયાંતરે કાંસકો ન ફેરવીએ એટલે કે વાતચીત, સમજણ અને લાગણીનો સ્પર્શ ન રાખીએ તો સંબંધોમાં પણ ગૂંચવણ ઊભી થઈ શકે કુછ સમજે? ■

**ધ એન્ડ:**

*માણવું એ સૌથી દુર્લભ ઘટના છે, મહદઅંશે લોકો ધરતી પર પોતાનું અસ્તિત્વ ટકાવીને ખુશ થતા હોય છે. (ઓસ્કાર વાઈલ્ડ)*

શરદ જોશી સ્પીકિંગ ___સંજય છેલ
feedback@bombaysamachar.com

# 'ભ્રષ્ટાચાર પ્રધાન' દેશ હમારા...



**ભ્રષ્ટાચાર** સાથે આમ તો આપણો પરિચય બાળપણથી જ થઈ જાય છે. જન્મ લેતા વેંત જ બાળકને ખબર પડી જાય છે કે નર્સ કે ડોક્ટરની સાથે કાંઈ લીધા-દીધા વિના એની સુવાવડ ના થઈ શકે. બાળકનો બાપ પણ જાણે જ છે કે છેલ્લી ઘડીએ હોસ્પિટલમાં બેડ મેળવવા એણે શું શું કરવું પડેલું. પણ બાળક ખુશ છે કે ચલો, જે કોઈ રીતે ને જે કાંઈ થયું પણ છેવટે મારો જન્મ તો થઈ ગયો ને! શું છે કે કામ ચાલતું રહેવું જોઈએ. પૈસાની સામું જોશો તો આગળ કેમ ચાલશે? આજે ખર્ચો કરીએ છીએ તો કાલે કમાઈ પણ લેશું! શું કહો છો?

બાળકને ઘરે લઈ ગયા બાદ પણ બધી સરસ વ્યવસ્થા જોઈએ. અરે, કેટલી જાતના સામાન મળે છે બજારમાં. બાળક જાહેરાતો જુએ છે અને એને ખબર છે કે 'ઉસ કો ક્યા ક્યા માંગતા!' આ એના જીવનો સવાલ છે. છેવટે એક જ જીવન જીવવા મળ્યું છે એને. પ્રોટીન ને વિટામિન મોંઘા હોય તો ભલે હોય. એને એ જોઈએ એટલે જોઇએ જ! એ તો ઊંચામાંના રમકડાથી રમવા માગે છે. એ ઇચ્છે છે કે એનોયે વિકાસ અમેરિકા-જાપાનના બાળક જેવો જ થાય! એ મા પર દબાણ લાવે છે કે એની પોતાની ખુશી માટે બાપ પર ભ્રષ્ટ થવાનો આગ્રહ કરે! મા બાળકની ખુશીમાં પોતાની ખુશી જુએ છે. વળી બાપ પત્નીની ખુશીમાં જીવનની સફળતા માને છે. એ બાળક માટે મોંઘા રમકડાં, મોંઘી સ્કૂલ, મોંઘી આયા, મોંઘા ટીચર અને બાળકની ઓકાતથી મોંઘા એવા દોસ્તોની દોસ્તીનો પ્રબંધ કરી આપે છે. આ બધા માટે એ જરૂરી ભ્રષ્ટાચાર કરીને પૈસા કમાઈ લે છે અને એ પૈસાથી પોતાના બાળકને દેશ માટે એક શ્રેષ્ઠ, ઉપયોગી ને કમાઉ નાગરિકના રૂપમાં વિકસીત કરવા માટે એક સરસ ઘર બનાવે છે. કારણ કે આ નિર્મોહી દુનિયા તો ગમે ત્યારે તમને ફૂટપાથ પર લાવવા તૈયાર જ છે. એવામાં એ બાળકને સારું ઘર આપી શકે અને પોતે પણ બૂઢાપામાં ત્યાં જીવી શકે. જમીનથી લઈને ટાઈલ્સ, ચૂના કે રંગરોગાન સુધી બધું મોંઘું છે. એટલે એણે હવે વધારે ભ્રષ્ટાચાર કરવો પડે છે ને પછી ઘર બની જાય છે.

હવે ભ્રષ્ટાચારમાં ઉછરેલ બાળક મોટું થઈ ગયું છે. એ હવે પોતાના વિકાસ અને ઘરની સુખ-સમૃદ્ધિનું રહસ્ય બરોબર સમજી ચૂક્યો છે. હવે એણે માત્ર બાપના કામમાં એને સાથ જ નથી દેવાનો પણ બાપે ઘરમાં જે સુખ-સમૃદ્ધિ આપી છે એને આગળ પણ વધારવાની છે અર્થાત્,વધુ એક ભ્રષ્ટ નાગરિક તૈયાર છે દેશની સેવામાં!

વિતેલા થોડાં વરસોમાં સિસ્ટમે માણસના જીવનની બધી સુરક્ષા ને સલામતીઓને ઓછી કરીને, એને છીનવી લેનારી બજારુ આઈટેમોથી દાટી દીધી છે.

રિટાયર્ડ ઓફિસર પણ હવે આરામથી બેસતો નથી. હવે એ પ્રાઈવેટ પાર્ટીઓને સરકારી રહસ્યો વેંચે છે, પોતાની જૂની લાગવગ વાપરીને ટેંડરો પાસ કરાવતો ફરે છે. પ્રાઈવેટમાં નોકરીઓ શોધે રાખે છે જેથી કરીને જીવનની સલામતી બની રહે અને જીવન જીવવા માટે વધુ એશો આરામની સામગ્રી ખરીદે છે. ધારો કે ભ્રષ્ટ ઓફિસર કમાણી કરીને જાતે રિટાયર થઈ જાય કે પછી નોકરીમાંથી એને તગેડી મૂકવામાં આવે પણ સવાલ એ છે કે નવા ઉત્સાહી ઓફિસરોને ભ્રષ્ટ બનતા તમે કઈ રીતે રોકી શકશો? જે પૂરી નોકરી દરમ્યાન ઈમાનદાર રહે ને સરકારને ફાયદો કરાવતો રહે એને તમે શું ઈનામ આપશો? જેનો સર્વિસનો રેકોર્ડ સારો છે એનું પેંશન આપોઆપ વધી તો નથી જતું ને?

એટલે ટૂંકમાં, ભ્રષ્ટાચાર એ ખોટા આર્થિક અને સામાજિક રચનાની દેણગી છે.

દસેક ભ્રષ્ટ લોકોને નોકરીમાંથી તગેડી મૂકવાથી એ રાતોરાત ખતમ નહીં થાય. હા, મનમાં થોડો ડર જરૂર પેદા થશે પણ એની જરૂરિયાતો, ભ્રષ્ટાચાર કરવા માટે વધારે નાજુક, બારીક અને નવનવા આઈડિયાઓ પેદા કરશે.

એનાથી બચવાનો કોઈ ઉપાય છે ખરો? ■

તસવીરની આરપાર
___ભાટી એન.
feedback@bombaysamachar.com


# ઘઉં: અગત્યનો ધાન્ય વર્ગનો પાક

ઘઉં એટલે બે રંગ ધારણ કરે. પ્રથમ લીલા છમ તેના પર્ણ પણ સમયાંતરે તેમાં ડુંડી ઉપર આવે તે પણ લીલી હોય ત્યારે વસંત તેમાં લાગે નિરખવા લાગે, પણ જેમ જેમ ઘઉં પાકતા જાય તેમ તેમ કલર બદલે અને જાણે પાનખર આવી હોય તેમ ખાખી બની જાય! અને કઠણ બની પાકી ગયેલ ઘઉંને પહેલા લણતા. હવે તો આધુનિક મશીન આવતા ફટાફટ ઊભા પાક પર આ મશીન ચાલે અને ઘઉં જુદા અને ડાળખા જુદા થઈ જાય છે. ઘઉં વિશ્વ અને ભારતનું અગ્રણી ધાન્ય પાક છે, જે દૈનિક આહારમાં પ્રોટીન (આશરે ૧૨-૧૩%), કાર્બોહાઇડ્રેટ્સ અને ફાઇબરનો મુખ્ય સ્રોત છે. રવી સીઝનમાં વવાતા આ પાક માટે ૧૫ નવેમ્બરથી ૨૫ નવેમ્બરનો સમય વાવેતર માટે શ્રેષ્ઠ છે.

ઘઉં એ ગુજરાતનો મુખ્ય શિયાળુ પાક છે, જે માટે મધ્યમ કાળી કે ગોરાડુ જમીન અને ૧૫ નવેમ્બર થી ૨૫ નવેમ્બર (મહત્તમ ૧૦ ડિસેમ્બર સુધી) નો સમય વાવણી માટે શ્રેષ્ઠ ગણાય છે.

ઘઉંનું મુખ્ય વૈજ્ઞાનિક નામ ટ્રિટિકમ એસ્ટિવમ (Triticum aestivum) છે, જેને સામાન્ય રીતે બ્રેડ વ્હીટ તરીકે ઓળખવામાં આવે છે.





ઘઉંનો ઉપયોગ: રોટલી, બ્રેડ, સોજી (સુજી), સેંવૈયા વગેરે બનાવવા માટે થાય છે, તે સમગ્ર વિશ્વમાં અને ભારતમાં સૌથી વધુ લેવાતા પાકોમાંનું એક છે, જેનો મુખ્ય ઉપયોગ લોટ બનાવવા માટે થાય છે.

ઘઉં (Triticum spp.) એ વિશ્વભરમાં વાવવામાં આવતો ઘાસ પ્રકારનો પાક છે. ઘઉંએ માનવજાતના ખોરાક તરીકે વપરાશમાં આવતો ખૂબ જ અગત્યનો ધાન્ય વર્ગનો પાક છે. ભારતમાં ઘઉંની ત્રણ પ્રજાતિ ટ્રીટીકમ એસ્ટીવમ (પિયત), ટ્રીટીકમ ડયુરમ (બિનપિયત) ગુજરાતમાં ઘઉંનું ઉત્પાદન ઘણા જિલ્લામાં પુષ્કળ પ્રમાણમાં થાય છે. ઘઉં એક એવું ઘાસ છે જે સામાન્ય રીતે તેના બીજ માટે વાવવામાં આવે છે અને લણવામાં આવે છે, જે એક અનાજ છે. તે બ્રેડ, પાસ્તા, પેનકેક, બિયર અને અન્ય દારૂ, પશુધનના ચારા અને બીજી ઘણી વસ્તુઓમાં મુખ્ય ઘટક છે.

ઘઉં અન્ય કોઈ પણ ખાદ્ય પાક (૨૨૦.૭ મિલિયન હેક્ટર અથવા ૨૦૨૧માં ૫૪૫ મિલિયન એકર) કરતાં વધુ જમીન પર ઉગાડવામાં આવે છે. ઘઉંનો વિશ્વ વેપાર અન્ય તમામ પાકોના સંયુક્ત પાક કરતાં વધારે છે. ગુજરાતમાં મુખ્યત્વે ભાલીયા (દાઉદખાની), લોકવન, ટુકડા (બંસી) અને શરબતી ઘઉં લોકપ્રિય છે, જે રોટલી, બ્રેડ અને પાસ્તા માટે શ્રેષ્ઠ ગણાય છે. આ જાતોમાં પ્રોટીન, ગ્લુટેન અને સ્વાદના આધારે ભિન્નતા જોવા મળે છે, જેમાં ભાલ વિસ્તારના ભાલીયા ઘઉં તેમના વિશિષ્ટ સ્વાદ અને સુગંધ માટે જાણીતા છે.■



### કુલદીપના રિસેપ્શનમાં યોગી તેમ જ ક્રિકેટરો સહિત દિગ્ગજોની હાજરી :

ચાઈનામૅન સ્પિનર તરીકે જાણીતા કુલદીપ યાદવ અને વંશિકા ચઢ્ઢાના ગયા અઠવાડિયે મસૂરીમાં ધામધૂમથી લગ્ન થયા ત્યાર બાદ લખનઊની હૉટેલ ધ સેન્ટ્રમમાં મંગળવારે આયોજિત રિસેપ્શનમાં મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ તેમ જ ક્રિકેટ તથા રાજકીય ક્ષેત્રની અનેક મોટી હસ્તીઓએ હાજરી આપી. કુલ મળીને લગભગ ૯૦૦ મહેમાનોને આ રિસેપ્શનમાં આવવાનું આમંત્રણ અપાયું હતું અને કેટલાક ખાસ મહેમાનો માટે ચાર ચાર્ટર પ્લેનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# ટ્રમ્પ અને ટોચના અધિકારીઓને અમેરિકામાં મોટી સ્પોર્ટ્સ ઈવેન્ટમાં નો-એન્ટ્રી?

ન્યૂ યૉર્કઃ અમેરિકામાં ખેલકૂદની મોટી ટૂર્નામેન્ટ કે ચૅમ્પિયનશિપ યોજાય અને એમાં પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ તેમ જ અમેરિકાના ટોચના અધિકારીઓને આવવાની મનાઈ કરવામાં આવે એ સંભવ છે ખરું? આ સાંભળીને ખૂબ વિચિત્ર જરૂર લાગે છે, પરંતુ એક મોટી સંસ્થા એવો કાયદો બનાવવા વિચારે છે જેમાં આ અશક્યતાને કદાચ શક્યતામાં ફેરવી શકાશે.

ઇરાને છેલ્લાં થોડાં વર્ષો દરમ્યાન ઇઝરાયલની વિરુદ્ધમાં મધ્ય પૂર્વમાં ઘણા આતંકવાદી સંગઠનો ઊભાં કર્યાં તેમ જ અણુશસ્ત્રો એકઠાં કર્યાં એવા દાવા સાથે અમેરિકા અને ઇઝરાયલ સાથે મળીને બે અઠવાડિયાથી ઇરાન સામે યુદ્ધે ચડ્યા છે. આ મહાયુદ્ધ અખાતના દેશોમાં ફેલાઈ ગયું હોવાથી તેમ જ દુનિયાભરમાં ક્રૂડ તેલ તથા રાંધણ ગૅસની કટોકટી સર્જાઈ હોવા બદલ ઘણા દેશો ટ્રમ્પને અને અમેરિકાને જવાબદાર ગણાવી રહ્યા છે.

ઍથ્લીટો અને ખેલાડીઓને નશીલા પદાર્થોથી દૂર રાખવા વર્લ્ડ ઍન્ટિ-ડોપિંગ એજન્સી (ડબ્લ્યૂએડીએ-વાડા) નામની જે સંસ્થા સ્થપાઈ છે એના મોવડીઓ એક એવો કાયદો વિચારી રહ્યા છે જે લાગુ થતાં પ્રેસિડન્ટ ટ્રમ્પ તેમ જ અમેરિકાના ટોચના અધિકારીઓને ખેલકૂદની મોટી ઇવેન્ટમાં (ભલે એ ઇવેન્ટ અમેરિકાની ધરતી પર યોજાઈ હોય તો પણ) કદાચ હાજરી નહીં આપી શકે.



ડિસેમ્બરમાં ફિફા-પ્રમુખ ઇન્ફૅન્ટિનોએ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને ફિફા પીસ પ્રાઇઝથી સન્માનિત કર્યા હતા. (એપી)

અમેરિકામાં આ ત્રણ મોટી સ્પોર્ટ્સ ઇવેન્ટ આવી રહી છેઃ આ વર્ષે ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપ, ૨૦૨૮માં લૉસ ઍન્જલસ ઑલિમ્પિક્સ અને ૨૦૩૪માં વિન્ટર ગેમ્સ.

વાડાની કારોબારી સમિતિની બેઠકમાં આ મુદ્દે ચર્ચા થશે એવી સંભાવના વચ્ચે એવી ચર્ચા છે કે અમેરિકા વાડાને બાકીની ૭.૩ મિલિયન ડૉલર (અંદાજે ૬૮ કરોડ રૂપિયા)ની તોતિંગ રકમ નથી ચૂકવી એને પગલે આ નવા કાયદાની વિચારણા થઈ રહી છે. વાડાએ સંખ્યાબંધ કિસ્સામાં ડોપિંગને લગતી પ્રક્રિયાને સરખી રીતે પાર નથી પાડી એવી અમેરિકાની દલીલ છે. તાજેતરના જ એક કિસ્સામાં ચીનના કેટલાક સ્વિમરે પ્રતિબંધિત ડ્રગ્સનું સેવન કર્યું હોવાનો પૉઝિટિવ રિપોર્ટ આવ્યો હોવા છતાં તેમને એક સ્પર્ધામાં ભાગ લેવાની છૂટ અપાઈ હતી. ■

# ત્રણ ફૂટબૉલ ટીમ ત્રણ ગોલના તફાવત સાથે જીતી, ક્વૉર્ટરની તલાશમાં

વૉશિંગ્ટનઃ ફૂટબૉલની ચૅમ્પિયન્સ લીગની બે મોટી ટીમ તેમ જ એક ઓછી જાણીતી ટીમે પોતપોતાની છેલ્લી મૅચ ત્રણ ગોલની સરસાઈ સાથે જીતી લીધા બાદ હવે ક્વૉર્ટર ફાઇનલમાં સ્થાન પાક્કું કરવાની દિશામાં આગળ વધી રહી છે. રિયલ મૅડ્રિડ અને પૅરિસ સેન્ટ-જર્મેઇન (પીએસજી)ની ટીમ ક્વૉર્ટરમાં સ્થાન નક્કી કરવાના મક્કમ નિર્ધાર સાથે મંગળવારે ઇંગ્લૅન્ડમાં આવી હતી, જ્યારે બૉડો/ગ્લિમ્ટ નામની ટીમ પોર્ટુગલમાં મૅચ રમવાની તૈયારીમાં વ્યસ્ત હતી.

રિયલ મૅડ્રિડે ૧૨મી માર્ચે મૅન્ચેસ્ટર સિટીને ૩-૦થી પરાજિત કરી હતી. પીએસજીનો ચેલ્સી સામે ૫-૨થી વિજય થયો હતો. બૉડો/ગ્લિમ્ટે સ્પોર્ટિંગ લિસ્બન ક્લબની ટીમ સામે ૩-૦થી જીત મેળવી હતી. બૉડો/ગ્લિમ્ટ ક્લબની ટીમની ચૅમ્પિયન્સ લીગમાં આ પહેલી જ સીઝન છે. આ ટીમ નૉર્વેની છે. અગાઉ આ ટીમે ગયા વર્ષની રનર-અપ ઇન્ટર મિલાનને પરાજિત કરી હતી અને ટૂર્નામેન્ટની બહાર કરી દીધી હતી. પ્રથમ તબક્કામાં આ જ ટીમે મૅન્ચેસ્ટર સિટી તથા ઍટ્લેટિકો મૅડ્રિડને પણ આંચકો આપ્યો હતો. ■

# પાકિસ્તાનની વિદેશીઓને લૂલી ખાતરી, ‘અમારે ત્યાં જોખમ નથી, રમવા આવો’

લાહોરઃ પાકિસ્તાનનું અફઘાનિસ્તાન સાથે ભીષણ યુદ્ધ ચાલે છે અને વિમાન પ્રવાસની બાબતમાં મધ્ય પૂર્વમાં કોઈની સલામતી પણ નથી એમ છતાં પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) તરફથી વિદેશી ક્રિકેટરોને (ખાસ કરીને ઑસ્ટ્રેલિયાના ખેલાડીઓને) ખાતરી આપી છે કે ‘આગામી ૨૬મી માર્ચે અમારે ત્યાં શરૂ થનારી પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ)માં રમવા અચૂક આવજો. અમારે ત્યાં સલામતીની બાબતમાં કોઈ જ ચિંતા નહીં કરતા.’

પીએસએલની શરૂઆત આઇપીએલના બે દિવસ પહેલાં થવાની છે. ઑસ્ટ્રેલિયાના જે ખેલાડીઓએ પીએસએલમાં રમવા ફ્રૅન્ચાઇઝીઓ સાથે કરાર કર્યા છે એમાં સ્ટીવ સ્મિથ, ઍડમ ઝૅમ્પા, ડેવિડ વૉર્નર, પીટર સીડલ, માર્નસ લાબુશેન, ઍશ્ટન ટર્નર, જેક ફ્રેઝર મૅકગર્ક, રાઇલી રોસોઉ, આરૉન હાર્ડી, બેન મૅક્ડરમૉટ વગેરેનો સમાવેશ છે.

કેટલાક મીડિયા અહેવાલમાં જણાવાયું છે કે ઑસ્ટ્રેલિયાના ખેલાડીઓ પાકિસ્તાનમાં પીએસએલ રમવાનું માંડી વાળવા વિચારે છે. ઑસ્ટ્રેલિયાની સરકારે પોતાના ખેલાડીઓને ખાસ કરીને પેશાવરમાં રમવા ન જવાની સલાહ આપી છે, કારણકે એ શહેર અફઘાનિસ્તાનની નજીકમાં છે.

પીસીબીએ તમામ વિદેશી ખેલાડીઓની સલામતી અને પ્રવાસ સંબંધમાં પોતે ચિંતિત છે એવા અહેવાલને પણ નકારી કાઢ્યો છે. ■

# ધોનીભાઈ પાસેથી ઘણું નવું શીખીશઃ સૅમસન

નવી દિલ્હીઃ ટી-૨૦ વર્લ્ડ કપનો સુપરસ્ટાર સંજુ સૅમસન ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માં ૨૦૧૩ની સાલમાં ડેબ્યૂ કર્યા પછી બે ટીમ દિલ્હી ડેરડેવિલ્સ (ડીડી) અને રાજસ્થાન રૉયલ્સ (આરઆર)ની જર્સીમાં જોવા મળ્યો છે, પણ ૨૦૨૬ની આઇપીએલની સીઝનથી તે ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ના યેલો ડ્રેસમાં જોવા મળશે અને આ સીઝન ૨૮મી માર્ચે શરૂ થાય એ પહેલાંની પીટીઆઇ સાથેની મુલાકાતમાં સૅમસને રાજસ્થાનની ટીમ છોડવા વિશે ખુલાસા તરીકે કારણ આપ્યું છે. તેણે મહેન્દ્રસિંહ ધોની પાસેથી ઘણું શીખવા મળશે એની વાત પણ ઇન્ટરવ્યૂમાં કરી છે.



વિકેટકીપર-બૅટ્સમૅન સૅમસન ચેન્નઈ વતી રમવા માટે ખૂબ ઉત્સાહિત છે અને તે ગુલાબીને બદલે પીળી જર્સીમાં જોવા મળશે. સૅમસન વર્ષોથી રાજસ્થાનની ટીમમાં હતો અને હવે તે એ જ ટીમની વિરુદ્ધમાં રમશે. તેણે કહ્યું છે કે તે મેદાન પર ભાવનાઓને પોતાના પર હાવિ નહીં થવા દે. નવાઈની વાત એ છે કે આ વખતની આઇપીએલમાં ચેન્નઈની પ્રથમ મૅચ ૩૦મી માર્ચે રાજસ્થાન સામે જ રમાવાની છે. એ દિવસે મુકાબલો ગુવાહાટીમાં સાંજે ૭.૩૦ વાગ્યે શરૂ થશે. સૅમસને રાજસ્થાન રૉયલ્સની ટીમ એ માટે છોડી, કારણકે તેને લાગ્યું કે એ ટીમમાં તેનો સમય હવે પૂરો થઈ ગયો છે. તેણે પીટીઆઇને કહ્યું, ‘હું હવે રાજસ્થાનની વિરુદ્ધમાં રમીશ, પણ એમાં હું મારું સર્વશ્રેષ્ઠ પર્ફોર્મ કરીશ.’ ■

### કાબુલ પરના હુમલાને અફઘાનિસ્તાનના ક્રિકેટરોએ વખોડ્યો

# ‘ઇઝરાયલ-પાકિસ્તાન વચ્ચે કોઈ ફરક નથી’

કાબુલઃ પાકિસ્તાને અફઘાનિસ્તાનના પાટનગર કાબુલની હૉસ્પિટલ પર સોમવારે રાત્રે કરેલા ઘાતક હુમલાને અફઘાનિસ્તાનના જાણીતા ક્રિકેટરો રાશિદ ખાન અને રહમનુલ્લા ગુરબાઝ સહિત કેટલાક ખેલાડીઓએ આકરા શબ્દોમાં વખોડી કાઢ્યો છે તેમ જ પાકિસ્તાનને ઇઝરાયલ સાથે સરખાવ્યું છે.

પાકિસ્તાનના સૈનિકોએ કરેલા હુમલામાં ૪૦૦ જેટલા લોકોનાં મૃત્યુ નીપજ્યાં હતાં અને લગભગ ૨૫૦ લોકોને ઈજા થઈ હતી. યુદ્ધમાં સામેલ દરેક દેશ એકબીજાનાં લશ્કરી મથકો પર કે હવાઈ તથા નૌકા ક્ષેત્રનાં સ્થાનોને લક્ષ્યાંક બનાવતા હોય છે અને સામાન્ય નાગરિકોનાં રહેઠાણો તેમ જ હૉસ્પિટલ તથા સ્કૂલ જેવાં સ્થળો પર હુમલો ન થાય એની તકેદારી રાખે છે. જોકે ક્યારેક જાણતાં-અજાણતાં આવાં સ્થાનો પર હુમલો થઈ જતો હોય છે.

રમઝાનના મહિના દરમ્યાન કાબુલની હૉસ્પિટલ પરના હુમલાને પગલે સમગ્ર અફઘાનિસ્તાનમાં જ નહીં, વિશ્વભરના અનેક દેશોના લોકોને આઘાત લાગ્યો છે. અફઘાનિસ્તાનની ટી-૨૦ ટીમના કૅપ્ટન અને આઇપીએલમાં ગુજરાત ટાઇટન્સ (જી. ટી.) વતી રમતા જાણીતા સ્પિનર રાશીદ ખાને સોશ્યલ મીડિયામાં લખ્યું છે, ‘પાકિસ્તાની સૈનિકોના આ માનવ સંહારથી મને ખૂબ આઘાત લાગ્યો છે. હું સંયુક્ત રાષ્ટ્રોને આ દમનની ઘટના વિશે તપાસ કરવાની અપીલ કરું છું અને માગણી કરું છું કે ગુનેગારો સામે કડક પગલાં ભરો.’



અફઘાનિસ્તાનના ક્રિકેટર રહમનુલ્લા ગુરબાઝે અગાઉ પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ)માં રમવા માટે કૉન્ટ્રૅક્ટ કર્યો હતો, પરંતુ પછીથી એ ટૂર્નામેન્ટમાંથી તે નીકળી ગયો હતો. તેણે ‘એક્સ’ પર લખ્યું છે, ‘પાકિસ્તાને રમઝાન મહિનામાં હૉસ્પિટલ પર બૉમ્બમારો કરીને નિર્દોષ લોકોના જાન લીધા. હવે આંતરરાષ્ટ્રીય કાયદો ક્યાં ગયો? ક્યાં ગઈ માનવતા? દુનિયા જાગશે ત્યાં સુધીમાં કોણ જાણે કેટલા લોકોના જીવ લેવાશે.’

અફઘાનિસ્તાનના ફાસ્ટ બોલર નવીન-ઉલ-હકે ફેસબુક પરની પોસ્ટમાં જણાવ્યું હતું કે ‘આવી ઘટના બની એટલે હવે મને પાકિસ્તાન અને ઇઝરાયલ વચ્ચે કોઈ જ ફરક નથી દેખાતો.’ ■

# ન્યૂ ઝીલૅન્ડે મહિના પછી ફરી ૧૭૫ રન બનાવ્યા અને હવે સાઉથ આફ્રિકાને હરાવ્યું

હૅમિલ્ટનઃ ન્યૂ ઝીલૅન્ડે અહીં મંગળવારે સાઉથ આફ્રિકાને શ્રેણીની બીજી ટી-૨૦માં હરાવીને મહિનાની અંદર ૧૭૫ રનના ટોટલને શુકનિયાળ બનાવી દીધું હતું. ન્યૂ ઝીલૅન્ડે બૅટિંગ મળ્યા બાદ છ વિકેટે ૧૭૫ રન કર્યા હતા જેના જવાબમાં સાઉથ આફ્રિકા માત્ર ૧૦૭ રનમાં આઉટ થઈ જતાં કિવીઓનો ૬૮ રનથી વિજય થયો હતો. ૧૪મી ફેબ્રુઆરીએ ટી-૨૦ વર્લ્ડ કપ દરમ્યાન અમદાવાદની લીગ મૅચમાં ન્યૂ ઝીલૅન્ડે બૅટિંગ મળ્યા પછી સાત વિકેટે ૧૭૫ રન કર્યા હતા, પણ સાઉથ આફ્રિકાએ ત્યારે ૧૭ બૉલ બાકી રાખીને માત્ર ત્રણ વિકેટના ભોગે ૧૭૮ રન બનાવ્યા હતા.

રવિવાર, ૧૫મી માર્ચે સાઉથ આફ્રિકાએ ન્યૂ ઝીલૅન્ડને ૯૧ રનમાં ઑલઆઉટ કર્યા પછી સાત વિકેટે વિજય મેળવીને વર્લ્ડ કપની સેમિ ફાઇનલની હારનો બદલો લઈ લીધો હતો. કિવીઓએ સાઉથ આફ્રિકાને બે જ દિવસમાં પરાજિત કરીને પાંચ ટી-૨૦ મૅચની સિરીઝ ૧-૧થી બરાબરીમાં લાવી દીધી છે. ઓપનર ડેવૉન કૉન્વે (૬૦ રન, ૪૯ બૉલ, બે સિક્સર, પાંચ ફોર) મંગળવારે મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર જીત્યો હતો. ન્યૂ ઝીલૅન્ડના ૧૭૫/૬ના સ્કોરમાં કૉન્વેનું મોટું યોગદાન હતું. જેમ રવિવારે કિવીઓની ટીમના ૯૧ રનના પતનમાં જેમ્સ નીશૅમ ફક્ત ૨૬ રન સાથે ટૉપ-સ્કોરર હતો એમ મંગળવારે સાઉથ આફ્રિકાના ૧૦૭ રનના નાના સ્કોરમાં જ્યૉર્જ લિન્ડે ૩૩ રન સાથે ટૉપ-સ્કોરર હતો. ન્યૂ ઝીલૅન્ડના બે પેસ બોલર લૉકી ફર્ગ્યુસન અને બેન સીઅર્સે ત્રણ-ત્રણ વિકેટ મેળવી હતી. કૅપ્ટન મિચલ સૅન્ટનરે પણ બે વિકેટ લઈને સિરીઝ સમકક્ષ કરાવવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. ■



ડેવૉન કૉન્વે

# સલમાન આઉટ જ હતોઃ એમસીસી

લંડનઃ ક્રિકેટના કાયદા ઘડતી બ્રિટિશ સંસ્થા મૅરિલબૉન ક્રિકેટ ક્લબ (એમસીસી)એ જણાવ્યું છે કે ‘તાજેતરમાં પાકિસ્તાનના સલમાન આગાને રનઆઉટ આપવાનો અમ્પાયરનો નિર્ણય ક્રિકેટના કાયદા અનુસાર જ હતો.’ રિઝવાનના શૉટમાં બૉલ નૉન-સ્ટ્રાઇક એન્ડ પર ક્રીઝની બહાર ઊભેલા સલમાન પાસે આવ્યો અને તે નીચે નમીને બૉલ લઈને બાંગ્લાદેશના બોલર મિરાઝને આપવાના પ્રયાસમાં હતો ત્યારે ખુદ મિરાઝે તેને હડસેલીને બૉલ પોતાના કબજામાં લીધો હતો અને અન્ડરઆર્મ ઍક્શનમાં તેને રનઆઉટ કરી દીધો હતો. ■

---

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| PUP | શિક્ષાત્મક |
| PUPIL | કઠપૂતળી |
| PUPPET | યંત્ર |
| PUMP | કુરકુરિયું |
| PUNITIVE | વિદ્યાર્થી |

### માતૃભાષાની મહેક

નાગ, પાઘ ને પારખું, નાડી ને વળી ન્યાય, તરવું, તંતરવું, તસ્કરવું એ આઠે આપકળાય પંક્તિઓ પણ સમજવા જેવી છે. સાપ પકડવો, પાઘડી બાંધવી, પગલું પારખવું, નાડી જોવી ને ન્યાય કરવો, તરવું, તંત્ર મંત્ર કરવા ને તસ્કરવું (ચોરી કરવી) એક સમયમાં આપકળા એટલે કે પોતાની મેળે શીખાય એવી કળા તરીકે જાણીતી હતી.

### ગુજરાત મોરી મોરી રે

‘જેને માટે જે યોગ્ય હોય એ જ માફક આવે’ એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે ગોઠવી કહેવત જણાવો.

કાલિંગડું હોય બકરીના ન મોંમાં

### ઈર્શાદ

*કઈ અણજાણી લ્હેર મને વ્હાલ કરી ગઈ,*
*હતું અંધારું આભ, ત્યાં ગુલાલ કરી ગઈ!*
*હરીન્દ્ર દવે*

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ■ | ૪ | | | ■ |
| | ■ | ૫ | | ■ | ૬ | | ■ | ■ | ૭ |
| | ■ | | ■ | ૮ | ■ | ૯ | | | |
| ૧૦ | ૧૧ | ■ | ■ | ૧૨ | | | ■ | ■ | |
| ■ | ૧૩ | ૧૪ | | | ■ | ■ | ૧૫ | ૧૬ | |
| ૧૭ | | | ■ | ■ | ૧૮ | | | | ■ |
| | ■ | ■ | ૧૯ | | | ■ | ■ | ૨૦ | ૨૧ |
| ૨૨ | | | | ■ | | ■ | ૨૩ | ■ | |
| | ■ | ■ | ૨૪ | | ■ | ૨૫ | | ■ | |
| ■ | ૨૬ | | | ■ | ■ | ૨૭ | | | |

### આડી ચાવી

૧ પૂરેપૂરું માહિતગાર (૪)
૪ ભય, જોખમ (૩)
૫ શોક, દુઃખ (૨)
૬ દ્વીપ (૨)
૯ હાર (૪)
૧૦ માથું (૨)
૧૨ લપડાક (૩)
૧૩ રણ (૪)
૧૫ અલાયદું, ભિન્ન, જુદું (૩)
૧૭ ભૂખ ન હોવી તે, અણગમો (૩)
૧૮ ધમાધમ, શોરબકોર (૪)
૧૯ ---- કરવો= છાંટવું (૩)
૨૦ રાબ (૨)
૨૨ અણગમતું (૪)
૨૪ દૂબળા ઢોરને --- ઝાઝી (૨)
૨૫ ઘડિયા, પાડા (૨)
૨૬ ધનવાન, આબાદ (૩)
૨૭ વ્યાજે નાણાં આપવા તે (૪)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ | દા | ૨ પ્ર | ૩ ત | ■ | ■ | ૪ મ | ત | લ | ૫ બ |
| હિ | ■ | ૬ જ | મ | ણ | ■ | ઢી | ■ | ■ | ભૂ |
| ૭ ય | ૮ દા | ■ | ન્ના | ■ | ૯ વ્યા | ■ | ૧૦ પા | ૧૧ ૨ | કું |
| ૧૨ ૨ | મ | ણી | ■ | ૧૩ કા | યા | ■ | ૧૪ ખં | ત | ■ |
| ■ | ન | ■ | મ | ■ | ૧૫ મ | ૧૬ રો | ડ | ■ | ■ |
| ■ | ■ | ૧૭ બુ | હા | ૧૮ રી | ■ | પ | ■ | ૧૯ પ | ■ |
| ■ | ૨૦ હી | ૨ | ■ | ૨૧ સા | જા | ■ | ૨૨ ત | ૨ | ૨૩ સ |
| ૨૪ મ | ન | ખો | ■ | ળ | ■ | ૨૫ સો | ■ | ૨૬ વા | ગ |
| હ | ■ | ■ | ૨૭ શી | ■ | ૨૮ સ | બ | ૨૯ ક | ■ | વ |
| ૩૦ દ | ૨ | વે | શ | ■ | ■ | ૩૧ ત | ડ | જો | ડ |

### ઊભી ચાવી

૧ ઘરમાં માટલું વગેરે પાણીનાં વાસણ રાખવાની જગ્યા (૪)
૨ આકાશ (૩)
૩ તમારું (૨)
૪ પંચાત, કડાકૂટ (૪)
૭ નવતર, અદ્‌ભુત (૪)
૮ અત્યાચાર કે જબરદસ્તી કરનારું (૩)
૧૧ શિવનું વાદ્ય (૩)
૧૪ ગમો (૨)
૧૫ પાર, છેડો (૨)
૧૬ ડૂબકાં (૩)
૧૭ અક્ષય, અમર (૪)
૧૮ નિર્મળ, ધોળું (૩)
૧૯ પદ્યરૂપે ગોઠવેલું (૪)
૨૧ છેક ઘસાઇને ખવાઇ ગયેલું હોય તેને સમરાવવું (૪)
૨૩ ઠેસ (૩)
૨૫ દિશાઓ ધૂળથી ભરાય જાય તેવું સખત વાવાઝોડું (૨)

### ઓળખાણ પડી?



શક્તિ અને વિવાદનું કેન્દ્ર બનેલા અને હવાઈ સીમા પર ભારતવાસીઓની રક્ષા કરતા વિશિષ્ટ જેટ ફાઈટર વિમાનની ઓળખાણ પડી?

અ) મિગ બ) સુખોઈ ક) લોકહીડ ડ) રફાલે

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘બાપ આગળ બોકડું ને જંગમાં સિંહ’ વાક્યમાં બોકડું શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) નબળું બ) કકળાટ ક) બકરું ડ) બીમાર

### માઈન્ડ ગેમ

વિશ્વભરમાં વિવિધ પ્રકારના મ્યુઝિયમ જોવા મળે છે. કાર્ટૂનિસ્ટ કે. શંકર પિલ્લઈએ બનાવેલું ઈન્ટરનેશનલ ડોલ્સ મ્યુઝિયમ ક્યાં છે?

અ) ચંદીગઢ બ) બેંગ્લુરુ ક) ત્રિવેન્દ્રમ ડ) નવી દિલ્હી

### સુડોકુ-૯૨૪૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૪ | | | ૬ | | ૮ | | |
| ૨ | ૧ | | ૯ | | ૪ | | ૬ | |
| | | | ૫ | ૭ | | | | |
| ૯ | | ૨ | | | | ૫ | | |
| ૧ | | | | | | | | ૩ |
| | | ૩ | | | | ૧ | | ૬ |
| | | | | ૨ | ૯ | | | |
| | ૯ | | ૮ | | ૫ | | ૨ | ૧ |
| | | ૫ | | ૧ | | | ૭ | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૪૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૮ | ૪ | ૨ | ૭ | ૯ | ૧ | ૫ | ૩ |
| ૨ | ૩ | ૧ | ૪ | ૬ | ૫ | ૭ | ૮ | ૯ |
| ૯ | ૫ | ૭ | ૮ | ૧ | ૩ | ૨ | ૬ | ૪ |
| ૩ | ૭ | ૮ | ૫ | ૯ | ૨ | ૪ | ૧ | ૬ |
| ૧ | ૬ | ૯ | ૭ | ૩ | ૪ | ૮ | ૨ | ૫ |
| ૫ | ૪ | ૨ | ૬ | ૮ | ૧ | ૯ | ૩ | ૭ |
| ૮ | ૯ | ૫ | ૩ | ૨ | ૭ | ૬ | ૪ | ૧ |
| ૪ | ૧ | ૬ | ૯ | ૫ | ૮ | ૩ | ૭ | ૨ |
| ૭ | ૨ | ૩ | ૧ | ૪ | ૬ | ૫ | ૯ | ૮ |

### ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| PURCHASE | ખરીદી |
| PURGE | જુલાબ |
| PURIFY | શુધ્ધીકરણ |
| PURPORT | સારાંશ |
| PURPOSE | હેતુ |

**ગુજરાત મોરી મોરી રેઃ** દળનારીના દીકરા ને નામ પાડ્યું સિકંદરખાન

**ઓળખાણ પડી?** GNAT

**માઈન્ડ ગેમ :** યુએસએ

**ચતુર આપો જવાબ અર્થ જણાવો :** પડછાયો

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) નીતા દેસાઈ (૫) વિપીન શાહ (૬) ભારતી બુચ (૭) નુતન વિપીન શાહ (૮) તાહેર ઔરંગાબાદવાલા (૯) શીરીન ઔરંગાબાદવાલા (૧૦) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૧) શ્રદ્ધા આશર (૧૨) પુષ્પા પટેલ (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) મીનલ કાપડિયા (૧૫) લજિતા ખોના (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) હર્ષા મહેતા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) મહેશ સંઘવી (૨૧) ભરત કજરિયા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) કમલ માતલિયા (૨૬) ભાવના કર્વે (૨૭) જયવંત પદમશી ચિખલ (૨૮) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨૯) વિણા સંપટ (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૨) કિરીટ છેડા (૩૩) અંજુ ટોલિયા (૩૪) અરવિંદ કામદાર (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૭) ડાયના સંતોકે (૩૮) અલકા વાણી (૩૯) નિતીન જયંતિલાલ બજરિયા (૪૦) પ્રવીણ વોરા (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) ડો. પ્રકાશ કટકિયા (૪૪) ધીરેન્દ્ર મુલરાજ (૪૫) પ્રતિમા પમાણી (૪૬) મહેશ દોશી (૪૭) ઈનાક્ષીબેન દલાલ (૪૮) રમેશભાઈ દલાલ (૪૯) હિનાબેન દલાલ

### ભાવનગરમાં ડુપ્લિકેટ ઓઈલના કાળા કારોબારનો પર્દાફાશ

## દિલ્હીથી ડબ્બા અને અમદાવાદથી ઓઈલ મંગાવી ખ્યાતનામ કંપનીઓના નામે વેચાણ થતું હતું


(તસ્વીર - વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરના કુંભારવાડા વિસ્તારમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચ એ ડુપ્લિકેટ એન્જિન ઓઈલ બનાવતી ફેક્ટરી ઝડપી પાડી હતી. અમદાવાદથી સસ્તું ઓઈલ અને દિલ્હી જેવા શહેરોમાંથી જાણીતી કંપનીઓના ખાલી ડબ્બા મંગાવી તેના પર સ્ટીકર લગાડી અસલ તરીકે વેચવાનું મસમોટું કૌભાંડ આચરવામાં આવતું હતું.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર એલ.સી.બી. પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે કુંભારવાડાના પીપર ચોક સામે આવેલા એક મકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો. આ દરોડા દરમિયાન પોલીસે રૂા. ૧.૬૮ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે, જેમાં ડુપ્લિકેટ એન્જિન ઓઈલ, ખાલી ડબ્બા, વિવિધ બ્રાન્ડેડ કંપનીના સ્ટીકરો અને પેકિંગ માટેના મશીનોનો સમાવેશ થાય છે.

પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું કે, આ કાળા કારોબારના મુખ્ય સૂત્રધારો અમિત બચુભાઈ દવે (રહે. શિલ્પીનગર) અને નિકુંજ શાંતિલાલ બારૈયા (રહે. શક્તિનગર) છે. તેઓએ કુંભારવાડામાં એક યુવકની જગ્યા ભાડે રાખી શરૂઆતમાં પોતાની બ્રાન્ડનું ઓઈલ બનાવવાનું શરૂ કર્યું હતું.પરંતુ પોતાની બ્રાન્ડ ન ચાલતા, તેઓએ વધુ નફો કમાવવાની લાલચે હીરો, હોન્ડા, ગલ્ફ, કેસ્ટ્રોલ અને સર્વો જેવી નામાંકિત કંપનીઓના નામે ડુપ્લિકેટ ઓઈલ બનાવવાનું શરૂ કર્યું.તેઓ દિલ્હી અને બોમ્બેથી ૯૦૦ મી.લી.ની ખાલી બોટલો તથા ડુપ્લિકેટ સ્ટીકરો મંગાવતા હતા અને બેરલમાં ભરેલા સસ્તા ઓઈલને મશીન દ્વારા આ બોટલોમાં ભરી, સીલ મારી બજારમાં વેચતા હતા.

આ ફેક્ટરી છેલ્લા છ મહિનાથી કાર્યરત હતી અને અનેક વાહન ચાલકો તેમજ ગેરેજ સંચાલકો સાથે વિશ્વાસઘાત કરી ડુપ્લિકેટ ઓઈલ પધરાવવામાં આવતું હતું. પોલીસે બંને આરોપીઓ પાસે સમગ્ર પ્રક્રિયાનું રિહર્સલ કરાવી તેનો વીડિયો પણ શૂટ કર્યો હતો. પોલીસે ઓઈલના સેમ્પલ લઈ એફ.એસ.એલ.માં મોકલી આપ્યા છે. એલ. સી.બી. પી.આઈ. એ.આર. વાળાના જણાવ્યા અનુસાર, રિપોર્ટ આવ્યા બાદ આરોપીઓ વિરુદ્ધ આગળની કડક કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ■

## અબડાસાના ખાનાયના કુખ્યાત બુટલેગર જીતુભા સોઢા વિરુદ્ધ પાસા તળે કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં દારૂબંધીના કાયદાનું ઉલ્લંઘન કરનારા અસામાજિક તત્ત્વો સામે પોલીસે લાલ આંખ કરી હતી. અબડાસા તાલુકાના ખાનાય ગામના નામચીન બુટલેગર જિતેન્દ્રસિંહ ઉર્ફે જીતુભા મંગલસિંહ સોઢા વિરુદ્ધ પાસા હેઠળ કાર્યવાહી કરી તેને અમદાવાદની સાબરમતી મધ્યસ્થ જેલમાં ધકેલી દેવામાં આવ્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, જીતુભા સોઢા શરાબના ગેરકાયદેસર વેપારમાં લાંબા સમયથી સક્રિય હતો. તેની ગુનાહિત કુંડળી જોતા જણાય છે કે, કચ્છ જિલ્લાના અલગ-અલગ પોલીસ મથકોમાં તેની વિરુદ્ધ અત્યાર સુધીમાં ૨૯ જેટલા પ્રોહિબિશનના ગુનાઓ નોંધાઈ ચૂક્યા હતા. આ પરિસ્થિતિને ધ્યાને લઈ, સ્થાનિક ગુનાશોધક શાખા દ્વારા આ રીઢા બૂટલેગરની અસામાજિક પ્રવૃત્તિઓ પર લગામ કસવા માટે પાસાની દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. આ દરખાસ્ત જિલ્લા મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવતા, તેમણે ગુનાની ગંભીરતાને જોઈ તેને મંજૂરી આપી હતી. દરખાસ્ત ગ્રાહ્ય રહેતાની સાથે જ એલસીબીની ટુકડીએ જીતુભાની અટકાયત કરી તેને ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે રવાના કરી દીધો હતો. કચ્છ પોલીસની આ કડક કાર્યવાહીથી જિલ્લાના અન્ય બુટલેગરો અને અસામાજિક તત્ત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. ■

## મોટા-ખાવડાના ત્રણ વર્ષ પૂર્વેના યુવાનના ચકચારી હત્યાકેસમાં બે સગા ભાઈને આજીવન કારાવાસની સજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના મોટા-ખાવડા ગામે ત્રણ વર્ષ પૂર્વે બનેલી એક ચકચારી હત્યાની ઘટનામાં નામદાર અદાલતે ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. બહેન સાથેના આડાસંબંધની આશંકામાં ૨૨ વર્ષીય યુવાનની કરપીણ હત્યા કરનારા બે સગા ભાઈઓને કોર્ટે આજીવન કેદની સખત સજા ફટકારી હતી.

આ કેસની વિગતો મુજબ, મૃતક સોયબ ઓસ્માણ સમાના દાદા હુસેન સિધિક સમાનો મોબાઈલ ફોન ખોવાઈ ગયો હતો. ગત તા. ૨૪-૫-૨૦૨૩ના રોજ સોયબે તે નંબર પર ફોન લગાવ્યો ત્યારે તેની રિંગ આરોપીઓ અસલમ અને અલ્તાફની બહેન પાસે રહેલા મોબાઈલમાં વાગી હતી. આ ફોન કોલ જોઈને બંને ભાઈઓ ઉશ્કેરાઈ ગયા હતા અને સોયબને તેમની બહેન સાથે આડા સંબંધ હોવાની શંકા દ્રઢ બની હતી.

આ ઝનૂનમાં બંને ભાઈઓ સોયબના ઘરે પહોંચ્યા હતા. અસલમે સોયબને પકડી રાખ્યો હતો, જ્યારે અલ્તાફે છરીના ઘા ઝીંકીને તેની નિર્મમ હત્યા કરી નાખી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, મૃતક સોયબ તેના અંધ દાદા અને વિકલાંગ પિતાનો એકમાત્ર સહારો હતો.

ખાવડા પોલીસે આ મામલે ગુનો નોંધી સચોટ તપાસ બાદ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. આ કેસ ભુજના સાતમા અધિક સેશન્સ જજ એન.પી. રાડિયાની અદાલતમાં ચાલ્યો હતો. કેસની ગંભીરતાને ધ્યાને લેતા ૪૫ દસ્તાવેજી પુરાવાઓની ચકાસણી તેમ જ ૨૫ સાક્ષીઓની જુબાની સહિતના પુરાવાઓ તપાસીને નામદાર કોર્ટે ૧૦૪ પાનાના વિસ્તૃત ચુકાદામાં આરોપી અસલમ અભેરાજ સમા અને અલ્તાફ અભેરાજ સમાને તકસીરવાન ઠેરવી આજીવન કેદની સજા ફટકારી છે. આ ઉપરાંત, બંનેને રૂ. ૫,૦૦૦નો દંડ અને દંડ ન ભરે તો વધુ ત્રણ માસની સાદી કેદનો હુકમ કર્યો હતો. આ ચકચારી કેસમાં સરકાર પક્ષે અધિક જિલ્લા સરકારી વકીલ સુરેશ એ. મહેશ્વરીએ ધારદાર દલીલો કરી હતી. ■

## કચ્છમાં તસ્કરોનો આતંક યથાવત્: ધોળા દિવસે બંધ ઘરના તાળાં તોડી ચાર લાખની રોકડની ચોરીથી ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: તાલુકાના માનકૂવા ગામે તસ્કરોએ ધોળા દિવસે ચોરીની એક મોટી ઘટનાને અંજામ આપ્યો હતો. ગામના બાવળવાળી વિસ્તારમાં આવેલા એક બંધ મકાનને નિશાન બનાવીને તસ્કરો કબાટમાંથી રૂ. ચાર લાખની રોકડ રકમ ચોરી કરી ફરાર થઈ જતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, માનકૂવાના બાવળવાળી વિસ્તારમાં રહેતા ૬૦ વર્ષીય વૃદ્ધા રતનબેન મનજી દબાસિયા આજે સવારે છ વાગ્યાના અરસામાં પોતાના ઘરને તાળું મારી પુત્રી નીતાની વાડીએ કામ અર્થે ગયા હતા. આ સમયગાળા દરમિયાન મકાન બંધ હોવાનો લાભ ઉઠાવી તસ્કરોએ ધોળા દિવસે ઘરના મુખ્ય દરવાજાના તાળાં તોડી અંદર પ્રવેશ કર્યો હતો.

બપોરે ૧૨ વાગ્યાની આસપાસ ફરિયાદીના જમાઈ વાલજી પુજાણી પર તેમના મિત્ર રમેશ ભુડિયાનો ફોન આવ્યો હતો, જેમાં રતનબેનના ઘરનો દરવાજો ખુલ્લો હોવાની અને ચોરી થઈ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. આ સમાચાર મળતા જ રતનબેન અને તેમના જમાઈ તુરંત ઘરે દોડી આવ્યા હતા.

ઘરે પહોંચતા જ જાણવા મળ્યું હતું કે, ઘરનો સરસામાન વેર-વિખેર પડ્યો હતો અને કબાટના દરવાજા પણ તૂટેલા હતા. તપાસ કરતા કબાટમાં રાખેલા રોકડા રૂ. ૪ લાખ ગાયબ જણાયા હતા. ઉલ્લેખનીય છે કે, રતનબેને બે સપ્તાહ પહેલા જ બેંકમાંથી ત્રણ લાખ રૂપિયા ઉપાડી ઘરે રાખ્યા હતા, જે અન્ય એક લાખની બચત સાથે ચોરાઈ ગયા છે.

સવારે છ થી બપોરે ૧૨ વાગ્યાના ટૂંકા ગાળામાં થયેલી આ ચોરી અંગે માનકૂવા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી, ઘટનાસ્થળની મુલાકાત લઈ આગળની તપાસ હાથ ધરી છે. ધોળા દિવસે થયેલી આ ચોરીના પગલે ગ્રામજનોમાં ભય અને ફફડાટની લાગણી ફેલાઈ હતી. ■

## મુંદરાના ભુજપુરમાં એલસીબીએ પાંચ લાખનો શરાબ ઝડપી પાડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના મુંદરા તાલુકાના મોટી ભુજપુર ગામે સ્થાનિક ગુન્હાશોધક શાખાએ પૂર્વબાતમીના આધારે દરોડો પાડી એક શખ્સને શરાબના જથ્થા સાથે ઝડપી પાડ્યો છે. આરોપીએ વિદેશી દારૂનો જથ્થો પોતાની વાડીના બાથરૂમમાં અને હ્યુન્ડાઇ ક્રેટા કારમાં છુપાવ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, તાલુકાના ઝરપરાના કંઢોલ વાડી વિસ્તારનો રહેવાસી સવા ઉર્ફે સવરાજ હભુ બાતિયા (ગઢવી) મોટી ભુજપુર ગામે નર્મદા કેનાલ નજીક આવેલી તેની વાડીમાં બાથરૂમમાં રાખેલા શરાબના જથ્થાને પોતાની સફેદ રંગની કાર અને સગેવગે કરવાની ફિરાકમાં હોવા અંગે મુંદરા વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહેલી એલસીબીની ટીમને ચોક્કસ બાતમી મળી હતી. વાડીમાં પોલીસે અચાનક દરોડો પાડતા આરોપી સવાએ નાસવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ પોલીસે તેને કોર્ડન કરીને ઝડપી લીધો હતો. તપાસ દરમિયાન તેની કાર અને વાડીમાં આવેલા બાથરૂમમાંથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી શરાબની ૬૪ બોટલો મળી આવી હતી.

પોલીસે આ કામગીરી દરમિયાન વિદેશી શરાબની ૬૪ બોટલ કિંમત રૂ. ૫,૦૭,૭૭૬, હ્યુન્ડાઇ ક્રેટા કાર રૂ. ૧૦,૦૦,૦૦૦ મોબાઈલ ફોન રૂ.૫,૦૦૦, રોકડ રકમ રૂ.૯૦૦ સહીત કુલ રૂ. ૧૫,૧૩,૬૭૬નો મુદ્દામાલ અંકે કરી લીધો હતો.

આ મામલે મુંદરા પોલીસ મથકે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને શરાબનો આ જથ્થો ક્યાંથી આવ્યો હતો તથા અન્ય કોણ સંડોવાયેલું છે તે દિશામાં તપાસ તેજ કરવામાં આવી છે. ■

## રાપર નજીક મોટરસાઇકલની ટક્કરે સાત વર્ષના માસૂમ બાળકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના રાપર નજીક રોડ પર પગપાળા જઈ રહેલા સાત વર્ષના બાળકને પૂરપાટ ઝડપે આવતી મોટરસાઇકલે હડફેટે લેતા તેનું કરુણ મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ, રાપરના પીરધાર વિસ્તારમાં રહેતા અને પાલનપર રોડ પર આવેલી ગણેશ કારોત્રાની વાડીમાં ખેતીકામ કરતા રમેશ છગન દેવીપૂજક અને તેમના બહેન વાડીએ હતાં ત્યારે તેમના બે પુત્રો પ્રવીણ (૧૨ વર્ષ) અને શૈલેષ (૭ વર્ષ) ઘરેથી ટિફિન લઈને વાડીએ ગયા હતા. ટિફિન આપીને બંને ભાઈઓ જ્યારે પગપાળા પરત ઘરે જઈ રહ્યા હતા, ત્યારે સામેથી પૂરપાટ ઝડપે આવતી મોટરસાઇકલના ચાલક રમેશ ગાંગજી વાવિયાએ શૈલેષને ટક્કર મારી હતી. ગંભીર રીતે ઘવાયેલા શૈલેષને તાત્કાલિક તે જ મોટરસાઇકલ પર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. અકસ્માત સર્જીને નાસી જવાના બદલે ચાલક બાળકને હૉસ્પિટલ લઈ ગયો હોવા છતાં માસૂમનો જીવ બચી શક્યો નહોતો. ■

## ગાંધીધામ ભાજપ નેતાની આત્મહત્યા મામલે અમદાવાદથી વધુ એક આરોપી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગાંધીધામ શહેર ભાજપના યુવા મંત્રી દીપેશ ત્રિપાઠીએ વ્યાજખોરોના ત્રાસથી કરેલી આત્મહત્યાના મામલે આદિપુર પોલીસે તપાસનો ધમધમાટ તેજ કર્યો છે. રાજ્યભરમાં ચકચારી બનેલા આ પ્રકરણમાં સ્થાનિક ગુનાશોધક શાખાએ અમદાવાદના નરોડા વિસ્તાર ખાતેથી ચોથા આરોપીની ધરપકડ કરી હતી. ગત પાંચમી માર્ચના રોજ ગાંધીધામના યુવા નેતા દીપેશ ભટ્ટ (ત્રિપાઠી) વ્યાજખોરોના અસહ્ય ત્રાસથી કંટાળી ગળા ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. મૃત્યુ પૂર્વે દીપેશે એક સ્યુસાઇડ નોટ અને વીડિયો બનાવી પોતાની વ્યથા ઠાલવી હતી, જેમાં વ્યાજખોરીના આ વિષચક્રમાં સંડોવાયેલા ૧૮ શખ્સોના નામનો ઉલ્લેખ કર્યો હતો. મૃતકની પત્ની દીપાબેન ત્રિપાઠીએ આદિપુર પોલીસ મથકે ૧૮ લોકો વિરુદ્ધ નોંધાવેલી ફરિયાદ બાદ પોલીસે ગુનાહિત કાવતરા અને મજબૂર કરવાના આરોપ હેઠળ કાર્યવાહી હાથ ધરી હતી. આ કેસમાં અગાઉ એક શિક્ષિકા સહિત ત્રણ આરોપીઓની અટકાયત કરવામાં આવી હતી તેવામાં ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી સ્થાનિક ગુનાશોધક શાખાએ ચોથા આરોપી એવા મુંદરાના મહાવીરનગરમાં રહેતા વિપુલ હરસુખલાલ રૂડાણીને અમદાવાદના નરોડા વિસ્તારમાંથી ઝડપી લઈને તેને આદિપુરના પોલીસ મથકને સોંપવામાં આવ્યો છે. વ્યાજખોરીના આ રેકેટમાં સંડોવાયેલા બાકીના ૧૪ આરોપીઓને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટુકડીઓ બનાવવામાં આવી હોવાનું નાયબ પોલીસ અધિક્ષકે જણાવ્યું હતું. ■

## રાપરના આડેસર પાસે ચોખાની આડમાં શરાબ ઘુસાડવાનો મોટો કારસો નિષ્ફળ: ₹ ૭૮.૯૬ લાખનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના રાપર તાલુકાના આડેસર નજીક આવેલી સંવેદનશીલ ચેકપોસ્ટ પરથી પોલીસે એક ટ્રકમાં ચોખાની આડમાં છુપાવીને લઈ જવાતો લાખો રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. આડેસર પોલીસે આશરે દોઢ-બે વર્ષના લાંબા ગાળા બાદ ચેકપોસ્ટ પરથી આટલી મોટી માત્રામાં શરાબનો જથ્થો પકડી પાડવામાં સફળતા મેળવી છે. આ મામલે પોલીસે બે શખ્સોની ધરપકડ કરી છે, જ્યારે દારૂ મગાવનારા ભુજ, કેરા અને આદિપુરના શખ્સોના નામ ખૂલ્યાં હોવાનું જાણવા મળ્યું હતું. પ્રાપ્ત વિગતો અનુસાર, આડેસર પોલીસ મથકના પી.આઈ. વી.એ. સેંગમને પૂર્વબાતમી મળી હતી કે સાંતલપુર તરફથી આવતી એક ટ્રકમાં મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો કચ્છમાં ઘુસાડવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે ચેકપોસ્ટ પર વોચ ગોઠવી હતી. દરમિયાન, શંકાસ્પદ ટ્રકને અટકાવી તેની તલાશી લેવામાં આવી હતી.

પ્રાથમિક તપાસમાં ટ્રકના ઠાંઠામાં ચોખાની બોરીઓ ભરેલી જોવા મળી હતી, પરંતુ બોરીઓ હટાવતા નીચેથી રોયલ સ્ટેગની (૭૫૦ એમ.એલ) ૩૪૪૪ બોટલ, સુપર જુબિલીની ૧૭૮૮ બોટલ, આ જ બ્રાન્ડના ૧૮૦ એમએલના ૭૬૮૦ ક્વાર્ટરિયા સહિત કુલ રૂ.૭૮,૯૬,૦૦૦નો વિદેશી શરાબનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ટ્રકમાં સવાર હરિયાણાના નુરદીન મંગતુ ડુમ (મીરાસી) અને શ્રી ભગવાન ઉદયસિંઘની અટકાયત કરી હતી. પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, આ શખ્સોએ અગાઉ પણ આ રીતે દારૂની ખેપ મારી હતી. ગત ફેબ્રુઆરી માસમાં પણ હરિયાણાના યોગેશ અને વિક્રાંત સિંઘના કહેવાથી તેઓ ચોખાની આડમાં દારૂ ભરી મુંદરા ઝીરો પોઈન્ટ પહોંચ્યા હતા, જ્યાં કેરાના કુખ્યાત બૂટલેગર અનોપસિંહ રાઠોડ અને ભુજ-આદિપુરના અન્ય સાગરીતોએ દારૂનો જથ્થો સ્વીકાર્યો હતો. આ વખતે પણ હરિયાણાથી ભરાયેલો આ માલ અનોપસિંહ રાઠોડ (કેરા), નવઘણ રાજગોર (ભુજ), દેવો કાપડી (આદિપુર) અને ગોપાલસિંહ વાઘેલા (ભુજ) સુધી પહોંચાડવાનો હતો. જોકે, જથ્થો પહોંચે તે પહેલા જ પોલીસે તેને ઝડપી લીધો હતો. આડેસર પોલીસે પકડાયેલા બંને શખ્સો સહિત યોગેશ, રવિ, વિક્રાંત, અનોપસિંહ અને અન્ય સાગરીતો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ■

## કચ્છના સીમાડાઓમાં ઘાસ ખૂટતાં પશુધનના નિભાવ માટે માલધારીઓમાં ચિંતા: ખેતરો બન્યા સહારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: માર્ચ મહિનાની શરૂઆત સાથે જ ઉનાળાએ પોતાનો આકરો મિજાજ બતાવવાનું શરૂ કરી દીધું છે. વધતા જતા તાપમાનની સાથે જ સીમાડાઓમાં જળ સ્ત્રોતો સુકાઈ રહ્યા છે અને ઘાસચારો ખૂટી જતાં માલધારીઓ ભારે મૂંઝવણમાં મુકાયા છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉનાળાના પ્રારંભે જ પશુપાલકો માટે પાણી અને ચારાની સ્થિતિ વિકટ બનતા પશુઓના નિભાવનો પ્રશ્ન ગંભીર બન્યો છે.

કચ્છના નખત્રાણા પંથક સહિત નેત્રા વિસ્તારમાં મોટી સંખ્યામાં દુધાળા પશુઓ છે. હાલમાં ગૌચર અને સીમાડાઓમાં ઘાસચારો સંપૂર્ણપણે સુકાઈ ગયો છે, વળી ગૌચરની જમીનો પર થયેલા આડેધડ દબાણોને કારણે ચરિયાણ માટેની જગ્યાઓ ઘટી રહી છે. આ કપરી પરિસ્થિતિમાં માલધારીઓએ હવે ખેતરો ભણી પ્રયાણ કર્યું છે. હાલ રવી પાક (શિયાળુ પાક) જેવા કે ઘઉં અને રાયડાની લણણી પૂર્ણ થઈ હોવાથી, માલધારીઓ પોતાના ગાય, ભેંસ અને ઘેટાં-બકરાના ઝૂંડ સાથે ખેતરોમાં પડાવ નાખી રહ્યા છે. પાકની કાપણી બાદ બચેલા અવશેષો અને કુદરતી રીતે ઊગેલું ઘાસ હાલ પશુઓ માટે મુખ્ય ખોરાક બની રહ્યો છે. ખેડૂતો પણ માલધારીઓને ખેતરમાં 'ભેલાણ' (પશુઓને ચરાવવા) માટે છૂટ આપે છે. આ પ્રક્રિયા પાછળ એક મહત્ત્વનું કારણ જમીનની ફળદ્રુપતા પણ છે. શિયાળુ પાક લીધા બાદ અને ચોમાસુ વાવેતર પહેલા જમીનને તપાવવા માટે ખેતરો ખાલી રાખવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન પશુઓ ખેતરમાં રહેવાથી તેમના મળ-મૂત્ર દ્વારા જમીનને નૈસર્ગિક ખાતર મળે છે, જે ખેડૂતો માટે ફાયદાકારક સાબિત થાય છે.

સ્થાનિક માલધારીઓમા જણાવ્યા અનુસાર, હાલમાં ટાંકા અને અવાડાઓ દ્વારા પીવાનું પાણી તો મળી રહે છે, પરંતુ મુખ્ય સમસ્યા ઘાસચારાની છે. માલધારીઓ ચિંતિત છે કે જો માર્ચ મહિનામાં જ આવી સ્થિતિ હોય, તો એપ્રિલ અને મે મહિનાની કાળઝાળ ગરમીમાં પશુઓને જીવાડવા કેમ? સીમાડામાં ઘાસના અભાવે ખેતરોનો આશરો કેટલા સમય સુધી ચાલશે તે પણ એક મોટો પ્રશ્ન છે. ■

## ભાવનગરમાં ખેડૂત પાસે લેણા પૈસા માંગતા ભાગિયાએ ત્રણ શખ્સો સાથે મળી ₹ ૩ લાખના દાગીનાની લૂંટ કરી ઢોર માર માર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના નાગધણીબા ગામે એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો, જ્યાં પોતાના જ ખેતરમાં ભાગિયા તરીકે કામ કરતા શખ્સ પાસે બાકી નીકળતા પૈસાની માગણી કરવી ખેડૂતને ભારે પડી છે. ભાગિયાએ અન્ય ત્રણ શખ્સો સાથે મળી ખેડૂતને રસ્તામાં આંતરી, જીવલેણ હુમલો કરી રૂ.૩ લાખની મતાની લૂંટ ચલાવી ફરાર થઈ જતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર જિલ્લાના નાગધણીબા ગામના રહેવાસી અશોકભાઈ ઇટાલિયાએ તેમના ખેતરમાં સંજયભાઈ પરમાર નામના શખસને ચાર મહિના માટે ભાગિયા તરીકે રાખ્યો હતો. ખેતીકામ પૂર્ણ થયા બાદ હિસાબ કરતા સંજયભાઈ પાસેથી અશોકભાઈને રૂ.૧૫,૫૦૦ લેવાના નીકળતા હતા. આ રકમની અવારનવાર ઉઘરાણી કરવા છતાં સંજયભાઈએ પૈસા આપવાને બદલે ફોન પર અભદ્ર ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

અશોકભાઈ પોતાના ગામ નાગધણીબાથી ભંડારિયા તરફ જઈ રહ્યા હતા ત્યારે સંજયભાઈ અને તેના અન્ય ત્રણ સાથીદારોએ અશોકભાઈની ગાડી આંતરી હતી. આરોપીઓએ અશોકભાઈને ગાડીમાંથી બહાર ખેંચી ઢોર માર માર્યો હતો અને તેમના ગળામાં રહેલ સોનાનો ચેન તથા હાથની બે સોનાની વીંટી, જેની અંદાજિત કિંમત રૂ.ત્રણ લાખ છે, તેની લૂંટ ચલાવી હતી.

ઇજાગ્રસ્ત ખેડૂત અશોકભાઈને તાત્કાલિક સારવાર અર્થે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ વરતેજ પોલીસે ગુનો નોંધી આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. બીજી તરફ, ખેડૂત પર થયેલા હુમલાના સમાચાર વાયુવેગે પ્રસરતા પાટીદાર સમાજમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

સુરતથી પાટીદાર અગ્રણી વિજય માંગુકિયા સહિત ભાવનગર જિલ્લાના આજુબાજુના ગામોમાંથી મોટી સંખ્યામાં સમાજના લોકો હૉસ્પિટલ ખાતે ઊમટી પડ્યા હતા. આગેવાનોએ પીડિત ખેડૂતને સાંત્વના પાઠવી હતી અને આવા અસામાજિક તત્વો સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવાની માગ કરી છે. હાલ પોલીસે લૂંટ અને હુમલાની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ■

## ભાવનગરમાં તા.૨૧ અને ૨૨ માર્ચના રોજ દ્વિ-દિવસીય 'મિલેટ એક્સ્પો' યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: મહાનગરપાલિકા ખાતે મ્યુનિસિપલ કમિશનર ડો.નરેન્દ્રકુમાર મીનાના અધ્યક્ષસ્થાને 'મિલેટ એક્સ્પો-૨૦૨૬'ના આયોજન અંગે બેઠક યોજાઈ હતી. મ્યુનિસિપલ કમિશનરે માહિતી આપતાં જણાવ્યું હતું કે, મિલેટ અંગે ખેડૂતો તેમ જ નાગરિકોમાં વ્યાપક જનજાગૃતિ વધારવાના હેતુસર ભાવનગરના જવાહર મેદાન ખાતે તા.૨૧ અને ૨૨ માર્ચ દરમિયાન દ્વિ-દિવસીય 'મિલેટ એક્સ્પો-૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું છે. આ એક્સ્પોમાં રાગી, કાંગ, બાજરી સહિતના વિવિધ મિલેટ આધારિત ઉત્પાદનો, લાઈવ ફૂડ સ્ટોલ તેમ જ પ્રાકૃતિક કૃષિ આધારિત નવીન પ્રોડક્ટ્સનું પ્રદર્શન તથા વેચાણ કરવામાં આવશે. આ ઉપરાંત, મિલેટના પોષણમૂલ્ય અને ઉપયોગિતા અંગે જનજાગૃતિ ફેલાય તે માટે વિવિધ માહિતીપ્રદ પ્રવૃત્તિઓ પણ યોજાશે.

મ્યુનિસિપલ કમિશનરે સંબંધિત અધિકારીઓને સોંપાયેલી કામગીરી નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા તથા સમગ્ર આયોજન સુચારુ અને અસરકારક બને તે માટે જરૂરી માર્ગદર્શન અને દિશાનિર્દેશ આપ્યા હતા.

ઇન્ચાર્જ જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી મહમદ રિઝવાન ઘાંચીએ જણાવ્યું હતું કે, એક્સ્પોમાં મિલેટ તથા પ્રાકૃતિક કૃષિ આધારિત અંદાજે ૫૦ જેટલાં સ્ટોલ્સ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે, જે નાગરિકો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. ■

## ભાવનગર જિલ્લા પંચાયતના વહીવટદાર તરીકે કલેક્ટરની નિમણૂક

### ૧૦ તાલુકા પંચાયતમાં પણ પ્રાંત અધિકારીઓ હોદ્દો સંભાળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લા પંચાયત તેમ જ જિલ્લાની ૧૦ તાલુકા પંચાયતની પાંચ વર્ષની મુદત તા. ૧૭ માર્ચના રોજ પૂર્ણ થઈ હતી. પંચાયતોમાં નવી ચૂંટણીઓ ન યોજાય અને પ્રથમ બેઠક ન મળે ત્યાં સુધી વહીવટી પ્રક્રિયા ખોરવાય નહીં તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા વહીવટદારોની નિમણૂક કરવામાં આવી હતી, જે અંતર્ગત ભાવનગર જિલ્લા પંચાયતના વહીવટદાર તરીકે ભાવનગર જિલ્લા કલેક્ટરની વરણી કરવામાં આવી હતી. ભાવનગર જિલ્લા પંચાયતની વર્તમાન ટર્મની પ્રથમ બેઠક તા. ૧૮મી માર્ચ ૨૦૨૧ના રોજ મળી હતી, જેની પાંચ વર્ષની મુદત આજે તા. ૧૭ માર્ચના રોજ પૂર્ણ થઈ છે. આથી વહીવટદાર તરીકે જિલ્લા કલેક્ટર હોદ્દો સંભાળશે. તદુપરાંત, જિલ્લાની વિવિધ તાલુકા પંચાયતોમાં પણ પ્રાંત અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે, જેમાં વલ્લભીપુર તાલુકા પંચાયતમાં સિહોર પ્રાંત અધિકારી, સિહોર તાલુકા પંચાયતમાં વલ્લભીપુર નર્મદા પ્રોજેક્ટના એસ.એલ.એ.ઓ., જેસર તાલુકા પંચાયતમાં મહુવા પ્રાંત અધિકારી અને પાલીતાણા તેમ જ ગારિયાધાર તાલુકા પંચાયતમાં પાલીતાણા પ્રાંત અધિકારીને વહીવટદાર તરીકે નિયુક્ત કરાયા છે. આવી જ રીતે, ભાવનગર અને ઘોઘા તાલુકા પંચાયતનો કાર્યભાર ભાવનગર ગ્રામ્ય પ્રાંત અધિકારી સંભાળશે. જ્યારે મહુવા તાલુકા પંચાયતમાં મહુવા પ્રાંત અધિકારી, ઉમરાળા તાલુકા પંચાયતમાં સિહોર પ્રાંત અધિકારી અને તળાજા તાલુકા પંચાયતમાં તળાજા પ્રાંત અધિકારીની નિમણૂક કરવામાં આવી છે. ■